॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી

## ૧૧-૧૨



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧૧

## ચીખોદરા (જિ. ખેડા) મુકામે થયેલા એક ઉત્સવ પ્રસંગ વેળાની પૂ. શ્રીમોટાની ટેપ-રેકૉર્ડેડ વાણી

### પેરેસાઇટસ્ સાધુ સંન્યાસીઓ કંઈ નહિ તો હિંદુઓને ખ્રિસ્તી-મુસ્લિમ થતા અટકાવે

અમે તો સાહેબ Parasites–પેરેસાઈટસ્ એટલે સાહેબ તમને ગુજરાતીમાં કહું કે જેને જોયું હોય તે સમજે. જે ઝાડ પર ચઢે એ ઝાડને ખાઈ જાય. તે અમે એવા Parasites–પારકાં ઉપર જીવનારા લોકો એનો વિશેષ ધર્મ છે. સમાજ પાસેથી એ બધું ખાય છે. સમાજ પાસેથી એ કહે કે *હમકો હમારા ભગવાન દેતા હૈ. બ્રહ્મ દેતા હૈ. કિધર બ્રહ્મ હૈ તેરા ?* સમાજ પાસેથી ખાય છે ને સમાજ પાસેથી મેળવે છે. **એ સમાજનું ઉત્તમમાં ઉત્તમ પુનર્જીવન પ્રગટે, ઉત્સાહ, સાહસ, હિંમત, ધીરજ આવા ગુણ પ્રગટે એ કામ કરવાનું અને એમ ના કરે તો હિંદુ ધર્મની રક્ષા થાય એ તો કરે. કે આ ખ્રિસ્તીઓ અને મુસલમાન થતા અટકાવે. એ મારી સાધુ સમાજને પ્રાર્થના છે. કે અલ્યા ભઈ તમે જાગો, કાં તમે તમારાં કાન આંખ ખોલો જરા. કે તમે આટલું તો કરો. આ આચાર્યો હિંદુ ધર્મના સંપ્રદાયના આચાર્યો ગાદી પર બેસી રહે એ હવે નહિ ચાલે. એક કાળ આવશે તે લેખાં લેવાશે.**

**— મોટા**

સંપાદક :

**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥


| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **ટ્રસ્ટીમંડળ**<br>હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)<br>કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,<br>જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.<br>ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬<br>મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦<br>E-mail : hariommota1@gmail.com<br>website : www.hariommota.org |


© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ


આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| પૃષ્ઠ | : | ૧૦૧ |
| વેચાણ કિંમત | : | રૂ. ૧૦/- |
| પ્રાપ્તિસ્થાન | : | હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.<br>હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪ |
| મુદ્રણશુદ્ધિ | : | શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮ |
| ડિઝાઈનર | : | મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩ |
| ટાઈપસેટિંગ | : | અર્થ કૉમ્પ્યૂટર<br>૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,<br>ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪<br>મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪ |
| મુદ્રક | : | સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.<br>સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,<br>અમદાવાદ-૩૮૦ ૦૨૨.<br>ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧ |

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે, તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

શ્રીમોટાવાણી શ્રેણીનાં પુસ્તક પ્રકાશનનો મૂળભૂત હેતુ **મોટા**ની અપ્રસિદ્ધ વાણીની આવી પ્રાપ્ય કૅસેટ્સ કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં તેને ગ્રંથસ્થ કરી લેવાનો.

શ્રીમોટાવાણીના આ પુસ્તક પ્રકાશનનો ખર્ચ યુ.એસ.એ.માં નિવાસ કરતી એક વ્યક્તિ તરફથી મળ્યો છે, કે જેઓ પૂ. શ્રીમોટાના કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવેલ નથી. માત્ર એક સંતનું સાહિત્ય પ્રગટ થાય તે હેતુસર મદદ કરેલ છે, તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. **મોટાનું આ કામ કરવાનો મારા એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ. મોટાનું આ કામ એ સમાજનું કામ છે.** હું પણ સમાજનું એક અંગ છું તેથી સમાજ પ્રત્યેની મારી ફરજરૂપે આ કાર્ય મેં ઉપાડ્યું છે. **તો મોટાના આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઈચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય તો તે પોતાનો સાથ-સહકાર વિના સંકોચે આપી શકે છે.**

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના નાદુરસ્ત શરીરની સેવા ખરી તત્પરતાથી કરી છે એવા ....

**સ્વ. ડૉ. શ્રી આર. કે. દેસાઈ સાહેબ** (સુરત)
**સ્વ. ડૉ. મલેક સાહેબ** (રાંદેર)
**સ્વ. ડૉ. જેભાઈ સેલર** (રાંદેર) ને
સસ્નેહ સમર્પણાંજલિ પાઠવીએ છીએ.

**યશવંત એ. પટેલ**
**ઈંદ્રવદન શૅરદલાલ**

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રૅકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરૅકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ થનાર
સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી ધનેશકુમાર અશોકભાઈ પૂજારા**
તથા
**શ્રીમતી રીનાબહેન ધનેશકુમાર પૂજારાને**
'શ્રીમોટાવાણી ૧૧-૧૨' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ

૧. સરકારી વહીવટમાં—કચેરીઓમાં ગરીબોને
ધક્કે ના ચઢાવો .................................. ૧૦

૨. વડોદરાની કસ્ટમ કચેરીનો શ્રીમોટાનો અનુભવ...... ૧૦

૩. વગર પૈસે ગરીબી હઠાવો—ગરીબોને મહત્ત્વ આપો .... ૧૧

૪. સામ્યવાદને ખાળવા માટે સ્વાર્થ ઓછો કરો ......... ૧૧

૫. ઘરેણાંની માગણી સમાજમાં સારાં કામો કરવાં માટે .. ૧૨

૬. તમારા પોતાના હિતને માટે સ્વાર્થ મોળો પાડો ...... ૧૩

૭. પોતાના કલ્યાણ માટે તો પરમાર્થ કરો............. ૧૪

૮. 'કર્મગાથા'માં ઠક્કરબાપાની પ્રસ્તાવનાઃ
**મોટા**ના સેવાકાર્યનું પ્રમાણપત્ર..................... ૧૫

૯. કલ્પિત માતાઓને છોડી વાસ્તવિક
ભારતમાતાની સેવાભક્તિ કરો .................... ૧૫

૧૦. ભારતમાતા પરત્વેની ફરજ પ્રત્યે જાગ્રત થાવ ....... ૧૬

૧૧. ચિરંતન મૌલિક સાહિત્યની રચના માટેના પ્રયત્નો ..... ૧૭

૧૨. ગુજરાતી ભાષામાં વ્યુત્પત્તિશાસ્ત્ર ને વ્યાકરણનાં
પુસ્તકોની ઊણપ દૂર કરાવી...................... ૧૮

૧૩. યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશનને રીસર્ચ ફાઉન્ડેશન માટે
લાખોનાં દાનની યોજના.......................... ૧૯

૧૪. **મોટા**નો બળાપો : સ્વજનો પુસ્તકો ખરીદે તો શું
પણ વેચી આપતાં પણ નથી ...................... ૧૯

૧૫. મૌલિક કામો જ કરવાં—
શ્રીસદ્‌ગુરુના આદેશનું પાલન ..................... ૨૦

૧૬. ખાલી ખાલી પગે ના પડો—**મોટા**નાં કામમાં મદદ કરો ... ૨૦

૧૭. 'વખાણ થાય ત્યારે નરક ખાજે'
શ્રીસદ્‌ગુરુના આદેશનું આજે પણ અક્ષરશઃ પાલન ..... ૨૧

૧૮. **મોટા**ને કોરી ભલી લાગણીની જરૂર નથી ........... ૨૧

૧૯. વેદનાં પુસ્તકો સરળ ગુજરાતી ભાષામાં નિષ્ણાતો
પાસે તૈયાર કરાવ્યાં છે .......................... ૨૨

૨૦. સમાજનાં કામ કરવા ભગવાન કોઈ હરિના
લાલને ભેટાડી દે છે .............................. ૨૩

૨૧. ભક્તિમાં વિકાસનું ગણિતશાસ્ત્ર :
મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ ....... ૨૩

૨૨. હરિજન સેવક સંઘનું કાર્ય :
પ્રભુપ્રીત્યર્થે સ્વકલ્યાણ કાજે ....................... ૨૪

૨૩. જે કરો તે ભગવાનને માટે કરો.................... ૨૪

૨૪. સમજુએ કાળને પારખવો ........................ ૨૫

૨૫. આ કાળ મંદિરો બાંધવાનો નથી .................. ૨૫

૨૬. વર્ષે હજારો હિંદુ-હરિજનો ખ્રિસ્તી-મુસલમાન
થાય છે, તે અટકાવો ............................ ૨૬

૨૭. સંન્યાસીઓના આશ્રમોમાં માલમલીદાની
ખાણીપીણીથી બ્રહ્મચર્યનું પાલન અશક્ય છે ......... ૨૭

૨૮. પેરેસાઇટસ્ સાધુ-સંન્યાસીઓ કંઈ નહિ તો
હિંદુઓને ખ્રિસ્તી—મુસ્લિમ થતા અટકાવે ........... ૨૭

૨૯. સમાજ પાસે રોટલો તો મારું પેન્શન છે ............. ૨૮

૩૦. પરમાર્થ વિચારીને કરો :
પૈસાનો વેડફાટ પરમાર્થ નથી...................... ૨૮

# વિષય-સૂચિ (વિભાગ-૨)


૧. પુરુષાર્થ અને પ્રારબ્ધ ............................ ૨૯

૨. શક્તિપાતથી ધ્યાન ............................ ૩૦

૩. સમૂહ ધ્યાનનો લાભ ............................ ૩૨

૪. સંસ્કૃતિ ............................................ ૩૩

૫. લગ્ન, યજ્ઞ, જનોઈ દેવી વગેરે વિધિઓ
ગુજરાતીમાં કરવાનું કારણ ........................ ૩૭

૬. મૌનમંદિરની સ્થાપના ............................ ૪૦

૭. **મોટા**ની અનોખી મૌલિક સામાજિક પ્રવૃત્તિઓ સમાજમાં
ગુણ અને ભાવના પ્રગટાવવાના હેતુસર છે ........... ૪૩

૮. મરણ ટાણે ભગવાનનું નામ દેવાથી મોક્ષ મળે ખરો ? .. ૪૫

૯. નિર્બળ કે બળ રામ ............................ ૪૮

૧૦. તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યાં રે.............. ૪૯

॥ હરિઃૐ ॥

# ચીખોદરા (જિલ્લા ખેડા) મુકામે થયેલા એક ઉત્સવ પ્રસંગ વેળાની પૂ. શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

## સરકારી વહીવટમાં—કચેરીઓમાં ગરીબોને ધક્કે ના ચઢાવો

ગરીબી હઠાવવાની વાતો આ સરકાર કરે છે. હું કહું છું કે વગર પૈસે એ થઈ શકે એવું છે. આ તમારા Administrationમાં, આ તમારા વહીવટમાં, તમારી કચેરીઓમાં, તમારા પોલીસો આ તમારા દવાખાનાંમાં ગરીબોની સંભાળ રાખો ભઈ. આ પોલીસ, ગરીબને ધક્કે ચડાવે છે સાહેબ, પેસવા ના દે.

## વડોદરાની કસ્ટમ કચેરીનો શ્રીમોટાનો સ્વાનુભવ

આ તમને મારી પોતાની વાત કહું. આખા ગુજરાતમાં એક્સાઈઝ અને કસ્ટમનો એક જ કલેકટર. એ કલેકટર મારો ભાઈબંધ હતો. અતિશયોક્તિની વાત નથી સાહેબ. એ સાધનામાં લાગેલો માણસ છે. અને એ કહે, અલ્યા **મોટા**, તું મારી ઑફિસ આગળથી વટાવે તો મને મળે નહિ. અલ્યા ભઈ મેં કહ્યું આ તારા પોલીસવાળા ના પેસવા દે. અરે! શું વાત કરો છો ? મેં કહ્યું, સાચી વાત કહું છું, 'કે ના, તું આવ તો ખરો. મેં કહ્યું આવીશ ત્યારે.'

તે નડિયાદથી સુરત જતો હતો. તે વડોદરા વચ્ચે જ એની ઑફિસ આવી. સાહેબ હું તો ગયો. આવું ફાળિયું, ખભે ખેસ ને આ ધોતિયું. અરે એઈ.... એઈ કંઈ જાય છે ? અલ્યા પણ છે શું ? તારો સાહેબ તો મારો ભાઈબંધ છે. હવે ભાઈબંધ કહે તું. હવે એટલામાં આ વૈકુંઠ ઉપાધ્યાય. અહીં સાક્ષી બેઠો છે. આ ગપ્પાંની વાત નથી. એટલામાં વૈકુંઠ ઉપાધ્યાય આવી પડ્યો. અત્યારે

સુપરિન્ટેન્ડન્ટ છે ત્યારે ઇન્સ્પેકટર હતો. કે **મોટા** તમે! કે તારા સાહેબે મને મળવા બોલાવેલો. આ પેસવા નથી દેતો.

## વગર પૈસે ગરીબી હઠાવો—ગરીબોને મહત્ત્વ આપો

ત્યારે હું કહું છું કે વગર પૈસે સાહેબ ગરીબી હઠાવવાની વાત આ તો, પણ આ સરકારી વહીવટની અંદર આ ગરીબોને ધક્કા ના પડે. આ તમારે જોવું હોય તો સિવિલ હૉસ્પિટલમાં જોજો. ગરીબ દર્દીઓની કેવી દવા થાય છે તે!

ત્યારે આ હું ગરીબ છું સાહેબ પણ આ ગરીબને અભરખા એટલા હોય છે, પણ સમાજ એની દરકાર લેતો નથી. સમાજમાં ઉપલા થરના લોકોને પણ એની પડી નથી.

હું આજે ખુલ્લે ચોક કહું છું કે સરકારને પણ પડી નથી. આ બધા નેતાઓ રાગદ્વેષથી પ્રેરાયેલા છે. સરકારને જો પડી હોય તો આટલું જ કરો. વગર પૈસે. એક બજેટનો પૈસો ખર્ચો નહિ થાય સાહેબ, એક પૈસો. તે એમને Preference મળે. એમને મહત્ત્વ મળે. ગરીબ લોકને તમે પેસવા તો દો. પોલીસ પેસવા નહિ દે. અને રૂઆબભેર નેકટાઇનાં બધાં કપડાં પહેરેલાં આવ્યાં. મોટર લઈને આવ્યા તો પેલો પટાવાળો જવા દેશે સાહેબ. પેલો ગરીબ બિચારો હશે તેને નહિ જવા દે. ત્યારે એટલું તો તમારા વહીવટમાં કરી દો ભઈ. એ ગરીબ થયો માટે શું થયું એને ? પણ એ થતાં એક પૈસો ખરચ થાય એવું નથી.

## સામ્યવાદને ખાળવા માટે સ્વાર્થ ઓછો કરો

ત્યારે એવો હું ગરીબ માણસ પણ મારો ભગવાન હજાર હાથવાળો સાહેબ અને એવાં સારાં કામની અંદર મને એમ થયું કે આપણા દેશમાં પણ આવું ફાઉન્ડેશન થાય. તો સાડા ચાર પાંચ લાખનું કામ લીધું, પણ ભગવાન મને અપાવે છે.

એક ભાઈએ મારા પર પ્રેમ કરીને પરમ દિવસે કાલે જ સાહેબ, પરમ દિવસે નહિ. સાડી એકવીસ હજાર રૂપિયા એકઠા કરીને મને

આપી દીધા. કામ ઉપાડીને બેસું છું પણ મારો ભગવાન હજાર હાથવાળો છે. માટે મારી તમને બધાંને પ્રાર્થના છે કે ભાઈ તમે જો સામ્યવાદથી ડરતા હોવ તો પરમાર્થ વધારો સ્વાર્થ મોળો પાડો. સ્વાર્થ ઓછો કરો. નહિ તો એ આવી જ ગયો છે. એ તમારા કોઈની તાકાતની બહારની વાત છે. આ સામ્યવાદ આવ્યો છે, તે ઍક્શનનું રીઍક્શન છે.

## ઘરેણાંની માગણી સમાજનાં સારાં કામો કરવાં માટે

હવે મારી તમને પ્રાર્થના છે કે મારાં ઘરેણાં—બરેણાં બધાં વેચાઈ ગયાં છે. હવે આ એક હાર છે ભાઈ. એક વાલ ફેર છે. આ એક જણે મને આપ્યો છે. સાહેબ, પાંચ તોલા ને એક આનો છે. અને ત્રેવીસ કેરેટ ઉપરાંત છે. ત્રેવીસ કેરેટનો આ હાર છે. સાહેબ, જુનવાણી લાગે છે પણ બહુ સુંદર સોનું છે. પાંચ તોલા ને એક આની છે. એક હજાર ને પંચાસી. કોઈ લે તો મારો પત્તો ખાઈ જાય આજે. એ થૅન્ક યુ. નામ લખાવો ભઈ. ભગુભાઈ. થૅન્ક યુ ભઈલા. ભગુભાઈ તેં બહુ સારું કર્યું. હવે પૂરું થાય છે.

હવે આપણે આજે આ ઉત્સવ જેમણે ઊજવ્યો. એ બધાયનો ઘણો હું દર વખતે આભાર માનતો નથી, પણ મારા જીવનની ગરીબના જીવનની એક અભિલાષા એ લોકોએ પૂરી. કે ભઈ, જિંદગીમાં ઘરેણાં તો દર વખતે મળે. મને પહેલાં સૂઝેલું નહિ.

વિદ્યાનગરમાં પહેલવહેલો ઉત્સવ થયો, ત્યારે મેં ઘરેણાં માગ્યાં. તે મને પહેલી રાતે હું સૂતો હતો ત્યારે મહાત્મા ગાંધીજીનું મને દર્શન થયું. અને સાચી વાત. આ કાંઈ Visionની વાત નથી કરતો. અનુભવની વાત કરું છું. આવી બહેનોની સભામાં બેઠેલા. અને ઘરેણાં માગતા હતા. પુષ્કળ ઘરેણાં મળે. ગાંધીજીને ઘણાં ઘરેણાં મળેલાં. અનુભવની વાત છે સાહેબ. એ કાંઈ કલ્પનાની હકીકત નથી કહેતો. મેં કહ્યું હું પણ સમાજને માટે માગું. મને પણ ભગવાનની કૃપા હશે તો મળશે. પહેલવહેલા મેં ઘરેણાં માગ્યાં. સાડી બત્રીસ કે બત્રીસ તોલા. બત્રીસ તોલાનાં ઘરેણાં મને ત્યારે

મળેલાં, એ પછી દરેક ઉત્સવમાં હું માગું છું અને ભગવાનની કૃપાથી મને મળે છે. અને **ઘરેણાં પહેરવાનો મને કાંઈ શોખ નથી સાહેબ. મને તો શોખ છે, આ સમાજનાં સારાંમાં સારાં કોઈએ ન કર્યાં હોય એવાં કામો કરવાનો મને ભારે શોખ છે.**

## તમારા પોતાના હિતને માટે સ્વાર્થ મોળો પાડો

મારું શરીર ઠીક ન હોવા છતાં મારો ધર્મ છે કે સ્વાર્થમાં તો આ તમે બધાં છો. તમે બધાં જ રવડી મરો છો. સ્વાર્થમાં આ બધાં તમે આટલા બધાં જ છો. આ સ્વાર્થમાં પારાયણ કરવાનું બંધ કરો ભઈ. ભગવાનની ખાતર નહિ. હું નથી કહેતો. સમાજના કલ્યાણની ખાતરેય નથી કહેતો, પણ તમારા પોતાના હિતની ખાતર કહું છું.

એટલા માટે કહું છું, હું કાંઈ જ્યોતિષી નથી, પણ ઘણા વખતથી મને લાગ્યું છે. આપણા દેશમાં અંધાધૂંધી આવી રહેલી છે. અને મને તો એના વરતારા દેખાય છે, પણ જે સ્વાર્થમાં ડૂબેલા છે એમને એ વરતારો દેખાતો નથી. પરમાર્થ વિશેષ કરો. સ્વાર્થમાં તો સૌ ડૂબેલા છે, પણ પરમાર્થમાં ડૂબેલાની બહુ જરૂર છે. આ સંસારમાં જો જરૂર વિશેષ હોય તો પરમાર્થમાં ડૂબેલાની જરૂર છે.

ભગવાનની વાત છોડી દો. એ તો તમને બધાંને એની સમજણ નહિ પડે. કે ભગવાનને હું પામ્યો છું કે નહિ એ તો મારી અને ભગવાનની વચ્ચેની વાત છે, પણ પ્રત્યક્ષ રીતે સાબિત કરી શકાય એવી કે પરમાર્થમાં એની કૃપાથી હું ડૂબેલો છું. પરમાર્થમાં મને રસ છે. લગની છે. શોખ છે. આજે આ સંસારમાં જરૂર હોય વિશેષમાં વિશેષ તો પરમાર્થમાં જેને રસ છે એવા માણસોની જરૂર છે.

અને હિંદુસ્તાનમાં આ કાળની વખતે એની વધારેમાં વધારે જરૂર છે. આ સમાજને તમારે જો બેઠો કરવો હોય, ઊભો કરવો હોય તો બીજા કશાથી નહિ થાય. આ સમાજ એની મેળે આખો સમાજ કોઈ દિવસ જાગ્રત થઈ શકવાનો નથી. એમાંથી વ્યક્તિઓ થશે. તો મારી તો તમને પ્રાર્થના છે કે તમારા દેશને ખાતર નહિ,

સમાજને ખાતર નહિ, પણ તમારા પોતાના હિતને ખાતર, આ તમારા ઘરબાર, જમીનજાગીર, પૈસાટકા જેટલા છે, તેટલા જો બચાવવા હોય તોપણ તમે પરમાર્થ કરોતો કે સ્વાર્થ. તમારાથી છૂટકો નહિ થાય. સ્વાર્થ માટે તો તમે મથ્યા જ કરવાના. સ્વાર્થને માટે તો તમે નહિ મથો એવું બનવાનું જ નથી. **વધારેમાં વધારે પરમાર્થ કરો. સ્વાર્થ મોળો પાડો તો આ દેશને આપણે બચાવી શકીશું સાહેબ.** બીજી કોઈ રીતે—કોઈ આગવી રીતે કશાથી તમો બચાવી શકવાના નથી.

## પોતાના કલ્યાણ માટે તો પરમાર્થ કરો

ધર્મની વાત પણ હું નથી કરતો, કારણ કે ધર્મ આવતા વાર લાગશે. **એ ભાવના જાગશે. આપણા દેશમાં ધર્મ નથી. હું તો કહું છું દંભ છે. આપણા સમાજમાં વિશેષમાં વિશેષ અને એ દંભનો પડદો તૂટતા તો વાર લાગશે.**

**ધર્મ તો ત્યારે જ કે ત્યાગ અને પરમાર્થ મોખરે હોય ત્યારે ધર્મ સાહેબ. તે આવતા વાર લાગશે, પણ આપણા દેશમાં જે અંધાધૂંધી આવી રહેલી છે. મને તો એનાં દર્શન થાય છે. તમને બધાંને થતાં હશે કે નહિ એ તમે બધાં જાણો, પણ હું એક સમાજનો નાગરિક છું અને મારા પોતાના કલ્યાણને માટે હું કરું છું, તે કાંઈ સમાજને માટે નથી કરતો.**

**પરમાર્થ વિના કંઈ કશાથી કલ્યાણ નથી.** ભગવાનનું ભજન કર્યા કરે પણ આખો કલાક કાંઈ ચોવીસ કલાક એ ભગવાનનું ભજન કોઈ કરી શકનાર છે ? એની કોઈ તાકાત નથી. કોઈ કહે તો માનવાની જરૂર નથી. કલ્યાણ થાય છે પરમાર્થથી. એ કલ્યાણ પણ જો તમારે કરવું હોય તો કરો, પણ કલ્યાણે ના કરવું હોય પણ તમારા પોતાની જાતના જાનમાલ તમારે તમારી માલમિલકતનું સંરક્ષણ કરવું હોય તોય કરો હું તો કહું છું.

આ દેશને બચાવવો હોય, સમાજને બચાવવો હોય, તમારી પોતાની જાતને, તમારાં જાન-મિલકતને બચાવવાં હોય તો પરમાર્થ કરો. આ કાળ એવો છે સાહેબ. અને મારી તમને વિનંતી છે સાહેબ. ઘણા લોકો મને કહે છે કે આ **મોટા**ને તો આ એક લત પડી છે. અમે કહીએ કે ઉત્તમમાં ઉત્તમ લત છે સાહેબ. પરમાર્થની લત ઉત્તમ છે.

## 'કર્મગાથા'માં ઠક્કરબાપાની પ્રસ્તાવનાઃ *મોટાના* સેવાકાર્યનું પ્રમાણપત્ર

ભગવાનનું ભજન તો મેં મસ્તીથી કર્યું અને આ સંસારમાં રહીને બધાંના દેખતાં કરેલું છે.

મારા ગુરુમહારાજની સાહેબ બહુ દીર્ઘદૃષ્ટિ. તો કે ઠક્કરબાપાની તું પ્રસ્તાવના લે. અલ્યા, મેં કહ્યું આ ઠક્કરબાપાને આમાં શી ગતાગમ પડે ? તો કે હું કહું છું તે તું લે. મેં કહ્યું ઠક્કરબાપાને. 'કર્મગાથા' નામનું મારું કાવ્યમાં લખાયેલું સસ્તા સાહિત્યે એક પુસ્તક બહાર પાડ્યું છે. 'કર્મગાથા'નું. જેને વાંચવું હોય તે વાંચી લેજો. સાહેબ ઠક્કરબાપાએ લખ્યું કેવી મસ્તીથી મેં સેવા કરી છે અને ભજન ગાયા છે.

એવા આપણા દેશના નામાંકિત, પ્રતિષ્ઠિત થયેલા સેવકોની મારી ચોપડીની પ્રસ્તાવના છે. અને મેં બધાંના દેખતાં ઑફિસમાં રહ્યે રહ્યે પણ ભગવાનનું મારું નામ ચાલ્યા કરતું હોય સાહેબ. ટાઈપ કરતો હોઉં તોપણ ભજન ગાયા કરું. હિસાબ લખતો હોઉં તો ભજન ગાયા કરું. એટલે ભજન તો મેં મસ્તીથી કર્યું છે, પણ એની વાત હું તમને નથી કરતો. એ તમારા બધાંથી થઈ શકે નહિ. એ તમારી તાકાતની બહાર. એ તો જેને જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના જાગશે તે જીવ કરી શકશે. બાકીનાંની તાકાત નથી. બાકીનાં અભ્યાસ કેળવી શકશે, પણ તે અભ્યાસ કેળવનારાંય પણ બહુ થોડા જીવો હશે.

## કલ્પિત માતાઓને છોડી વાસ્તવિક ભારતમાતાની સેવાભક્તિ કરો

પણ આ પરમાર્થ આપણે કરી શકીશું. આ કાળ એવો છે. આ કાળ એવો આવે છે કે, આ આપણા દેશને માટે એક મોટામાં મોટો

કાળ એવો જબરો છે. તે દેશમાં આપણે જન્મ્યાં એની માટી એ આપણા શરીરની બનેલી છે. અને આ દેશને માટેની લાગણી પણ આપણા લોકોને નથી સાહેબ. દેશ તો સાચેસાચ માતા છે. એ કોઈ કલ્પનાની વાત નથી. આ અંબામાતાની વાત તમે કરો. કે બહુચરમાતા કે કાળીમાતા એ કલ્પના હું કહું છું. એ Reality વાસ્તવિકતા નથી પણ અમારો ભારત દેશ એ વાસ્તવિકતા છે, કે એ બધું આપે છે. અનાજ તમને એ આપે છે. પાણી તમને આપે છે. હવા તમને આપે છે. કપડાં આપે છે. જેના વડે જીવો છો તે બધું જ ભારતમાતા આપે છે. એ માતા તરફ પણ આપણું ઋણ આપણામાં જાગેલું નથી.

## ભારતમાતા પરત્વેની ફરજ પ્રત્યે જાગ્રત થાવ

અને મારા ગુરુમહારાજે કહ્યું કે અલ્યા બેટા, કંઈ આચર્યા વિનાની વાત નથી કરતો. આચરીને સાહેબ કહું છું. એ ભારતમાતાની ભક્તિ કરીને કહું છું. અને એને માટે તપ કરીને કહું છું. એ ભારતમાતાને માટે પણ આપણે આપણા દેશની આપણા સમાજની કોઈ લાગણી નથી. તદ્દન. આ કોઈ આક્ષેપ મૂકતો નથી, પણ આપણે જાગ્રત થઈએ એટલા માટે કહું છું. કે આ સમાજને સમાજ કરતાં વ્યક્તિઓ આપણે પોતે છીએ. એ દેશ પરત્વે—સમાજ પરત્વે આપણો એક ધર્મ છે. એક વ્યક્તિ તરીકે—એક નાગરિક તરીકે આપણો જે ધર્મ છે. આપણા કુટુંબકબીલા, છૈયાંછોકરાંને બસ એમને ખવડાવ્યા, પિવડાવ્યા, ભણાવ્યા કર્યા, મોટા કર્યા, ઘરબાર રાખ્યા અને બૅંકોમાં રૂપિયા જમા કરાવ્યા. **દાક્તર (સુરતના એક સ્વજન સ્વ. શ્રી નાનાભાઈ ડાહ્યાભાઈ દાક્તર) યાદ રાખો. પૈસા લૂંટવા પડશે. તમારી પાસેથી. મારો બેટો પૈસા કાઢે નહિ એ. એક વીંટી કહી તોય ના લીધી. જુઓ હવે એને શું થાય એને ?**

ભઈ, ત્યારે આ બધું તમે કરશો પણ તમારો ધર્મ, તમારી આ દેશ પરત્વેની—સમાજ પરત્વેની કંઈ ફરજ ખરી કે નહિ ? કે રામરામ. અરે અમે ઘણું કરીએ છીએ. તે તમને શી ખબર ? તમને આપીએ ત્યારે જ

તમે જાણો કે આ અમે પરમાર્થ કરીએ છીએ આવું કહેનારા છે. મને મોઢે નથી કહેતા, પણ એમના મનમાં તો હું બધું જાણી લઉં.

તમે મને નહિ આપો તેનો વાંધો નથી. મારો હજાર હાથવાળો ભગવાન છે. એ તો મને મેળવી આપશે. હું કોઈની પાસે સલામ ભરીને માગતો નથી. સાહેબ મારા ભગવાનને માટે માગું છું, પણ એ ભગવાન તો તમારે ગળે ઊતરશે નહિ, પણ હું તમારા બધાંને માટે માગું છું કે આ કામ એવાં છે બધાં. આ સાલનાં કામ લીધેલાં છે તેની વિગતવાર વાત કહી દઉં.

## ચિરંતન, મૌલિક સાહિત્યની રચના માટેના પ્રયત્નો

એક તો અંગ્રેજી સાહિત્યમાં Children's Encylopedia કહે છે. બાળકો માટેનો સર્વજ્ઞાન સંગ્રહ. બહુ ઉત્તમ પ્રકારનું સાહિત્ય છે. તમારામાંથી તો કોકે બહુ ઓછા માણસોએ કદાચ વાંચ્યું હશે, પણ મેં એને જોયેલાં. કારણ કે અમારે બાળકોને અભ્યાસ કરવાનું આવ્યું—ભણાવવાનું ત્યારે જોઈ ગયેલો. જેમ B.A.માં Book of Knowledge એનાં પુસ્તકો મેં વાંચ્યાં ત્યારે મને લાગ્યું. ત્યારે મને થયેલું કે ઓહો! આપણા ગુજરાતી સાહિત્યમાં આવી શ્રેણી થાય તો બહુ સારું. હું B.A. માં ભણતો ત્યારે મને લાગેલું, પણ એ વિચાર મારા મનમાં હતો. અને તે ભગવાનની કૃપાથી સાકાર થયો. આજે એક જ્ઞાનગંગોત્રીની શ્રેણી બહુ ઉચ્ચ પ્રકારની છે. એ કોઈ નવલકથા જેવી નથી. એ Permanent valueની છે. એવું કોઈને સૂઝ્યું નથી આ કરવાનું કામ. એવી રીતે આ કામ પણ એવું છે. બે લાખ રૂપિયાનું એક કામ છે.

પછી છે તે વિજ્ઞાનને. આ કાળ વિજ્ઞાનનો છે તે આપણા સમાજને વિજ્ઞાનની અભિરુચિ પ્રગટે એને માટેની એક ગ્રંથમાળા તૈયાર કરવાનું. બીજું વેદ માટે છે, કે **આપણી સંસ્કૃતિનું મૂળ વેદ છે. એ વેદ પણ સાપ છે કે ઘો. વેદમાં તે તો આપણે જાણતાં નથી.** ત્યારે એ વેદ લોકભોગ્ય તદ્દન સરળ ભાષામાં એ બહાર પડે. અને ચાર કે પાંચ ફરમાની નાની

ચોપડી હોય. **મોટું થોથાની હોય તો કોઈ વાંચે નહિ. એટલે નાની નાની પુસ્તિકાઓ આવી ઘણી પુસ્તિકાઓ બહાર પડશે અને એ કામ પણ આ સાલ હાથમાં લીધું છે.**

## ગુજરાતી ભાષામાં વ્યુત્પત્તિશાસ્ત્ર ને વ્યાકરણમાં પુસ્તકોની ઊણપ દૂર કરાવી

ત્રીજું છે આપણી ભાષા ગુજરાતી કહેવાય, પણ સાહેબ એની પાસે વ્યુત્પત્તિનું કોઈ પુસ્તક ના મળે. ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ એ બહુ જરૂરનું, પણ આજે અમારા દેશની—મારી લાચારીની શી વાત કરું ? કે આપણી ભાષા ગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષા પરત્વેનું પણ આપણને ગૌરવ જાગેલું નથી. આપણા કવિઓ, સાક્ષરો, વિદ્વાનો, આટલી બધી કૉલેજોના ગુજરાતી પ્રોફેસરો સુધ્ધાં, પણ કોઈને એમ થતું નથી બચ્ચાને કે અલ્યા ભઈ, આ કરીએ. કામ કરવા જેવું છે. એમાં કાંઈ બહુ પૈસા ના જોઈએ. મેં તો કહ્યું ઈશ્વરભાઈ સાહેબને (તે વખતના વાઈસ ચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ) કહ્યું કે જે પૈસા જોઈએ તે આપો. એને પેટ ભરીને આપો, પણ આ પુસ્તક એક ગુજરાતી ભાષાનું એક અંગ ખૂટે છે. તે બધાંને મન ના થાય પણ મને મન થયું છે. જરૂરનું છે.

તેવી રીતે વ્યાકરણનું પણ આપણે કર્યું. વ્યાકરણ વિના કેમ ચાલે ? પણ કોઈને સૂઝતું નથી. અમારી ક્યાં—અમારા દેશની લાચારીની શી વાત હું કરું ? પણ હજુ સુધી મને આને માટે એક પૈસો—ગ્રામરને માટે—વ્યાકરણને માટે એક પૈસો ગુજરાતી સમાજમાંથી મને મળ્યો નથી સાહેબ. આ પ્રોફેસરો કહેવાય, વિદ્વાનો કહેવાય, સાક્ષરો કહેવાય! એનો આક્ષેપ હું નથી કરતો. મને એનો અફસોસ નથી, કારણ કે એ કામ તો મારું છે. મેં હાથમાં લીધું. મારું કામ તે મેં તો રૂપિયા પણ આપી દીધા, પણ એ લખનારાઓને મારી પ્રાર્થના છે કે અલ્યા ભઈ, સવેળા આ કામ તો કરો.

## યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રીસર્ચ ફાઉન્ડેશન માટે લાખોનાં દાનની યોજના

ત્યારે બીજું એક કામ મેં મોટું લીધું. પરદેશોમાં મોટાં મોટાં ફાઉન્ડેશનો કરોડો રૂપિયાનાં ત્યાં હોય છે. તેની મદદ આપણા દેશને મળે છે. ત્યારે મને એમ થયું કે આપણા દેશમાં પણ આવું કાંઈક આપણે કાઢીએ. હું તો બહુ નાનો માણસ, પણ આ તમારા બધાંના જોરે હું તો કૂદું છું. અને ભગવાનની કૃપાથી સાહેબ પૈસા મળે છે. કોક ને કોક હરિનો લાલ એવો જાગે છે કે મને આપે છે. અને મળ્યો મને જાણતો ન હતો કે મને આટલી બધી રકમ કાલે મળે, પણ એ ભાઈને મારા માટે એટલો પ્રેમ જાગેલો. એટલી મહેનત સાહેબ એણે લીધી છે. અને એને એમ લાગ્યું કે ગમે તેમ પણ આ **ફાઉન્ડેશન રીસર્ચ ફાઉન્ડેશન—આ વિજ્ઞાનમાં શોધખોળ નવી થાય. ફીઝિક્સમાં ને એમાં.** તે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન પાર્લમેન્ટના ઍક્ટથી આ સંસ્થા સ્થપાઈ છે. અને તેની સાથે અમે પત્રવ્યવહાર કરી રહ્યા છીએ. આજે કોઠારી સાહેબનો કાગળ પણ અમારી પર આવી ગયો છે. તે બહુ રાજી થયા છે. અને અમે આવતી સભામાં મિટિંગમાં મૂકીશું ને પસાર ઘણું ખરું તો થઈ જશે. ત્યારે એને માટે પૈસા જોઈએ છે. સાડા ચાર લાખ તો બહુ નજીવી રકમ કહેવાય, પણ મારું ગરીબનું ભઈ કેટલું ગજું ? મારું એમ તો ગજું ઘણું છે, પણ મારો આધાર તમારા બધાંના ઉપર.

## *મોટાનો* બળાપો : સ્વજનો પુસ્તકો ખરીદે તો શું પણ વેચી આપતાં પણ નથી

**હજુ તો મારાં થોડાંક પુસ્તકો વેચવાનાં હોય તો લોકોને કંટાળો આવે છે. એટલે મેં સાહેબ આર. આર. શેઠને વિનંતી કરી કે પ્રભુ, હવે આ લોકો થોડાંક પુસ્તકો વેચવામાંથી કંટાળે છે, તો પૈસા મને શું એકઠા કરી આપવાનાં ? એટલે મેં એમને પ્રાર્થના કરી કે હવે જે પુસ્તક છપાય તે તમને આપું અને વર્ષમાં તમે મને પૈસા આપી દેજો. છપાય કે ના છપાય. કમિશન લેજો. તમે જે બીજાની પાસે લો તે લેજો. હું એટલી**

**કિંમત ચઢાવી દઈશ એમાં.** હું તો ૧૦૦ પાનાંનો એક જ રૂપિયો રાખતો હતો સાહેબ. એ કાંઈ બિલકુલ વધારે નથી. એટલે મેં જોયું કે આ મિત્રો બધાં સ્વજન કહેવાય ને પગે લાગે ને **મોટા** આમ કરો. બધી વાત ખોટી સાહેબ. કંઈ કોઈને કશું કરવાની તમન્ના ના મળે, **પણ આટલાં પુસ્તક વેચવાનાં છે, તે કંટાળો આવે એમને. તે પાછાં ઘરનાં તો આપવાનાં હોતા નથી. આ ચોખ્ખી વાત હું એટલા માટે કરું છું.**

## મૌલિક કામો જ કરવાં :
## શ્રીસદ્‌ગુરુના આદેશનું પાલન

**એટલે પછી મેં સાડા ચાર લાખનું લીધું. બાકી, મારે પચાસ લાખ જોઈતા હતા,** પણ હું ધીરે ધીરે લઈશ. આવતી સાલ એવી રીતે Medicine અને Agriculture લઈશ કે Medicineમાં પણ બે– આયુર્વેદિક અને Allopathy. એમાં જે મૌલિક સંશોધન થાય. Original Sideનું Creation આ સંસ્થાને માટે. તે આવી રીતે આ ઉત્સવો એટલા માટે જ થવા દઉં છું. મને કાંઈ આનો શોખ નથી. શોખ તો મને આવાં કામોનો છે અને બહુ જરૂરનો છે. **મારા ગુરુમહારાજે કહ્યું કે બેટા, મૌલિક કામો કરજે. કોઈને ન સૂઝતાં હોય એવાં કામો કરજે. અને ભગવાનની કૃપાથી મને સુઝાડે છે, તે કરું છું.**

## ખાલી ખાલી પગે ના પડો, *મોટાનાં* કામમાં મદદ કરો

આ તો સમાજનું કામ છે. આ કાંઈ થોડું મારા આશ્રમનું કામ છે ? આવાં રીસર્ચ ફાઉન્ડેશનનાં કામમાં હવે તો તમારે બધાંએ મદદ કરવી જોઈએ. તમને જો ખરેખરી લાગણી હોય—અહીં બેઠેલાં ભાઈ-બહેનોને, તો આ કામની અંદર તમે બધાં બહેનો પણ ઉઘરાવી શકો. પાંચ દશ પંદર વીસ–દરેક જણ વિચાર કરે, કે મારે **મોટા**ને પાંચસો રૂપિયા ઉઘરાવીને આપવાના છે. આ બધાં બહેનો બેઠાં છે એમને મારી પ્રાર્થના છે. ભાઈઓને મારી પ્રાર્થના છે કે આ કામ બહુ સારું છે ભાઈ. અને બધા વિદ્વાનોને પણ ગમ્યું છે. જેને હું વાત કરું છું, તે કહે કે આ

કામ સારું છે. અને એમાંથી આ શોધખોળ કરનારાઓને પણ પોરો ચઢશે. રકમ તો બહુ નાની છે, પણ એ તમારે બધાંએ મને મદદ કરવાની જરૂર છે. તમે બધાં ભેગાં થયેલાં ખાલી પગે લાગો એનો કશો અર્થ નથી. આવાં કામોને મદદ કરો. હવે આ કાળ આને માટેનો છે. મારી તમને પ્રાર્થના છે કે ભાઈ તમે સ્વતંત્રપણે વિચારજો. જો **મોટા**ને માટે તમને ખરી લાગણી હોય તો મને પગે લાગો એ મારે જોઈતું નથી. કોઈ પગે નહિ લાગો તો ચાલશે.

## 'વખાણ થાય ત્યારે નરક ખાજે': શ્રીસદ્‌ગુરુના આદેશનું આજે પણ અક્ષરશઃ પાલન

કાલે અમારે ભટ્ટ સાહેબે આપણી યુનિવર્સિટીના સંસ્કૃતના ડીન છે. બહુ સુંદર કાવ્ય લખ્યું. મારાં લખેલાં લખાણને હું તો જોડકણાં કહું છું, પણ એ કાવ્યને ગુજરાતી ભાષા સાહિત્યમાં કાવ્યની અપેક્ષાએ એને કાવ્ય કહી શકાય એવું કાવ્ય છે. અને મારા પર લખ્યું એમણે સંસ્કૃતમાં પણ બહુ સુંદર લખ્યું છે.

પણ મારા ગુરુમહારાજ કહે કે બેટા, **વખાણ થાય ત્યારે નરક ખાજે. તદ્દન સાચી વાત કહું છું. બીજે દિવસે સવારે જાજરૂ ગયો ત્યારે મેં ખાધું પણ ખરું,** પણ એનો અર્થ બીજો છે. કે ભઈ, વખાણને તું વખાણ તરીકે ના લેતો. આ રીતે તું એને સમજજે. અને **જ્યારે કૂથલી—નિંદા થાય ત્યારે અમને એમાં વિશેષ આનંદ છે. કારણ કે એને પચાવવાની અમારામાં તાકાત છે. ગુરુમહારાજની શક્તિથી.** વખાણને પચાવી નથી શકવાની વાત એમ નહિ, પણ વખાણ છે એ શબ્દમાં એટલે એ વખાણ કાર્યમાં ઊતરે.

## *મોટાને* કોરી ભલી લાગણીની જરૂર નથી

તમને જો મારા માટે લાગણી હોય ને ખરેખરો પ્રેમ હોય તો આ જે કાર્યો હું લઉં છું, તે સમાજને માટેનાં છે. ઉત્તમ પ્રકારનાં છે. આ કાળને યોગ્ય છે. કાળને શોભે એવાં અને કાળના મહત્ત્વ પ્રમાણે આ કાર્યો છે. એટલા માટે હું કહું છું. અને તમે નહિ આપો તોપણ થવાનું છે સાહેબ.

માટે તમે લો કે ના **મોટા**ને માટે આપણે લાગણી છે.

એટલે અહીં બેઠેલાં બધાંને મારી પ્રાર્થના છે. બહેનોને ખાસ કે તમે પણ તમારા પોતાના સર્કલમાં આગળ પાછળ દરેક જણ નક્કી કરે કે આ વર્ષે ઓછામાં ઓછા **મોટા**ને પાંચસો રૂપિયા તો આપણે ઉઘરાવીને આપવા. આમ જો તમે બધાં નિર્ણય કરો તો સાહેબ બહુ અઘરી વાત નથી. ઝપાટાભેર થઈ જાય અને નહિ તો હું તો મારા ભગવાન પર આધાર રાખીશ કે હજાર હાથવાળો છે. આ સારાં કામ છે. દર વર્ષે થાય છે સાહેબ. દર વર્ષે હું સારાં કામ લઉં છું અને થાય છે. અત્યાર સુધી થયાં વિના રહ્યાં નથી. માટે મારી તમને બધાંને પ્રાર્થના છે, કારણ કે તમારા બધાંના સાથ વિના નહિ થાય.

એકલી મારે કોરી, ભલી લાગણીની જરૂર નથી. કાવ્યોની મારે જરૂર નથી ભાઈ. મારાં વખાણનીય જરૂર નથી. કે તમે બહુ સારું કર્યું. એની મારે જરૂર નથી, પણ જો તમને લાગતું હોય કે આ **મોટો** એક સમાજનું સારું કામ કરે છે. (ચાલુ પ્રવચનની વચ્ચે એક ભાઈ **મોટા**ને પગે લાગવા આવતાં **મોટા**ની ટકોર : હમણાં ભાઈ નહિ આવવું. હમણાં કોઈ આવશો કરશો નહિ ભાઈ).

## વેદનાં પુસ્તકો સરળ ગુજરાતી ભાષામાં નિષ્ણાતો પાસે તૈયાર કરાવ્યાં છે

આ કામ એવાં છે. આ વેદ વિશેનું તો બહુ જાણવા જેવું છે. અને આ પહેલું પુસ્તક તો પ્રેસમાં પણ છે. એની યોગ્યતા વિશે આપણે એક અમદાવાદમાં પ્રોફેસર નાનજી કરીને છે. એ સંસ્કૃત જાણે છે. હોશિયાર કહેવાય છે. મેં તો માત્ર નામ જ સાંભળ્યું છે. મને એની ખબર નથી કે આમાં પ્રજ્ઞ કે નિષ્ણાત છે કે નહિ તે, પણ એમની પાસે આ બધું ગુજરાતીનું લખાણ વંચાવ્યું છે.

તે ઉપરાંત, એક મહામંડલેશ્વર પ્રજ્ઞાચક્ષુ ગંગેશ્વરાનંદ મહારાજ એમને મારે અંગત પરિચય છે. ઘરોબો. એ તો સુરત પધારે તો સુરત

આશ્રમમાં પણ આવે છે. હું પણ એમનાં દર્શન કરવાં જઉં છું. એ ગંગેશ્વરાનંદ મહારાજ આ વેદ ઉપર આપણા હિંદુસ્તાનમાં ચારપાંચ વ્યક્તિઓ જે નિષ્ણાત ગણાય છે એમાંના એ એક છે, અને વેદ ઉપર એમનું જ્ઞાન બહુ પ્રખર છે. એ Authority ગણાય વેદ ઉપર, પણ એ પુસ્તક વાંચી ગયા. બહુ ઉત્તમ છે. એની પણ મહોર વાગી છે એમના ઉપર. અને પુસ્તકમાં લખાવ્યું છે. ઈશ્વરભાઈએ (તે વખતના વાઈસ ચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ) ખાસ એમની પાસે. ત્યારે એવાં પુસ્તકો બહાર પડે છે. એ બધું સમાજને માટે, વિદ્યાર્થીઓને માટે, કૉલેજના વિદ્યાર્થીઓ, સામાન્ય આપણા બધા જેવા નાગરિકો માટે જરૂરનું છે. ત્યારે આ તો બધું જરૂરનું કામ.

## સમાજનાં કામ કરવા ભગવાન કોઈ હરિના લાલને ભેટાડી દે છે

તમે બધાં મદદ નહિ કરો તો આકાશમાંથી આવશે ? કોઈ કહે કે **મોટા**, તમારે તો છાપરું ફાડીને પૈસા પડે. છાપરું ફાડીને તો ભઈ પૈસા પડે નહિ. એ વાત તો ખોટી છે. એને એક પ્રતીક તરીકે લો. એક ઉપમા તરીકે લો તો બરોબર છે. મળી જાય છે ખરા સાહેબ. કોઈ ને કોઈ દર વર્ષે એવો હરિનો લાલ મારો ભગવાન મને ભેટાડી દે છે. એ ઘણી મને મદદ કરે છે. એટલે હું તો એના પર વિશ્વાસ રાખીને કામ કરું છું. અને નહિ મળે ત્યારે નહિ કરું. પણ મારી તમને બધાંને પ્રાર્થના છે કે ભાઈ, તમે બધાં મનથી નક્કી કરો.

## ભક્તિમાં વિકાસનું ગણિતશાસ્ત્ર : મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ

આ ભગવાનનું ભજન-બજનની વાત કરો. બધી ઠીક છે ભાઈ. પણ એ પણ પરમાર્થ સાધ્યા વગર—**ચિત્તશુદ્ધ થવાને માટે પરમાર્થ બહુ Essential. ચિત્તશુદ્ધિ થવાને—ભગવાનને માર્ગે જેને જવું હોય એને ચિત્તશુદ્ધિ અનિવાર્ય. એ ચિત્તશુદ્ધિ નિષ્કામ કર્મ સિવાય પ્રભુપ્રીત્યર્થના કર્મ સિવાય—એ કર્મના યજ્ઞ સિવાય કદી કાળ થઈ**

**શકતી નથી. અને તમારી ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ, મનની શુદ્ધિ, બુદ્ધિની શુદ્ધિ, અહમ્‌ની શુદ્ધિ થયા વગર ભક્તિમાં તમે કોઈ કાળે આગળ નહિ વધી શકો. આ ગણિતશાસ્ત્ર ભક્તિનું.** એટલે ભગવાનને રસ્તે પણ તમારે જો જવું હોય તો પરમાર્થ એ જરૂરનો છે. એ ભગવાન પ્રભુપ્રીત્યર્થે આ કર્મ કરો. એકલાં તમે કર્મ કર્યાં કરશો ભગવાન પ્રીત્યર્થે તોપણ આપણી બુદ્ધિની શુદ્ધિ થાય સાહેબ. આ મારા અનુભવની વાત કહું છું.

## હરિજન સેવક સંઘનું કાર્ય : પ્રભુપ્રીત્યર્થે સ્વકલ્યાણ કાજે

અને આ હરિજન સેવક સંઘનો મંત્રી હતો, તે પહેલાં જ હું તો ચેતી ગયેલો. આ બધું રાગદ્વેષ છે. સેવાનાં ક્ષેત્રમાં હતો ત્યારે પણ હું જાહેરમાં કહેતો. કિશોરલાલભાઈ, નરહરિભાઈ એ બધાને મેં કહેલું, કે હું આ કાંઈ સમાજના ઉદ્ધારના માટે કે હરિજનોના ઉદ્ધારને માટે કામ નથી કરતો. હું તો મારા પોતાના માટે જ પ્રભુપ્રીત્યર્થે આ કામ કરું છું.

મારું મોં બદલાઈ ગયેલું કે આ બધું રાગદ્વેષ છે. અહીં ડાહ્યાભાઈ સાહેબ (તે વખતના પંચમહાલ જિલ્લામાં ભીલ સેવા મંડળમાં મંત્રી હતા શ્રી ડાહ્યાભાઈ નાયક) છે નહિ. મારા કલીગ—મારા સાથી—હમણાં મળવા આવ્યા હતા પણ એને કામ હતું તે ગયા. હોત તો હું કહેત તમને કે સેવાનાં ક્ષેત્રમાં પણ આ રાગદ્વેષ છે. વીસ વર્ષ મેં કામ કર્યું સાહેબ. એમ ને એમ ગપ્પાં ઠોકતો નથી.

## જે કરો તે ભગવાનને માટે કરો

જે કરો તે ભગવાનને માટે કરો. એવી ભાવનાથી પરમાર્થ કર્યા સિવાય ચિત્તની શુદ્ધિ, બુદ્ધિની શુદ્ધિ કદી કાળ થઈ શકવાની નથી. અશક્ય વાત છે. ભગવાનને રસ્તે તમે જાવ તોપણ આ જરૂરનું જ છે. પરમાર્થ જરૂરનો છે.

કેટલીક તો ગણિતશાસ્ત્રની હકીકત આમાં છે. જો ભગવાનને રસ્તે જવું હોય તમારે અને તમારો દૃઢ નિશ્ચય હોય તો પરમાર્થ જરૂરનો છે. તે સિવાય નિષ્કામ કર્મ થયાં સિવાય બુદ્ધિની શુદ્ધિ કદી થશે નહિ. અને ભક્તિમાં કોઈ કાળે તમે આગળ વધી શકવાના નથી. આ તો ભક્તિમાર્ગની વાત થઈ.

## સમજુએ કાળને પારખવો

શુદ્ધિ પહેલાં પરમાર્થ બહુ જરૂરનો, પણ એક વાત મુખ્ય છે કે પરમાર્થ અનેક જાતના છે, પણ સમજુ માણસે કાળને સમજવો કે આ કાળમાં કયા પ્રકારનાં કર્મ કરીએ તો પરમાર્થ વિશેષ. આપણને લાભ થાય અને સમાજને લાભ થાય. એનો પણ માણસે વિચાર કરવો જોઈએ. જો અક્કલ આપણામાં ભગવાને આપી હોય તો.

## આ કાળ મંદિરો બંધાવવાનો નથી

મારાં કામ એટલા માટે ઉત્તમમાં ઉત્તમ છે. એવો મારો દાવો નથી, પણ મારા ગુરુમહારાજે મને બતાવેલું કે કાળ પ્રમાણે કર્મ કરજે બેટા. બાકી, બીજાં બધાં ઘણાં કામો છે પરમાર્થનાં, દવાખાનાં છે, ધર્મશાળા છે, મંદિરો છે, પણ હું તમને સાફ કહું છું કે આ કાળ મંદિરો બંધાવવાનો નથી. મંદિરો બંધાવે છે એવા સાધુઓ પણ અનુભવી નથી. અનુભવી સાધુ કાળને ઓળખે છે. જે કાળને ન ઓળખે તે અનુભવી નથી. તદ્દન સાચી વાત કહું છું. ભલે ગમે તેવા મહાનમાં મહાન પંકાયેલા હોય, પણ હું તો નાનકડો છું, પણ અનુભવથી કહું છું કે આ કાળ મંદિરો બંધાવવાનો નથી. સમાજનું મંદિર બાંધવાનો કાળ છે. એ કોઈને પડી નથી એમ કહું છું. હું કોમવાદી નથી. મારું શરીર હિંદુ કોમનું હોવા છતાં.

## વર્ષે હજારો હિંદુ હરિજનો ખ્રિસ્તી-મુસલમાન થાય છે તે અટકાવો

મેં કામ કર્યું છે. હિંદુ કોમમાંથી જ આ મુસલમાનો ને ખ્રિસ્તી કેમ થાય છે ? વર્ષે દહાડે હજારો થાય છે, પણ કોઈને પડી નથી. અમે એમાં કામ કર્યું. મારા ગુરુમહારાજનો મને એક હુકમ છે કે અલ્યા બચ્ચા, કંઈ પણ તું આચર્યા વિનાનું બોલતો કરતો નહિ. સાલા મૂર્ખા. એ હુકમને મારે માથે હંમેશાં જીવતોજાગતો સામે રાખું છું. મેં કામ કરેલું છે. ખેડા જિલ્લાના ગામે ગામ ફરીને એની ડિરેક્ટરી મેં કાઢી હતી કે આ ખ્રિસ્તીઓ કેમ થઈ જાય છે ? આ બધા હરિજનો કેમ થાય છે ? એમાં આપણો જ મોટો વધારેમાં વધારે દોષ છે ને ગાંધીજીને પણ આ પેલું એક કે બે આપતા. તે કાળના 'નવજીવન'માં આવ્યાં. તે જેને જોવું હોય તે રીફર કરી લે. પછી કાંઈક કારણોથી બંધ થયાં એ છપાવવાનું. એટલે આ કામ આચરીને હું તમને કહું છું કે આ હિંદુઓમાં કેમ આમ થાય છે ? આપણામાં સંપ ના મળે. બીજી કોમોમાં સંપ ઘણો છે. દિવસે દિવસે આપણી સંખ્યા વધતી જતી નથી. ઘટતી જાય છે સાહેબ, પણ એ વાત જવા દો.

## સમાજ આંધળો છે

પણ ધર્મની ક્યાં વાત કરો ? સાધુ, સંન્યાસીઓ, આચાર્યો બધા મંડ્યા છે, કે આ કામ તમારું નથી. શા માટે બધા હિંદુઓમાંથી થાય છે ? **પણ આપણો સમાજ આંધળો છે સાહેબ. સમાજને કોઈ જાતની પડી નથી. એને ખરી સભાનતા નથી.** બાકી, કુંભમેળા વખતે અમારા સુરતમાં ને બધે મહામંડલેશ્વરો આવે, એક એક દિવસ રહે ને ચાળીસ ચાળીસ હજાર રૂપિયા લઈ જાય છે. આ કુંભમેળા એક એને માટે યોગ્ય નથી એ. હું કોઈની ટીકા નથી કરતો પણ સાચી વાત કહું, પણ મારો સમાજ આંધળો છે. તે આવાં કામોની પાછળ પૈસા ખર્ચે છે.

## સંન્યાસીઓના આશ્રમોમાં માલમલીદાની ખાણીપીણીથી બ્રહ્મચર્યનું પાલન અશક્ય છે

જે કામમાંથી સમાજ માટે જ્ઞાન પેદા થાય, નવી સમજણ જાગે, જુવાનોને કંઈક એનાથી પ્રેરણા મળે, એવાં કામ આજે જરૂરનાં છે, પણ તે કોણ કરે ? કોને કહે ? માટે મારી તો તમને પ્રાર્થના છે ભાઈ, કે તમારા બધાંનું છોકરું છું. ગરીબ છું. હજુ પણ ગરીબ છું. હિંદુસ્તાનના બધા સંન્યાસીઓના મઠમાં ફર્યો છું સાહેબ. આ સંન્યાસીઓના આશ્રમોમાં ફર્યો છું. જ્ઞાન પામવાને માટે, પણ મને અનુભવ થયો નથી. અને ત્યાં ઓ બગાડો. ઓ બગાડો. કંઈ સુમાર વગરનો સાહેબ. મને તો એમની સાથે વાત પણ ન કરવા દે. કહે કે *ચર્ચા ક્યું કરતા હૈ ?* મેં કહ્યું તમે બ્રહ્મચર્ય પાળી કેવી રીતે શકો ? આવા માલમલીદા ખાઈને ? હજુ ત્યાં એમ ચાલે. એ વાત બરાબર નથી. એક કાળ જાગશે ત્યારે અમારાં લેખાં લેવાશે.

## પેરેસાઇટસ્ સાધુ-સંન્યાસીઓ કંઈ નહિ તો હિંદુઓને ખ્રિસ્તી-મુસ્લિમ થતા અટકાવે

અમે તો સાહેબ Parasites–પેરેસાઈટસ્ એટલે તમને ગુજરાતીમાં કહું કે, જેણે જોયું હોય તે સમજે. જે ઝાડ પર ચઢે એ ઝાડને ખઈ જાય. તે અમે એવા આ Parasites—પારકાં ઉપર જીવનારા લોકો. એનો વિશેષ ધર્મ છે. સમાજ પાસેથી એ બધું ખાય છે. સમાજ પાસેથી. એ કહે કે *હમકો હમારા ભગવાન દેતા હૈ. બ્રહ્મ દેતા હૈ. કિધર બ્રહ્મ હૈ તેરા ?* સમાજ પાસેથી ખાય છે અને સમાજ પાસેથી મેળવે છે. એ સમાજનું ઉત્તમમાં ઉત્તમ સમાજમાં પુનર્જીવન પ્રગટે, નવી પ્રેરણા પ્રગટે, ઉત્સાહ, સાહસ, હિંમત, ધીરજ આવા ગુણ પ્રગટે એ કામ કરવાનું અને એય ના કરે તો **હિંદુ ધર્મની રક્ષા થાય એ તો કરે, કે આ ખ્રિસ્તીઓ અને મુસલમાન થતા અટકાવે. એ મારી સાધુસમાજને પ્રાર્થના છે કે અલ્યા ભઈ, તમે જાગો. કાં તમે તમારાં કાન, આંખ ખોલો જરા કે તમે એટલું તો કરો. આ આચાર્યો. હિંદુ ધર્મના સંપ્રદાયના આચાર્યો**

**ગાદી પર બેસી રહે એ હવે નહિ ચાલે. એક કાળ આવશે તે લેખાં લેવાશે.**

## સમાજ પાસે રોટલો તો મારું પેન્શન છે

મેં તો સાહેબ વીસ વર્ષ મસ્તીથી દેશની સેવા કરી છે. રોટલો તો મારું પેન્શન છે. આ સમાજ ના આપે તો લૂંટીને મારો રોટલો ખઉં અને જેલ જવામાં મને વાંધો નથી. કહીશ કે મને સમાજે મારું પેન્શન ના આપ્યું માટે મેં લૂંટ્યું. વીસ વર્ષ મેં મસ્તીથી સેવા કરી તો એને પેન્શન મળે છે. સિપાઈ પણ વીસ વર્ષ કરે તો પેન્શન મળે. લશ્કરના માણસ વીસ વર્ષ કરે તો પેન્શન મળે. મારો રોટલો તો સમાજ પાસે પેન્શન છે. હું પેરેસાઈટસ્ નથી, પણ **આ સાધુઓને જરૂર હું કહું છું કે આ સમાજનું આ કામ કરો. કંઈ નહિ, તો આ હિંદુઓ મુસલમાનો ને ખ્રિસ્તી ના થાય એટલું તો કરો, પણ એને પૈસા આપશે સમાજ. સમાજ આંધળો છે. તદ્દન સાચી વાત કહું છું.**

## પરમાર્થ વિચારીને કરો : પૈસાનો વેડફાટ પરમાર્થ નથી

તો આ કાળ પ્રમાણે વિચારવું જોઈએ. કાંઈ નહિ તો આટલા બેઠેલા છે એટલાને મારી પ્રાર્થના છે કે તમે પરમાર્થ કરો તો વિચારીને કરજો. **ગમે ત્યાં પૈસા આપશો એનું નામ પરમાર્થ નથી. અને એનું તો ઊલટું જે નુકસાન થશે એનું પાપ તમને લાગવાનું છે.** કે ભગવાને તમને બુદ્ધિ આપી છે. એ બુદ્ધિનો ઉપયોગ કરો. ગમે તેમ પૈસા વેડફવાનો તમને અધિકાર નથી. પૈસા તમને સમાજ પાસેથી મળ્યા છે. કંઈ આકાશમાંથી પૈસા પડ્યા નથી. કે અમે અમારી બુદ્ધિથી રળ્યા છીએ. ડહાપણથી, અમારી શક્તિથી. તો શક્તિ આવી કંઈથી ? સમાજની પાસેથી તમે પૈસા મેળવ્યા છે. સમાજને તમે આપો. નહિ તો લૂંટાઈ જશો સાહેબ. આ કાળ એવો આવે છે. તે પહેલાં જેને ચેતવું હોય તે ચેતે.

પણ મારી તમને ફરીથી પ્રાર્થના છે કે આ કામો તો મેં તમને ગણાવ્યાં. એ કામો તમને જો સારાં લાગતાં હોય તો બહેનો ને ભાઈઓને મારી પ્રાર્થના છે કે આ કામને માટે **મોટા**ને મદદ કરવી જોઈએ.

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણીમાંથી

## ('બી' વિભાગ)

## પુરુષાર્થ અને પ્રારબ્ધ

પુરુષાર્થ અને પ્રારબ્ધ વિશે ઘણા લોકો પૂછપૂછ કર્યા કરે. મને પોતાને જે સમજાયું છે તે કહું છું. મારું તદ્દન સાચું જ છે એવો મારો કોઈ દાવો નથી, પણ અનુભવથી જે મને સમજણ મળી છે, તે ઉપરથી કહું છું.

આખી રચના બધી દ્વંદ્વની છે. પૃથ્વીની રચના કહો તો દ્વંદ્વની છે. દ્વંદ્વ એટલે આવાં સત-અસત, પ્રકાશ-અંધકાર, નીતિ-અનીતિ, પાપ-પુણ્ય આવાં બે એકબીજાથી સામસામેનાં વિરોધાત્મક જોડકાં. ત્યારે પ્રારબ્ધ અને પુરુષાર્થ એ પણ એક જોડકું. એટલે કે દ્વંદ્વ કહેવાય. એ એમાં પરસ્પર બે મળીને થનારું એક તત્ત્વ. એટલે પુરુષાર્થ આ પ્રારબ્ધ પર આધાર રાખે છે એમ નથી. બન્નેનાં પાસાં જુદાં જુદાં અને ખાસ કરીને તો પુરુષાર્થમાં જે સર્જન કરવાની શક્તિ છે, એ પ્રારબ્ધમાં નથી.

પ્રારબ્ધ એ માત્ર આપણું વલણ બતાવે છે. પ્રારબ્ધ સોએ સો ટકા નિર્માણ નિશ્ચિત જ છે એવું નથી. પ્રારબ્ધ Pliable છે. એક વલણ બતાવે. વલણ બતાવે એટલે કે એક Tendency આપણને બતાવે. કે આપણી હવે ભવિષ્યમાં આ તરફ આનાથી ગતિ થવાની છે.

એ ગતિને આપણે પુરુષાર્થથી ફેરવી શકીએ. જો ફેરવી શકવાની જ કોઈ શક્યતા ન હોત અને પ્રારબ્ધ જ જો સાચું હોત તો તો કોઈ જીવ શિવ થઈ શકે જ નહિ. અને કંઈ કશું આપણે નવસર્જન પણ ન કરી શકીએ. અને એમાં કાંઈ ફેરફાર પણ ન થઈ શકે. અને પ્રારબ્ધ એ જ જો માત્ર સાચું હોત તો પુરુષાર્થનો પછી કાંઈ આધાર જ નહિ

રહ્યોને. પુરુષાર્થ તો તાબેદાર, ગુલામ થઈ ગયો પ્રારબ્ધનો. તો એવું કાંઈ નથી.

પ્રારબ્ધનું પણ અસ્તિત્વ છે. પુરુષાર્થનું અસ્તિત્વ છે. અને પ્રારબ્ધ તો Pliable છે. નવું એક વલણ બતાવી શકે. એ વલણમાં આપણે ધારીએ તો ફેરફાર કરી શકીએ એમ છીએ. અને તો જ એ પુરુષાર્થ સાચો ગણાય. આ મારી સમજણ છે.

## શક્તિપાતથી ધ્યાન

**પ્રશ્ન :** શક્તિપાતથી ઉત્તમ પ્રકારનું ધ્યાન થઈ શકે, એ વાત સાચી છે ?

**શ્રીમોટા :** ભાઈ, શક્તિપાતથી તો ઘણું થઈ શકે. ધ્યાન પણ કરાવી શકાય અને જીવનમાં ઊર્ધ્વ પ્રકારની શક્તિને પ્રગટાવી પણ શકાય, પરંતુ એ શક્તિપાતથી જે ધ્યાન વગેરેની પ્રક્રિયા અથવા તો ધ્યાન વગેરે આપણામાં જે થાય તેની યોગ્યતા જો આપણામાં પ્રગટી ન હોય, આધ્યાત્મિક જીવનના વિકાસ માટેની આપણી જિજ્ઞાસામાં જ્વાળામુખીના જેવી તમન્ના જો પ્રગટી ન હોય તો શક્તિપાતથી થયેલ ધ્યાન અથવા તો થયેલું કાંઈ પણ પરિણામ એ ઝાઝો કાળ આપણા જીવનમાં ટકશે નહિ.

જેમ દારૂ પીવે ને નશો ચઢે તો તે નશો ઊતરી જાય, પછી આપણા હાલહવાલ કેવા થાય છે એ જરા વિચારી જુઓ. એટલે શક્તિપાતની શક્યતા નથી હોતી એમ નથી. શક્તિપાતની વાસ્તવિકતા પણ છે. એ હું જાતે કબૂલ કરું છું, પરંતુ એવા શક્તિપાતથી આપણી જો પાત્રતા ન હોય, યોગ્યતા પ્રગટેલી ન હોય, જિજ્ઞાસાની એવી ઉત્તમ પ્રકારની આપણી ભૂમિકા પરિપક્વ થયેલી ન હોય તો એનાથી સતત ચાલુ રહ્યા કરતો અને સતત આપણે એ વિકાસના માર્ગમાં આગળ ધક્કેલાયાં જ કરીએ એવી જાતનો આપણને લાભ પ્રગટી નહિ શકે એવી મારી પાકી સમજણ છે.

ઉત્તમ પ્રકારનું ધ્યાન સહજપણે આપણામાં કેળવાયા જાય એને માટે તો જ્યાં સુધી રાગ, મોહાદિ, કામ, ક્રોધ, લોભ, મોહ, અહમ્ આદિ નિર્મૂળ થાય ત્યારે જ એ સહજપણે આપમેળે એ ધ્યાનમાં જે ઉત્તમતા પ્રગટે છે એવું સહજ ધ્યાન એ જ ઉત્તમ ધ્યાન છે. અને એ માટે તમારે વિશેષ સમજવું હોય તો 'આશ્રમ ભજનાવલિ'માં કબીરનું એક ભજન છે. *'સાધો સહજ સમાધ ભલી.'* એ તમે વાંચો તો તમને ખબર પડશે.

એટલે આપણે આવું ધ્યાન, ધ્યાનનું ઉત્તમપણું આપણા જીવનમાં પ્રગટે એ માટે જો આપણે મથવું હોય તો રાગદ્વેષાદિ, કામક્રોધાદિ કેમ કરીને ઘટે એને માટે જીવતોજાગતો પ્રયત્ન કર્યા કરો. તો એ સાચી હકીકત ધ્યાનને માટેની ભૂમિકા કેળવવા માટેની છે. તે ઉપરાંત, આ જાતનો કામક્રોધાદિકને મોળા પાડવાને માટે જે પ્રચંડ પુરુષાર્થની જરૂર છે, એના કરતાંય અમે કહીએ છીએ, કે જો તમારામાં પ્રેમની, ભક્તિની ભાવના જાગી જાય એની ઉન્મત્તતા પ્રગટે તો આવી ભક્તિમાં અને એવી ભક્તિની ભૂમિકા પ્રચંડપણે આપણામાં જાગતાં જાગતાં કામક્રોધાદિક એની મેળે જીવનની ઉચ્ચતર પ્રકારની વાસ્તવિકતામાં પ્રગટતાં જતાં હોય છે.

એટલે સાચી રીતે આપણે જે કરવાપણું છે, એ તો આ જીવનના **વિકાસ પરત્વેની ભક્તિની તમન્ના, ભક્તિની જિજ્ઞાસા જ્વાળામુખીના જેવી કેમ કરીને આપણામાં પ્રગટે એ વિશેનો આપણો સાચો પ્રયત્ન આપણામાં જાગવો જોઈએ.**

**આવા બધા જે એલફેલ શક્તિપાતના, ધ્યાન વગેરેના પ્રયત્નો છે, એ તો મને બહુ યોગ્ય પ્રકારના લાગતા નથી. અને એ તો ખાલી હવાતિયાં જેવાં છે ભાઈ.**

ખરી વસ્તુ તમારે આ જીવનમાં યાહોમ કરીને ઝંપલાવવાની તાકાત હોય, આ જીવનના ધ્યેયને માટે, એ ધ્યેયને એવા તમારા આદર્શને તમારા જીવનમાં એકાકારપણે સાચી રીતે સાકાર કરવું હોય

તો એ ધ્યેયને તમારા જીવનમાં સંપૂર્ણપણે પરિપૂર્ણતાથી એની ઉત્તમમાં ઉત્તમ કક્ષાએ જો એને ઉતારવું હોય એને સાકાર કરવું હોય તો સર્વસ્વ ભાવે, સર્વ રીતે સમર્પણ થઈ જઈને, ન્યોછાવર થઈ જઈને સંપૂર્ણપણે એમાં ફના થઈ જવું જ પડશે. અને એ માટે તો આપણી જિજ્ઞાસા જ્યારે આપણા જીવનમાં એના પરત્વે જો ખરેખરી જાગી હોય તો.

## સમૂહ ધ્યાનનો લાભ

સમૂહ ધ્યાનનો લાભ સામાન્ય જનતાને તે વખતે મળે ખરો કે કેમ ?

**શ્રીમોટા :** હવે આ વિશે સમજવા જેવું છે કે સમૂહ ધ્યાન વખતે એનો મુખ્ય નિર્માતા કોણ છે અને કેવી ભૂમિકાવાળો છે એના પર મુખ્ય આધાર છે. કોઈક ઉચ્ચ ભૂમિકાવાળો એટલે દા.ત., મહાત્મા ગાંધી. એ આશ્રમમાં રોજ જ્યારે સવાર, સાંજ પ્રાર્થનામાં બેસતા ત્યારે જે ભજન ગવાતું ત્યારે એ ભજનમાં એવા તદાકાર, જે તલ્લીન ને એકાગ્ર થઈ જતા અને એમાં એમનો ભાવ જે એકાગ્રપણે કેંદ્રિતતામાં પ્રગટતો એવો ઊંડાણમાં પ્રગટેલો ભાવ હંમેશાં વિસ્તારની ગતિને પામે છે.

હવે એ વિસ્તારની ગતિમાં, જ્યારે એ ભાવ પામે, ત્યારે તે વખતે તે પ્રાર્થનામાં બેઠેલા સમૂહની વ્યક્તિઓ તે પ્રાર્થનાના ભાવમાં પોતે પોતાના મનમાં બુદ્ધિથી પણ એક થોડા ઘણા પણ એકતાર થયેલા હોય તેવી વખતે પેલા એક કેંદ્રસ્થ માનવીના હૃદયમાં ઊઠેલો ભાવ જે વિસ્તારને પામતો હોય છે, તેવો ભાવ પેલા બધા માણસોને સ્પર્શે.

એ બધા માણસોમાં એવા બધા સમૂહમાં જે કોઈ વ્યક્તિ તે વખતે તેવા ભાવથી તેવો ભાવ તેને સ્પર્શે તે પહેલાં એક એવી સ્થિતિથી ત્યારે ઊંડાણમાં ગઈ હોય એવી વ્યક્તિને પેલો પ્રસરતો જતો ભાવ જ્યારે સ્પર્શે છે, ત્યારે તે વધારે ને વધારે ઊંડાણમાં વિશેષ કરીને જતો હોય છે. અને તે વખતે એવાને વધારેમાં વધારે એકાગ્રતાનો અને કેંદ્રિતતા થવાપણાનો લાભ મળે છે.

## સંસ્કૃતિ

*વ્યક્તિને ભાવ સ્પર્શે છે આધારે રોમ રોમ શો!*
*સમાજ-કેંદ્રને સ્પર્શે સંસ્કૃતિ તેવી રીત તો.*

*યુગયુગેથી સંસ્કૃતિ આવે ઘડતી કાળથી!*
*આવે છે તે ઘડાતો શો સમાજ સંસ્કૃતિ થકી.*

*ફેરફાર થતો આવે સંસ્કૃતિમાં જુદો જુદો,*
*પોતામાં ભેળવે વ્હેણો અનેક શાં પ્રકારનાં!*
*એમ સંસ્કૃતિ શી પોતે ઘડાયે નવ રૂપમાં!*

*સ્પર્શે છે વ્યક્તિને ભાવ, સંસ્કૃતિ તે સમાજને,*
*તેવી રીતે જ સ્પર્શે છે કાળે કાળે જુદી રીતે.*

*કાળે કાળે ન તે હોય એક જાતની સંસ્કૃતિ,*
*તેના જુદા જુદા વેશ છતાંયે एकથી બની.*

સંસ્કૃતિ અનંત કાળથી માનવસમાજના જીવનને ઘડતી આવી છે. એ સંસ્કૃતિનાં રૂપરંગ કોઈ કાળે એકસરખાં જુદા જુદા કાળમાં હોઈ શકતાં નથી. જુદા જુદા જ એના વેશ હોય છે. એના પહેરવેશ પણ જુદા હોય છે.

અનેક કાળે જેમ આપણી પ્રજામાં સમાજને અનેક બીજી સમાજની સંસ્કૃતિનો સ્પર્શ થતો ગયો, તેમ તેમ ચાલતી આવેલી સંસ્કૃતિ જે પ્રાણવાન છે, ચેતનવંતી છે, જાગ્રતિ છે, જીવતીજાગતી છે. જેનામાં ભાવ છે. એવી સંસ્કૃતિ નવા આવેલા સંસ્કૃતિના વહેણમાંથી એના હાર્દના પ્રાણ ચૂસી લે છે અને પોતાની અસલની જે સંસ્કૃતિ છે, એ સંસ્કૃતિ તે વહેણને પકડી લઈને પોતાનામાં અંગીભૂત, એકરસ કરી દઈને તે સંસ્કૃતિ પાછી નવી પ્રાણવાન થતી આવે છે.

કાળે કાળે જેમ જુદી જુદી ઋતુઓ છે. એકસરખી ઋતુ હોતી નથી. જેમ દિવસ રાત એ મૂળ સૂર્યને કરીને છે. જેમ સૂર્ય છે તે અખંડ છે. ચોવીસે કલાક એક ધગધગતો સતત પ્રકાશવાન છે. સૂર્યમાં કદી

દિવસ રાત નથી, પરંતુ પૃથ્વીના આકારના કારણે, પૃથ્વીના સંજોગોના કારણે પૃથ્વી અમુક અંશે ઢળતી છે અને ઢળતા પ્રકારના પૃથ્વીના આકારના કારણે અને એ રીતે એ સતત અમુક અંશે છે અને એ રીતે ફર્યા કરે છે, તેથી જ કરીને રાત્રિ દિવસ છે.

અસલ જેમ સૂર્ય એક જ છે. સતત પ્રકાશવાન છે. તેવી રીતે આ એક જે અખંડ, સનાતન, અનંત કાળથી ચાલી આવેલી જે ચેતનની ભાવના છે, એ ચેતનની ભાવનાને ધારણાને આ સંસ્કૃતિ પચાવે છે. એ સંસ્કૃતિ એ ધારણાને પોતાને પોતાનામાં એકરસ કરી દે છે.

પરંતુ કાળનો ધર્મ પણ જુદો જુદો હોય છે અને તે કાળે આવી જે જીવંત સંસ્કૃતિ છે, જે પ્રજાની આવી જે જીવંત ચેતનવંતી, જીવતીજાગતી, એકધારી એવી જે પ્રાણવાળી ભાવયુક્ત જે સંસ્કૃતિ છે, તે સંસ્કૃતિ કાળે કાળે કરીને અને બીજી સંસ્કૃતિ બીજા સમાજો જે મૂળ સમાજમાં ભળવાને માટે નિમિત્ત કારણે આવે છે, તેની સંસ્કૃતિના વહેણને તેના હાર્દને, તેને જે પોતાને પચાવવું યોગ્ય હોય અને જે પોતે પચાવી શકે એવી સ્થિતિમાં હોય, એવી શક્તિમાં હોય એને અને એવી પ્રાણવાળી જે સંસ્કૃતિ જીવતીજાગતી છે તે જ સંસ્કૃતિ એવાં બીજાં વહેણોનાં હાર્દને પોતાનામાં પચાવીને તેને એકરસ પોતામાં કરીને પોતાનામાં એને ભેળવી દે છે. અને એમ સંસ્કૃતિ પોતે અનેક જુદા જુદા નવા નવા વેશોને ધારણ કરતી ચાલી આવી છે અને એ સમાજને ઘડતી હોય છે.

કાળે કરીને એવી સંસ્કૃતિ જે પ્રાણવાન નથી હોતી એવી સંસ્કૃતિઓ આ પૃથ્વીના પડ ઉપરથી કેટલીયે નાશ થઈ ગઈ. જેનાં આજે નામનિશાન પણ નથી.

આ ભારતવર્ષમાં જે સંસ્કૃતિ સનાતન કાળથી ચાલી આવેલી છે, એ સંસ્કૃતિએ અનેક પ્રકારની સંસ્કૃતિનાં વહેણોને પોતાનામાં પચાવ્યાં છે. આ સંસ્કૃતિ ભલે અનંત કાળની આપણે ન કહીએ, કારણ કે આપણા ઈતિહાસની દૃષ્ટિમર્યાદા એટલે આઘે સુધી પહોંચી શકે એટલી શક્તિશાળી જીવંત નથી.

એટલા માટે હું એમ કહું કે આશરે ટિળક મહારાજની ગણતરી પ્રમાણે આઠ હજાર વર્ષ, ઋગ્વેદને આપણે મૂકીએ તો તે પહેલાંના કાળથી, ઋગ્વેદ રચાયાં તે પહેલાંના કાળથી આ સંસ્કૃતિ આપણા સમાજમાં હાર્દ કરીને બેઠી છે. એ સંસ્કૃતિ આજે મરી પરવાર્યા જેવી દેખાય છે, કારણ કે આપણો સમાજ આજે જીવતોજાગતો પ્રાણવાળો અનેક ગુણોની શક્તિ, સામર્થ્યવાળો છે નહિ. એટલે આપણને એમ લાગે છે.

પરંતુ આ સંસ્કૃતિની ખાણ મરી પરવારી નથી. આજે આ કાળમાં આપણા દેશમાં કેવા મહાન આત્માઓ થઈ ગયા છે! તેનો જરા આપણે માત્ર બુદ્ધિથી વિચાર કરીએ કે શ્રીઅરવિંદ, શ્રીમાતાજી, શ્રીરમણ મહર્ષિ, શ્રીઆનંદમયી માતા, શ્રીરામકૃષ્ણ પરમહંસ તો હમણાં જ થઈ ગયાં. વિવેકાનંદ. એવી કેટલીય વિભૂતિઓ ચેતનયુક્ત સતત જેના રોમેરોમમાં ચેતન ભડકે બળે છે. ભડકે બળે છે એનો અર્થ એવો તો નથી કે કોઈક બીજા અર્થમાં પણ રોમેરોમમાં જેના જીવનમાં આવી ચેતનની ધારણા પ્રગટેલી છે એવી વિભૂતિઓ આજે પણ આપણા દેશના સમાજમાં જીવતીજાગતી છે.

એટલે આ સંસ્કૃતિની ખાણ હજુ મરી પરવારેલી નથી. સમાજમાં એ સંસ્કૃતિના પ્રાણ આજે જીવતાજાગતા નથી એ વાત સાચી. એ હું કબૂલ કરું છું, પરંતુ તેમ છતાં એ સંસ્કૃતિ આજે મરી પરવારી નથી. પાછી એ જીવંત થવાની છે. એટલું જ નહિ પણ એ સંસ્કૃતિની ધજા પાછી હિમાલયના ગૌરીશંકરના શિખર ઉપર ફરફરતી થવાની છે. એ કાળ વાર લાગશે. જ્યારે એની ઉન્નતિના શિખર ઉપર પહોંચશે. એને ઘણો કાળ હજુ જોઈશે. ઓછામાં ઓછા પાંચસાત હજાર વર્ષ તો ખરાં. એનાથીય કદાચ ઓછાં વર્ષ થાય, પરંતુ આ જે સંસ્કૃતિ છે, એ સંસ્કૃતિ મરી પરવારવાને માટે એનું નિર્માણ થયેલું નથી.

એ સંસ્કૃતિ જે મરી પરવારવાની હોય છે, એનાં પણ લક્ષણ હોય છે. જે સંસ્કૃતિ કશું નવું ગ્રહણ કરતી નથી. એ સંસ્કૃતિ જાણજો કે મૃતપ્રાયઃ સ્થિતિની છે.

એવું જ આપણા જીવન વિશેનું છે. જે મનુષ્યનું જીવન આપણને મળેલું છે. એ મનુષ્યના જીવનમાં જો આપણે નવું ને નવું કશું શીખતાં ન રહ્યાં, તો એ જીવન આપણે ભલે જીવતાં હોઈએ પણ એ મૃતપ્રાયઃ દશાનું જ છે. એક ઘટમાળ, એક મડદાની ઘટમાળ જેવું એ જીવન છે.

**પ્રકૃતિનું જીવન ગમે તેટલા ઉચ્ચ ગુણોથી શણગારાયેલું હોય તેમ છતાં એ જીવદશાના ગુણોની મર્યાદા અંદર આત્માના ઊગેલા ગુણોની મર્યાદાની તોલે કદી નહિ આવી શકે. આ બહુ સમજવા જેવી વાત છે. એક ઊગેલા ગુણો અને જીવદશાના ગુણો, એક આત્માના પ્રભાવથી કરીને, એક ચેતનવંતી, ચેતનની ધારણાથી પ્રગટેલા જે ગુણો છે. એ ગુણોના સામર્થ્યને કોઈ મર્યાદા નથી. જીવદશામાંના ગુણોને મર્યાદા છે.**

આવી જે સંસ્કૃતિ છે. એવી આપણી સંસ્કૃતિ આજે પણ જીવંત દશામાં છે. અને એની ચેતનાની ધારણા એના હૃદયમાં આજે પણ જીવતીજાગતી છે. જોકે કોઈ સંસ્કૃતિ સમગ્ર સમાજના જીવનમાં પ્રગટેલી નથી એ વાત સાચી.

આ સંસ્કૃતિનો વિકાસ થવાને કાજે સમાજની પ્રત્યેક વ્યક્તિ, એ જો સમજે અને પોતાના જીવનના આદર્શને તે તે રીતે ઘડવાનો જો નિશ્ચય કરે, મરણિયો નિર્ધાર કરે તો તે પાછી સંસ્કૃતિ બહુ જ થોડા કાળમાં ઉન્નતિના શિખર પર પહોંચી શકે છે.

આપણે કાળને ટૂંકાવી પણ શકીએ છીએ અને કાળને લંબાવી પણ શકીએ છીએ. જેવા પ્રકારનું આપણે જીવન જીવીશું અને એ જીવન જીવવામાં આપણા જીવનની મહત્ત્વકાંક્ષા કેવા પ્રકારની છે. અને એ આપણી સંસ્કૃતિના આદર્શની પ્રમાણેની ચેતનની ભાવનાની ધારણાને પ્રમાણે જો આપણે આપણા જીવનને ઘડવાનો જો મરણિયો નિર્ધાર કરીશું, તો એ સંસ્કૃતિને ઉન્નતિના શિખરે પહોંચાડવામાં આપણે બહુ મોટો ભાગ આપી શકીશું. એટલું જ નહિ પણ એ સંસ્કૃતિ પાછી સજીવન થવાને વાર પણ લાગવાની નથી. હરિઃૐ તત્ સત્.

## લગ્ન, યજ્ઞ, જનોઈ દેવી, વગેરે વિધિઓ ગુજરાતીમાં કરવાનું કારણ

**પ્રશ્ન :** તો ગુજરાતી ભાષામાં લખીને એ બધું કરાવવાનું કેવા કારણથી બન્યું ? એની પાછળ **મોટા**નો શો હેતુ હશે ? એમ કેટલાકે મને પૂછેલું.

**શ્રીમોટા : મોટા**ને એવું કશું લખવાને મન તો સ્વાભાવિક રીતે પોતાની મેળે તો થયું જ ન હતું. પહેલવહેલું એક લગ્ન એક ભાઈ એમના સંબંધી છે એમના સ્વજન જેવા. એમ તો મોટા સાહિત્યકાર છે. લગભગ પચાસ ઉપરાંત તો એમણે પુસ્તકો લખ્યાં હશે. M.A. થયેલા છે. એવા એક ભાઈનું આશ્રમમાં લગ્ન કરવાનો પ્રસંગ સાંપડ્યો.

ત્યારે એમણે **મોટા**ને કહ્યું, **મોટા,** તમારા આશ્રમમાં તમારા હાથે અમારાં લગ્ન બે જણનાં પતિ-પત્નીનાં કરાવશો ? તો કહે હા, જરૂર, જરૂર કરાવીશ. એમાં શી મોટી વાત છે ભાઈ.

ત્યારે પણ **મોટા**ને એમ થયું મારી પાસે તો એ અંગેની તૈયારી કશી જ ન હતી. પહેલાં તો **મોટા**એ મનમાં ધાર્યું કે એક વેદી તૈયાર કરી અને ત્યાં અગ્નિ રાખી અને ત્યાં આહુતિ અપાવીને અને બે જણનાં હાથ મેળવી આપી કરીશું, પણ પછી એમને લાગ્યું કે આ રીત બરાબર નથી. અને આ સંસ્કૃતમાં લગ્નની રીત બધી સંસ્કૃતમાં હોય છે. તેથી આગળપાછળ બધાં લોકો જે બેઠેલાં હોય છે. એ તો બીડીઓ પીવે. વાતો કર્યા કરે. ગમે તે ગપ્પાં ઠોકે.

એટલે આવાં લગ્ન જેવા આખા જીવનનો જેના પર આધાર છે, એવા મહત્ત્વના પ્રસંગની વિશે કશું ગાંભીર્ય કે એની અસર પરણનારના મનમાં નથી હોતી અને આગળપાછળ ભેગાં થયેલાં લોકોનાં મનમાં પણ કશી હોતી નથી. એટલે **મોટા**ને એમ થયું કે આના વિશે ગુજરાતીમાં જો આપણે બધું લખ્યું હોય અને બધાં આવ્યાં હોય તે વખતે દરેકને એના વિશે લખેલું જે લગ્નની વિધિની બધું સાહિત્ય તે દરેકના હાથમાં આપીએ અને બધાં તે સાથે વરકન્યાની સાથે આચાર્યની સાથે પણ બધાં સાથે સાથે બોલે તો કોઈ વાતે પણ ન વળગે અને લગ્નનું મહત્ત્વ

પણ બધાં સમજે. એનું ગાંભીર્ય પણ જળવાઈ રહે અને એક વાતાવરણ તે વખતે પ્રગટી શકે.

આવો **મોટા**ને વિચાર આવ્યો એટલે એમણે લગ્ન ઉપર પહેલવહેલું પોતે બધું સાહિત્ય જોઈ કરીને લખ્યું અને તે પ્રમાણે સુરતના રાંદેર આશ્રમમાં પહેલવહેલા એ રીતે લગ્ન **મોટા**એ એક ભાઈનાં કરાવ્યાં.

ત્યારે ગુજરાતના ગાંધીજીના રચનાત્મક સેવાક્ષેત્રના પણ ઊંચી કક્ષાના મોટા માણસો પધારેલા અને બીજા પણ એવા નામાંકિત, પ્રતિષ્ઠિત એવા સદ્‌ગૃહસ્થો, સજ્જનો પણ પધારેલા. બહેનો પણ સારી સંખ્યામાં આવેલી. અને લગ્ન તે વખતે જ પહેલવહેલું **મોટા**એ આ રીતે ગુજરાતી સાહિત્યમાં એમણે જે બધું લખાણ લખેલું તેવી રીતે કરાવ્યું અને બધાંને ઘણું ગમ્યું હતું.

પરંતુ એમાં સપ્તપદી ન હતી. ત્યારે એક ભાઈએ એક સરકારી અમલદારે કહ્યું, '**મોટા**, આમાં તમારી એક મોટી ભૂલ છે. કેમ ભઈ ? શી ભૂલ છે ? તમે આ લગ્નની વિધિ તો બધી લખી પણ સપ્તપદી જો એમાં હોય નહિ તો આ લગ્ન કાયદેસર રીતે ગેરકાયદેસર ઠરશે. કેમ એનું કારણ શું ? તો, સપ્તપદી અનિવાર્ય છે. અને પ્રિવી કાઉન્સિલમાં એક આવો કેસ ગયેલો અને તેનાથી એમ નક્કી થયેલું કે અગ્નિ, પુરોહિત એટલે કે આચાર્ય અને આ સપ્તપદી એટલાં તો હોવાં જ જોઈએ. અને સપ્તપદી વિનાનું લગ્ન એ વિધિસરનું લગ્ન કાયદેસરનું નહિ ગણાય. તે પછી સપ્તપદી સાહિત્યમાં સંસ્કૃત સાહિત્યમાં જે છે તે વાંચી **મોટા**એ એનું ગુજરાતી પછી સપ્તપદીમાં પણ કર્યું.

તેવી જ રીતે જનોઈ દેવાનો પ્રસંગ આવ્યો ત્યારે જનોઈ વિશેનું બધું સાહિત્ય વાંચી કરીને એ ગુજરાતીમાં પણ એમણે લખ્યું.

તેવી જ રીતે કોઈએ ખાતમુહૂર્ત કરવાનું કહ્યું, તો તે વિશે પણ ખાતમુહૂર્તની વિધિ અંગે જે જે બધી વિધિ કરવી જોઈએ. જમીનમાં ખાતમુહૂર્ત જે ઠેકાણે કરવાનું હોય તેના મધ્ય ભાગમાં મોટો ખાડો કરીને એક માટલીમાં જે જે બધું મૂકવાનું સાધન હોય છે, તે તે બધું મુકાવતા એ. અને તેનું રહસ્ય અને હેતુ પણ સમજાવતા.

આ ખાતમુહૂર્તમાં તો મોટું મકાન થવાનું અથવા તો કંઈક થવાનું તો આના વડે કરીને આમાં જે મૂકવાનાં સાધનો બતાવે તે સાત જાતનાં અનાજ, પંચ ધાતુઓ, પંચ રત્ન, આ બધું જે મુકાવતા તેનો હેતુ એ કે ભઈ આવી રીતે આપણે મહેનત કરીને, ખૂબ રળીને આપણે આ બધું રળવાનું છે. આની પાછળ હેતુ આ છે. એવી રીતે એ વખતે પણ યજ્ઞ કરાવે. યજ્ઞ પણ એ જાતે કરાવતા.

એવી રીતે વાસ્તુમાં પણ. અને એ યજ્ઞમાં પણ ઘી વધારે હોમવાનું કે એવું કાંઈ કશું. **મોટા**—બધું બને ત્યાં સુધી સાદામાં સાદું નહિ જેવા જ ઘીથી કાંઈ પણ ખર્ચ કર્યા વગર આ એક યજ્ઞની પ્રથા એમણે પાડી.

અનેક પ્રસંગોએ જે લગ્નના, જનોઈના, ખાતમુહૂર્ત, વાસ્તુ વગેરેની જે બધી વિધિઓમાં એમણે જે સાહિત્ય લખ્યું છે. એક બળવાખોર, ક્રાંતિ પણ છે, કારણ કે આ બધા પ્રસંગે જે બ્રાહ્મણો અથવા તો આચાર્યો જે સંસ્કૃતમાં બોલે તે લોકો તો કોઈ સમજે કરે નહિ. કાંઈ જ કશું એનું ગાંભીર્ય, મહત્ત્વ પણ જળવાય નહિ. સાચવે નહિ. કોઈના મનમાં પણ એની વિધિ અંગે કશું જ ઠસે નહિ અને કોઈ જાણે કરે પણ નહિ.

એટલે આખી વિધિનો જે ક્રમ છે તે **મોટા**એ બદલ્યો. અને એને પોતે પોતાની આગવી રીતે અને એ ભાષા ગુજરાતી સાહિત્યમાં એને બધો યજ્ઞની વિધિનો મર્મ અને હાર્દ પૂરેપૂરું ઉતારીને એને સરળ ગુજરાતીમાં બહુ સુંદર રીતે એમણે આ બધું લખ્યું છે.

લગ્નની વિધિ અને સપ્તપદી તો આપણે બધાંએ પણ એ વાંચવા જેવી છે. સાહિત્યનાં ક્ષેત્રે ભલે એમાં કોક એને વધારે સુંદર ગુણ ન આપી શકે તો ભલે, પણ બધાંને આ સમજાય એવું છે. અને એમાં જે ભાવના **મોટા**એ ઉતારી છે તે થોડું પણ ભણેલો હોય તેને સમજણ પડે એ રીતનું છે. અને જનોઈનું તો ખરેખર બહુ જ ઉત્તમ છે.

એક સાહિત્યમાં પણ એક પોતાનું આગવું એક પથદર્શક એક અને ચિંતવન માગી લે એવું એ સાહિત્યમાં એમનું વ્યક્તવ્ય થયેલું છે. બાકી એ તો બીજી બધી જ વિધિઓ **મોટા** આવી રીતે ગુજરાતીમાં જ કરાવે છે. તેનું કારણ તો બધાં સમજે. એનું હૃદય સમજે, હેતુ સમજે.

એક વાતાવરણ જળવાઈ રહે તે પ્રસંગને લીધે અને વાતાવરણ આવા પ્રસંગોએ એક ભાવનાવાળું, મહત્ત્વપૂર્ણ, ગંભીરતાયુક્ત જામેલું હોય અને બધાંનું, તે પ્રસંગના હાર્દ પરત્વે સંકળાયેલું રહ્યા કરે તો એ હાર્દની તો એ પ્રસંગનું હાર્દ દીપી ઊઠે છે, ઝળકી ઊઠે છે. અને એની અસર પણ બધાંનાં દિલ પર ઘણી ભારે પડતી હોય છે. ઘણીવાર **મોટા**એ અને અમે બધાંએ આ અનુભવેલું છે.

## મૌનમંદિરની સ્થાપના

**મોટા,** હરિજન સેવામાંથી મુક્ત થયા, ત્યાર પછી એમણે આ ભગવાન પરત્વેની અભિમુખતા કોકનામાં પણ એક તલમાત્ર જેટલી પ્રગટે તો એ સ્થૂળ સેવા કરતાં આ પ્રકારની સૂક્ષ્મ સેવા અનેક પ્રકારે ચડિયાતી છે. અને સ્થૂળ સેવાની સાથે એની સરખામણી પણ ન થઈ શકે એવા પ્રકારની છે. એ એમના દિલમાં લાગેલું અને ત્યારથી આ ભગવાન પરત્વેની અભિમુખતા કેમ કરીને વધે એ પરત્વે એમની મીટ સદાયે એકધારી મંડાયેલી જીવંત રહ્યા કરતી હતી. અને એમાંથી એમણે આ મૌનમંદિરની રચના, એની ગોઠવણ અને એની સ્થાપના વિશે એમના મનમાં આકાર જન્મેલો.

ભગવાન પરત્વેની અભિમુખતા કેળવવા, પ્રગટાવવા, જન્માવવા, અહીં જીવંત ઠરવાને માટે તે તે જીવની અભિમુખતા અંતર્મુખપણે પ્રગટ્યા કરે તો એવી અંતર્મુખતા પ્રગટ્યા વિના એ અભિમુખતામાં કશું જીવંતપણું પ્રગટી શકશે નહિ, ત્યારે એવી અંતર્મુખતા પ્રગટવાને માટે એમણે આ મૌનમંદિરની રચના કરેલી છે.

આપણે બધાં જે જીવીએ છીએ તે બહિર્મુખપણે. આપણાં જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંકાર બધાં જ બહિર્મુખ. આપણે પોતે, માનવી પોતે પોતાના વિશે ભાગ્યે જ અંતરમાં અંતરથી વિચારતો હોય છે. આપણું બધું જ બહિર્મુખ. અંતરનું કશું જ આપણામાં જાગેલું હોતું નથી. **માણસ પોતે પોતાના કરતાં બીજાના વિશે જ વધારે ને વધારે વિચાર કરતો હોય છે.** એવા માણસો કદી પણ

ભગવાન પરત્વેની અભિમુખતા કેળવી શકવાના નથી. આ એમને **મોટા**ને દિલમાં સાચેસાચું લાગી ગયેલું. એટલે આપમેળે એની અભિમુખતાને અંતર્મુખપણામાં વાળવાનું થાય એવું જ આ એક એકાંગી મૌન કેળવવાનું સાધન એમણે ઉપજાવ્યું.

કારણ કે અંદર એને એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્— કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિયને બહારના ઉપયોગમાં વાપરવાનું તો કદી બનતું જ નથી. એ તો એને જાણે કે અજાણે પોતાના અંતરમાં જ વાળવી પડે. એટલે અંતર્મુખતા કેળવવાનું આ એક ઉત્તમમાં ઉત્તમ સાધન છે.

તે ઉપરાંત, જ્યારે આવા આશ્રમો સ્થિત થવા લાગ્યા, આશ્રમ ચાલવા લાગ્યા, ત્યારે **મોટા**ના મનમાં એમ થયેલું. એમણે જે સાધના કરેલી તે સાધનામાં જેમ એક અંતર્મુખતાનું એક વલણ હતું. ત્યારે બહિર્મુખમાં પણ એમને જીવનની સાધનામાં અંતર્મુખ થવાવાને માટે એને ભગવાનની અભિમુખતા કેળવવાને માટે ગુણ અને ભાવનાની અત્યંત આવશ્યકતા એમને લાગેલી.

ગુણ અને ભાવ જીવનમાં ચેતનપણે પ્રગટ્યા સિવાય, કેળવાયા વિના ભગવાન પરત્વેની અભિમુખતા કે જીવનનું અંતર્મુખપણું કદી સાચી રીતે જીવંત, ચેતનાત્મકપણે જીવતાંજાગતાં પ્રગટી શકવાનાં જ નથી એવી **મોટા**ને સો ટકાની ખાતરી થઈ ચૂકેલી છે એની એને પ્રતીતિ છે.

એટલે જેમ એમણે પોતે ભગવાનની અભિમુખતા કેળવવાને માટે, અંતર્મુખ થવાને માટે ગુણ અને ભાવ કેળવ્યા અથવા તો એમ કહોને કે કેળવાયા ગયા. તો આ **સમાજમાં પણ ભગવાન પરત્વેની અભિમુખતા જો પ્રગટાવવાની હોય કે જન્માવવાની હોય તો સમાજમાં પણ ગુણ અને ભાવ પ્રગટે તે અનિવાર્ય છે.**

બીજી એક **મોટા**ની હકીકત એ છે કે ગુણ અને ભાવ આપણા જીવનની સાથેસાથે જ ચાલ્યા આવશે. એ સંસ્કાર સાથે જ રહેવાના.

આપણે આ ખોળિયું ગયા પછી એની સાથે જેમ અનેક પ્રકારના સંસ્કારો સાથે ને સાથે સૂક્ષ્મ શરીરની સાથે જાય છે. તેમ આ જીવનમાં આપણે આપણાથી કેળવાયેલા જે ગુણ અને ભાવના સંસ્કારો પણ સાથે જ આવવાના.

એટલે ઉત્તમમાં ઉત્તમ કર્મ આ જીવનમાં આપણા માટે કોઈ હોય અને આપણે જીવનનું ભગવાનના કર્મ પરત્વેનું ભાથું જો આપણે સાચી રીતે બાંધવું હોય તો આ જીવનમાં આ ગુણ અને ભાવ કેળવાય અને એવા ગુણ અને ભાવ કેળવાયેલા હોય, એમાંથી જે ભક્તિ, જ્ઞાન વગેરે પ્રગટે એના સંસ્કાર, એ ભાથું એ ઉત્તમમાં ઉત્તમ ભાથું.

ત્યારે **મોટા**ને આ વિશેની પૂરેપૂરી સો ટકાની ખાતરી એમને થયેલી છે કે ગુણ અને ભાવ સિવાય ભગવાનને માર્ગે કોઈ જઈ શકશે નહિ. અને ધારો કે કોઈ જશે તો એમાં કશું ચેતન, પ્રાણ કશા પ્રગટી શકવાના નથી. ગુણ અને ભાવ અનિવાર્ય છે. **ભગવાનને માર્ગે જવાને માટે અભય, નમ્રતા, ધીરજ, સહિષ્ણુતા, તટસ્થતા, ઉદારતા, વિશાળતા, ત્યાગ, સાહસ, હિંમત આ બધા ગુણોની અનિવાર્યતા છે.**

ત્યારે આ ગુણો **મોટા**એ જેમ પોતાની રીતે પોતાના જીવનમાં ભગવાનને માર્ગે જતાં જતાં એમને એમની જરૂર પડી અને એ ગુણો કેળવવાની એમને ગરજ લાગી, સ્વાર્થ લાગ્યો, રસ એમાં લાગ્યો ને પોતે એ રીતે કેળવતા ગયા.

અભય તો જબરજસ્ત એમણે કેળવ્યો છે. નમ્રતા પણ એમણે એવી જ કેળવી છે. એટલી બધી હદ સુધી એમણે નમ્રતા કેળવેલી કે એમની હોશિયારી તો ક્યાંયે કોઈ ઠેકાણે વર્તાતી કોઈને પણ લાગી જ નથી.

હમણાં જ એમણે હરિજન આશ્રમમાં **મોટા**ને નોતરેલા. અનેક ઠેકાણે એમ તો **મોટા** જતા. એમ ને એમ તો જતા નથી. એમના લીધેલાં કામોને માટે કોઈ દાન-દક્ષિણા આપે ત્યાં જ જતા હોય છે. ત્યાં હરિજન આશ્રમમાં એમને રૂપિયા દોઢ હજાર ભેટ આપેલા. ત્યારે **મોટા**એ આ વાત બહુ ખુલ્લી રીતે કહી કે આ નમ્રતાની હદ તો એટલે

સુધી કેળવવાની છે કે પોતામાં બધી હોશિયારી હોવા છતાં, કાર્યદક્ષતા હોવા છતાં, વહેવારકુશળપણું હોવા છતાં, બીજી બધી પ્રકારની શક્તિ હોવા છતાં અને કર્મની દક્ષતા, અને કર્મનું કૌશલ્ય હોવા છતાં અને તે બધું કરી બતાવતા, પ્રત્યક્ષપણે કરી બતાવતા હોવા છતાં કંઈ પણ કશું એના વિશેનું જરા પણ યોગ્યપણે કોઈનાય ખ્યાલમાં ન બેસે અને બધા એને ભોટ ગણે એટલી હદ સુધીની નમ્રતા આ **મોટા**એ કેળવી હતી. અને તે વાત આશ્રમમાં બધાંને જૂનાંય પણ કેટલાક માણસો **મોટા**ના વખતના હતા તેવા માણસો પણ હતા અને તે બધાંએ પણ તે પરત્વે પોતાની સંમતિ પણ દર્શાવેલી.

ત્યારે આ જે ગુણો કેળવવાનું **મોટા**ને હૃદયમાં, હૃદયથી ખરેખરું લાગી ગયું અને તેવા ગુણ અને ભાવ કેળવાયા સિવાય ભગવાનની શક્તિ અથવા તો એનું અવતરણ આપણા આધારમાં થઈ શકતું નથી. એ પણ તેમને તદ્દન સાચી રીતે અનિવાર્યપણે લાગી ગયેલું.

ત્યારે એમણે વિચાર્યું એક અંતર્મુખ થવા માટેનું આ એક સાધન મૌનમંદિર એમણે ઉપજાવ્યાં.

## *મોટાની* અનોખી મૌલિક સામાજિક પ્રવૃત્તિઓ સમાજમાં ગુણ અને ભાવના પ્રગટાવવાના હેતુસર છે

તેવી રીતે સમાજમાં પણ ગુણ અને ભાવ પ્રગટે એવી પ્રવૃત્તિ પછી એમણે આદરી. અને એ ગુણ અને ભાવ એટલા માટે કે એ આપણા જીવનની સાથે ને સાથે જ આવવાના. ગુણ એટલે બહાદુરી, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ. આ તો કોઈ ગુંડો પણ બતાવી શકે. પણ આ જે ભાવ છે. ગુણની સાથે ભાવ નહિ હોય તો જીવનનાં ઉચ્ચતમ ક્ષેત્રોમાં દિવ્યતાનાં ક્ષેત્રોમાં ગુણ ટકી નહિ શકે.

ગુણને જીવનના ઉચ્ચતમ વિકાસનાં ક્ષેત્રોમાં પહોંચાડવાને માટે ગુંદર કે સરેસની ગરજ ભાવ સારે છે. ગુણને દિવ્યતમ ક્ષેત્રોમાં જે ચોંટાડેલા સતત રખાવ્યા કરે છે અને જેના વડે કરીને એ ચોંટેલા રહ્યા કરે છે તે ભાવ.

આ **મોટા**ની આવી ભાવ વિશેની સમજણ છે, બીજી કોઈ રીતે ભાવને સમજાવી નહિ શકાય, કારણ કે ભાવ એ તો Most એક Abstract એટલે કે અવ્યક્ત એક ભાવના છે, પણ એને આપણને સામાન્ય માણસને સમજણ પડે એ રીતે **મોટા** આ રીતે સમજાવે છે.

**ત્યારે સમાજમાં પણ ગુણ અને ભાવ પ્રગટે એવાં કામો *મોટાએ* હાથમાં લીધાં છે. તે ઉપરાંત, એમ *મોટાને* લાગેલું છે કે આ બહેનોના જીવનમાં જ્યાં સુધી ગુણો નહિ પ્રગટે, બહેનોનું જીવન ખરેખરી રીતે, મૌલિક રીતે, સર્જનાત્મક નહિ પ્રગટી શકે ત્યાં સુધી આપણા સમાજનો પણ ઉદ્ધાર નથી.**

**મોટા** સામાન્ય રીતે અને એ માટે પણ એ એકલા હાથે મથ્યા છે. ત્યારે એમનું શરીર પણ બિલકુલ ચાલી શકે એવું ન હતું. માંદું ઘણું હતું અને રોગોવાળું હતું. તેમ છતાં કેટલું મથી મથીને પણ એ મહાજન શક્તિદળ નામની સંસ્થા એમણે ઊભી કરી. બહેનોમાં ગુણ અને ભાવ પ્રગટે એટલા માટે.

પછી **મોટા** તો એ કામ પૈસા સોંપી, સંસ્થાને સોંપીને પછી છૂટા થઈ જાય છે. પછી તો એ કામને એ શક્તિ, એ લક્ષ્મી જે **મોટા** જેને જેને આપે છે તે પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ એ બધા કરવાના છે. એ વાત પણ **મોટા** સાચી સારી રીતે જાણે છે, **પણ પોતાને જે લાગ્યું તે પોતે કરી ચૂકવું અને એમાંથી પછી પરિણામ તો પોતે જે નીપજવું હોય તે નીપજે.**

બીજો **મોટા**નો હેતુ એ છે કે જે કોઈયે ન કરતું હોય એવું અનોખી રીતે કામ કરવું. ઘણાં બધાં **મોટા**ને કહે, કારણ કે ૨૦ વર્ષ તો એમણે આ ગાંધીજીના બતાવેલા રચનાત્મક માર્ગે સેવા કર્યા કીધી.

ત્યારે ઘણાં બધાંને એમ થાય કે **મોટા** તમે આટલાં બધાં વર્ષો આમાં સેવા કરી ને હવે આ બધું કેમ હરિજનનું સેવાનું કામ નથી કરતાં ને કેમ આ બધું ?

ત્યારે **મોટા**ની સમજણ એવી છે કે ભઈ એ બધાં કામ તો કરનારાં ઘણાં બધાં પડેલા છે અને બધાં કરે જ છે. મારે તો એવું કોઈ કામ કરવું છે કે જે કોઈ જ કામ ન કરતું હોય.

આ હિંદુસ્તાનમાં પહેલવહેલી તરવાની હરીફાઈ હરિઃૐ આશ્રમે **મોટા**એ જ કરી. હોડીઓની હરીફાઈ, સમુદ્રની હરીફાઈ, બીજી બધી હરીફાઈઓ, નર્મદામાં ૧૫ થી ૨૦ માઈલની. અખિલ ભારતીય ધોરણે (અરબી સમુદ્રમાં) તરવાની હરીફાઈ. હોડીઓની હરીફાઈ. આ બધી. સાઈકલોની હરીફાઈ.

આ બધાં કામો **મોટા**એ શરૂ કર્યાં. તેની પાછળ એમનો હેતુ સમાજમાં ગુણ પ્રગટે અને ભાવ પ્રગટવાને માટે પણ એ એમની રીતે મથ્યા કરે છે. એવું સાહિત્ય પણ પ્રગટાવ્યા કરે છે. અને સાહિત્ય દ્વારા પણ ભાવ પ્રગટી શકે છે. એટલા માટે જીવનચરિત્રો, ઉત્તમ પ્રકારની ભાવનાત્મક મૌલિક વાર્તાનું સર્જન થાય એ પણ એમનો હેતુ છે ખરો. અને એવા પ્રકારનાં દાન પણ **મોટા**એ કરેલાં છે.

**મોટા**ની આ સમાજના જીવનમાં ગુણ અને ભાવના પ્રગટાવવાની કોઈ અનોખી એક સમજણ ને રીત છે. ભલે થોડા માણસોમાં પણ એ ગુણ પ્રગટે તો એ ગુણ કંઈ નાસી જવાનો નથી. એમાં આ **મોટા**નાં કર્મની એક રીત છે.

## મરણ ટાણે ભગવાનનું નામ દેવાથી મોક્ષ મળે ખરો ?

**પ્રશ્ન :** મરણ વખતે ભગવાનનું નામસ્મરણ થાય તો તેથી મોક્ષ મળે એ હકીકત સાચી છે ?

**શ્રીમોટા :** પ્રશ્ન તો તમે ઘણો સારો કર્યો. મરણ વખતે ભગવાનનું સ્મરણ થાય તો સ્મરણ ટકી રહે કે યાદ આવે તો તેથી કાંઈ મોક્ષ ન મળે. મોક્ષ કાંઈ એમ એટલો બધો રેઢો પડ્યો નથી, પરંતુ મરણ વખતે શરીર છૂટતાં શરીરમાંથી ચેતન જ્યારે નીકળી જાય છે. જીવ નીકળી જતો હોય છે, ત્યારે જો ભગવાનનું નામ લેવાય તો ઉત્તમ પ્રકારની ગતિ થાય છે.

સદ્‌ભાવવાળી સ્થિતિમાં એનામાં કાંઈક સામાન્ય જીવ કરતાં ઊંચી ગતિવાળી સ્થિતિ થાય છે. એ હકીકત માનવા જેવી છે. એનું કારણ હું તમને બુદ્ધિ સ્વીકારી શકે એ રીતે ભગવાનની કૃપાથી કહી શકું ખરો.

જ્યારે શરીરમાંથી, રોમેરોમમાંથી કોઈક પ્રકારની ચેતનની જે Energy કહે છે, ચેતનની કોઈ શક્તિ કહે છે. એવી શક્તિ રોમે-રોમમાંથી શરીરમાંથી નીકળીને કોક એક ઠેકાણે, શરીરના આધારમાં કેંદ્રિત થતી હોય છે. તે શરીરના એકેએક અવયવોમાંથી, એકએક ભાગમાંથી રોમેરોમમાંથી, એને વાળમાંથી સુધ્ધાં, એના નાનામાં નાના ભાગમાંથી, એ પ્રાણશક્તિ, ચેતનની પ્રાણશક્તિ ખેંચાઈ, ખેંચાઈને કોઈક એક ઠેકાણે એકત્રિત થઈ જાય છે. અને એક ક્ષણમાં આ વસ્તુ બનતી હોય છે. અને એક ક્ષણથીય ઓછી ક્ષણમાં આ હકીકત બનતી હોય છે. જે આપણી બુદ્ધિમાં એ આવી શકે એવી હકીકત નથી, પણ આ તે વખતે બનતી સાચેસાચી હકીકત હોય છે.

તેવી વખતે આ શરીર જે છે અને શરીરમાં રહેલું ચેતન એ તો બધું નીકળી ગયેલું હોય છે. ત્યારે આ શરીરની જે પ્રકૃતિ છે. જે દ્વંદ્વ અને ગુણથી બનેલી છે. એ ત્યારે Predominant મહત્ત્વપણે ભાગ ભજવી રહેલી હોતી નથી. ત્યારે એનું આ સ્થૂળ શરીર એ પણ ભાગ ભજવી રહેલું હોતું નથી, પણ ત્યારે આ જે શરીરમાંથી એ પ્રાણ. પ્રાણની શક્તિ, ચેતનની પ્રાણની શક્તિ જ્યારે નીકળી રહીને કોઈક એક પળે એક ઠેકાણે, એકત્રિત, કેંદ્રિત થઈ ગયેલી હોય છે. થઈ જતી હોય છે. એ પળે એનું સ્થૂળ શરીર મહત્ત્વનું ભાગ ભજવતું હોતું નથી, પણ સૂક્ષ્મ શરીર જે નીકળવાની પ્રક્રિયામાં હોય છે અને તે વખતે એનું સૂક્ષ્મ શરીર જ Predominant મોટામાં મોટું મહત્ત્વપણે ભાગ ભજવી રહેલું. શરીરમાં એક ક્ષણ માટે પણ એ વખતે એ સૂક્ષ્મ શરીર આગળ મોખરે હોય છે.

સ્થૂળ શરીર મોખરે ત્યારે હોતું નથી. સૂક્ષ્મ શરીર મોખરે હોય છે. અને એ સૂક્ષ્મ શરીર મોખરે હોય છે, તે વખતે આ જે ભગવાનનું નામ

લેવાય છે એનો આધાર સૂક્ષ્મ શરીર છે. નહિ કે સ્થૂળ શરીર. અને આ મનાદિકરણ જે સ્થૂળને જ વળગી રહેલાં હોય છે અને જેમાં સ્થૂળ શરીરની જ પ્રક્રિયા કામક્રોધાદિક વૃત્તિઓ આદિ Predominant મહત્ત્વપણે ભાગ જ્યારે ભજવી રહેલી હોય છે, એનાં કરતાં આ સ્થૂળ શરીરમાંથી જ્યારે ચેતનની પ્રાણશક્તિ નીકળીને સૂક્ષ્મ શરીરમાં કેંદ્રિત થયેલી હોય છે, ત્યારે એનું સૂક્ષ્મ શરીર મહત્ત્વપણે શરીરમાંથી જીવ નીકળતી વખતે જ્યારે મહત્ત્વપણે મોખરે રહેલું હોય છે, તે વેળા આ ભગવાનનું નામ લેવાતું હોય છે.

તે વખતે એ સૂક્ષ્મ શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ આદિ એનો પ્રકાર કોઈ નોખો છે. એ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ આદિ જે છે, એ આ સ્થૂળ શરીર જ્યારે જીવતુંજાગતું હતું એની બધી પ્રક્રિયા, આ બધી ચાલ્યા કરતી હતી અને એને વળગી રહેલાં જે મનાદિકરણો હતાં, એનાં કરતાં સૂક્ષ્મ શરીર જ્યારે મોખરે હોય છે અને સૂક્ષ્મ શરીરને જ આધારે આ મનાદિકરણો તે પળે જે છે, એ પ્રકાર અને સ્થૂળ શરીરમાં મનાદિકરણ સ્થૂળ શરીર જીવતું હોય છે, ત્યારે જે એનાં મનાદિકરણ સ્થૂળ શરીરને જે વળગેલાં છે, તે એ બન્ને પ્રકારમાં ઘણો ફરક છે.

ત્યારે ચેતનાની પ્રાણશક્તિ શરીરમાંથી નીકળી જવાની પળે આ સૂક્ષ્મ શરીર આપણું મોખરે હોય છે. સૂક્ષ્મ શરીર દ્વારા આ જે ભગવાનનું નામ લેવાય છે એનું પરિણામ એની સારી ગતિમાં એટલે કે કોઈક હવે પછીના જન્મમાં એને કોઈ ભાવનાવાળી સ્થિતિમાં એ જીવ જન્મે એવી શક્યતાવાળું બની જાય છે.

એટલે મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કાંઈ ભગવાનનું નામ લેવાતું હોતું નથી કાં તો એનો દીર્ઘકાળનો અભ્યાસ હોય એવા જીવોથી પણ તે વખતે ભગવાનનું નામ એમને યાદ રહે જ એવો કશો નિયમ નથી. આપમેળે પણ કોકને થઈ જાય છે. જેને બિલકુલ અભ્યાસ નથી. જરા સરખો પણ અભ્યાસ નથી એવા માણસો પણ જો આવા જીવતાજાગતા જેનામાં ચેતનાની નિષ્ઠા પ્રગટેલી છે એવા અનુભવી

શરીરધારી આત્માઓની સાથે સંપર્કમાં આવ્યા હોય, અથવા તો એવાનું એણે કામ કર્યું હોય, અને ઘણું કામ કર્યું હોય, એકલદોકલ રીતે નહિ પણ ઘણું કામ કર્યું હોય તો એવાના અને એવાની ઉપર પેલા જે મહાત્માને રાગ હોય અથવા તો એને ઉત્કટ એના માટેનો કોઈક ભાવ એના દિલમાં હોય તો એવાને એવા જીવને પણ મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે.

અને એ સ્મરણ એ માત્ર આ સ્થૂળ શરીર જ્યારે જીવતું હોય છે અને એ બોલે છે એનાં કરતાં જ્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે ત્યારે રોમેરોમમાંથી ચેતનાની પ્રાણશક્તિ નીકળી જઈને કોઈક એક ઠેકાણે કેંદ્રિત થાય છે. આ પળનીયે પળની અંદર આ હકીકત બનતી હોય છે. તે વખતે જે સૂક્ષ્મ શરીર શરીરમાંથી નીકળી જવાની એકદમ તત્પરતામાં હોય છે. તો પછી તો નીકળી જતું હોય છે. તે પળે જે ભગવાનનું નામ બોલાય છે એ તો સૂક્ષ્મ શરીર લે છે. એ સૂક્ષ્મ શરીરમાં પણ આકાશ, તેજ ને વા, ત્રણ તત્ત્વ જ તૈયારીવાળાં હોય છે. એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં એ ભગવાનનું નામ એના આધારમાં વણાઈ જાય છે. શેના આધારમાં ? સૂક્ષ્મ શરીરના આધારમાં.

અને આ એક બહુ મોટી પ્રક્રિયા છે. અને એનો આવા જીવનો. કોઈક સારી ભાવનાવાળી ગતિની અંદર એનો જન્મ થાય છે.

## નિર્બળ કે બળ રામ

**શ્રીમોટા :** *'નિર્બળ કે બળ રામ'* એમ એક ભજનમાં આવે છે. અહીં 'નિર્બળ'નો અર્થ સમજવા જેવો છે. અહીં 'નિર્બળ' એટલે આપણામાં કંઈ કશું બળ નહિ એવો અર્થ નથી, પરંતુ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ અંતઃકરણનાં પ્રત્યેક કરણની જે શક્તિ છે. એ બધી શક્તિઓ વાપરીને અને તે પણ સંપૂર્ણપણે વાપરીને કોઈ પણ એવી ભયંકર, એવા માણસને, કોઈ એવા જીવાત્માને કોઈ આફત આવી ગઈ હોય. એ આફતમાં એ આફત ટાળવાને માટે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની એ પ્રત્યેક કરણની સર્વસ્વ શક્તિને પુરુષાર્થમાં

વાપરી દીધા પછી પણ જો એને ઉકેલ ન આવી શકતો હોય તો ત્યારે એ ભગવાનને પ્રાર્થના કરે અને ભગવાનનો આશરો લે. અને આવા બધા પુરુષાર્થ કરતી વખતે પણ એ ભગવાનને જ પોતાના આધારમાં મોખરે રાખીરાખીને જે કાંઈ કરતો હોય તે ભગવાનને મોખરે પ્રગટાવવાને માટે ભગવાનના અનુભવને માટે જ હોય છે. અને એનાં સકળ કર્મ- વહેવારમાં ભગવાન જ મોખરે હોય છે.

અને તેમ છતાં જ્યારે આ પ્રશ્નનો ઉકેલ ન આવતો હોય, ત્યારે સર્વસ્વ રીતે અને સર્વસ્વ ભાવે પોતાના પુરુષાર્થથી એ ફાવતો ન હોય અને હારી જાય અને ત્યારે એ ભગવાનને પ્રાર્થનાનો આર્તનાદથી, આર્દ્રતાથી પોકાર પાડે છે ત્યારે એ *'નિર્બળ કે બળ રામ'*.

પોતાનું બધું જ આપી ચૂક્યા પછીથી કંઈ જ કશું ન જ રહી શકે એવી સ્થિતિ થઈ જાય તેને એ 'નિર્બળતા!' *'નિર્બળ કે બળ રામ'*. ત્યારે એ જે હૈયામાંથી ઊંડામાં ઊંડો ધગધગતો એક આર્તનાદ એ સર્વ આધારનાં કેંદ્રોને વીંધી નાખે અને એની આરપાર જાય એવો પોકાર આ આર્દ્રતાથી એવી એક ભીનાશ એનામાં પ્રગટે છે, વેગ પ્રગટે છે. પોતે ત્યારે એને એ કોઈક એના જીવનનો જે કોયડો, ગૂંચ, એનો એક પ્રશ્ન, એને જે દર્દ, દુઃખ, ગમે તે એવો કોઈક સવાલ આવી પડ્યો હોય સામે કે જે મરણથી પણ, પોતાના મરણથી ન ઊકલી શકે એવો હોય. એવા કોયડાને, પ્રશ્નને ઉકેલ કરવાને માટે પોતાનાથી બનતું સઘળું અનેક રીતે એ કરી ચૂકે ત્યારે એ જે ફાવે નહિ ત્યારે એ ભગવાનનો આશ્રય લે. આવી રીતે થઈ જાય તેનો અર્થ *'નિર્બળ કે બળ રામ'*.

## તેનું દર્શન કરતાં કુળ ઇકોતેર તાર્યાં રે

**શ્રીમોટા :** નરસિંહ મહેતાએ ગાયું છે કે તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યાં છે.

તે આવો જે ભક્ત થઈ જાય. નરસિંહ મહેતાને કહું છું, કે એક એને નિરાકાર અને સાકાર બન્નેનો એને અનુભવ છે. નરસિંહ મહેતા ભક્ત પણ છે અને જ્ઞાની પણ છે. એવા માણસે આ જ્યારે ગાયું છે, તેનાં કુળ

ઈકોતેર તાર્યાં છે, એ કોઈક મારા કુળમાં એક ભક્ત થયા તો એના ઈકોતેર કુળ-ઈકોતેર પેઢી સુધી એની તરી જાય એમ એનો અર્થ નથી.

એનો અર્થ તો એનો જે ભાવ છે એ ભાવ જાગ્યો. એ ભાવ એને આ વાણી બોલાવે છે. અને જો સાચેસાચી આ જ કડી જો નરસિંહ મહેતાના મોઢાની હોય તો એમ હું કહું છું કે એ ભાવને કારણે બોલ્યા છે. એમાં કાંઈક અંશે અતિશયોક્તિ છે એમ મને લાગે છે.

કારણ કે ભગવાનના ભક્ત થયેલા અને સંપૂર્ણપણે ભગવાનના ભક્ત થઈ ગયેલા હોય અને જ્ઞાની હોય, અનુભવી હોય, પણ એના ફરજંદને જ આપણા આ કાળમાં પણ આપણે એવા કેટલાય જ્ઞાનીઓનાં કુટુંબ એમના પોતાના જ પુત્ર અથવા તો એમના ફરજંદો એવા જ્ઞાનવાળા કાંઈ હોતા નથી અને કેટલાય ઠેકાણે આપણે પ્રત્યક્ષપણે જોઈએ છીએ તો ઈકોતેર પેઢી સુધી તારવાની વાત તો બની શકે તેવી નથી ભઈ.

મારા પોતાના ભેજામાં તો એ ઊતરી શકતું જ નથી. મારી બુદ્ધિ તો એ કબૂલ કરતી નથી. અને ત્યારે આનું કાંઈક symbolic expression, કાંઈક પ્રતીક તરીકે કહેવાય તો કહેવાય.

એ જરૂર એમ કહેવાય એના સંપર્કમાં, પ્રેમભક્તિભાવથી અને પોતાના જીવનને અમુક કક્ષામાં, અમુક ભૂમિકામાં કેળવવું છે એવા જ્ઞાનની સભાનતાથી અને એવા હેતુના જ્ઞાનભાન સાથે એમને પ્રેમભક્તિથી આવા જે વળગેલા છે, એવા ઘણા લોકો એ પ્રકારના જ્ઞાનના વિકાસમાં ભાવનામાં પ્રગટી શકે એમ અર્થ તો થઈ શકે.

બીજો અર્થ એમ થાય કે એનાં કુળ ઈકોતેર એવાં. ઈકોતેર પ્રકારનાં કુળને. અથવા તો એવા ઘણા માણસ, ઘણાં કુળને, ઘણાં કુટુંબોને. જ્યાં જ્યાં કુટુંબો એમને સ્પર્શ્યાં તે બધાંયને એ ઉચ્ચ ભાવનાનાં ક્ષેત્રમાં તારી શકે. એટલે કે મોક્ષ અપાવી શકે એમ તો નહિ કહેવાય. મોક્ષ તો પોતેપોતાની જાતે જ એવી પ્રેમભક્તિભાવમાં પ્રગટી જઈને પોતે જાતે જ એ પ્રકારનો પ્રભુપ્રીત્યર્થે પ્રભુને માટે જ, અને પોતે પોતાના કલ્યાણને માટે જ. સર્વ પ્રકારે, સર્વ રીતે, સર્વ ભાવનાથી, સમર્પણપણે અને સર્વસ્વ રીતે ન્યોછાવર થઈને ફના થઈ જાય એવા જ લોકો મોક્ષ પામી શકશે.

બાકી આવા લોકો. આવા જે મુક્તાત્મા છે, જે ભક્ત છે, જ્ઞાની છે, અનુભવી છે. ચેતનામાં નિષ્ઠા પામેલા આત્મા—શરીરધારી છે. એ ઘણા લોકોને સ્પર્શે છે અને પોતાની ભાવના એમના આધારમાં બીજરૂપે આ રોપે છે. એ હકીકત પણ સાચી છે.

ઘણાના જીવનમાં આવા લોકો સ્પર્શતા હોય છે. એ પેલો એની પાસે પણ ન આવ્યો હોય અને એવા કેટલા પાસે આવનારા તો બહુ થોડા હોય. અને જે પાસે નથી અપ્રત્યક્ષ છે. એવા તો અગણિત લોકો છે. એ બધાંને પણ એ આવા જે મુક્ત લોકો છે, તે સ્પર્શતા હોય છે અને બીજનું આરોપણ કરે છે.

એ બીજ ક્યારે ફળશે તે કહેવાય નહિ, પણ એ ફળે ખરું, પણ પ્રત્યક્ષ આ જીવનમાં જ જેને અનુભવ કરવો છે તો એવા જે ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી છે એની સાથે પ્રેમભક્તિથી વળગી જુઓ.

એને સમજવાની કોશિશ ના કરો. સમજી તો કોઈ શકશે નહિ, પણ મારા બેટા, એમ ને એમ જ લઈ મંડ્યા છે કે આવો છે ને તેવો છે. અલ્યા ભઈ, તમે એની સાથે દોસ્તી કરો. તમે સંસારમાં ભાઈબંધી કરો છોને ? દુર્ગુણ જાણતા હોવ તોયે મહત્ત્વ આપતા હોવ છો અને ભાઈબંધીમાં પડ્યા રહો છો તમે. તો અમે કહીએ છીએ. એની સાથે મહોબત કેળવો. એની સાથે પ્રેમ કેળવો. એને માટે તમે તમારાથી બનતું બધું કરો. પ્રેમભક્તિથી પ્રેમભાવનાથી બધું કરો. એની મૈત્રી કેળવો. ભાઈબંધ થઈ જાવ એના. તો પછી જુઓ કે શું થાય છે, પણ એ પણ આ જગતમાં એવા બધા કરવાવાળા થોડા છે.

પણ નરસિંહ મહેતાએ આ ગાયું તે વાત સાચી છે. કુળ ઈકોતેર તાર્યાં છે કે જેના સ્પર્શમાં, જેના જેના કે અંગત સંબંધમાં આવા લોકો આવશે એના જીવનમાં કોઈ ને કોઈ પ્રકારે એ ગતિ પ્રેરાવ્યા સિવાય રહેતા નથી, રહેતા નથી ને રહેતા નથી.

॥ હરિઃૐ ॥

**“હું સર્વત્ર વિદ્યમાન છું.”**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧ - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧૨

## વલ્લભવિદ્યાનગર (જિ. ખેડા) મુકામે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ યોજેલ દીક્ષાદિન ઉત્સવ પ્રસંગ વેળાની પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

### નમ્ર વિનંતી

### સત (સંત) સાહિત્યના પ્રચારકો—ચાહકોને

પૂ. શ્રીમોટા અને અમારા શ્રીસદ્‌ગુરુદેવ પૂજ્ય શ્રીરવિશંકર મહારાજ (વાનપ્રસ્થી) એકબીજાના પરમ મિત્રો હતા. આ બન્ને પરમ મિત્રો વચ્ચે એક સમાનતાનું લક્ષણ નોંધનીય છે કે તેઓએ કોઈ પણ ક્ષેત્રમાં ક્યાંય પણ પોતાનો કોઈ અધિકાર સ્થાપિત કર્યો નથી. ઊલટાનો બીજાઓને અધિકાર બક્ષ્યો છે અને પોતાના અધિકારનો ત્યાગ કર્યો છે. તેને અનુસરીને પૂ. શ્રીમોટાની આ વાણીના પ્રકાશન ઉપર અમો કોઈ પણ અધિકાર સ્થાપિત કરતા નથી.

પૂ. શ્રીમોટાની આ વાણી ઘેરઘેર પહોંચે એ સત્‌કાર્યમાં શ્રીપ્રભુકૃપાથી અમો નિમિત્ત બન્યા છીએ એ જ અમારું અહોભાગ્ય છે.

સત (સંત) સાહિત્યના પ્રચારકો—ચાહકો પૂજ્ય શ્રીમોટાની આ વાણીને પોત-પોતાને ખર્ચે છપાવીને ખ્રિસ્તી પાદરીઓ ભગવાન ઈશુ ખ્રિસ્તનો સંદેશો ઘરે ઘરે પહોંચાડે છે અને ‘કર્મનો સિદ્ધાંત’ પુસ્તક છપાવીને ઘણા સજ્જનો ઘરે ઘરે પહોંચાડે છે, એ રીતે ઘરે ઘરે પહોંચાડે તે જ આ પુસ્તકની યોગ્ય કિંમત છે.

**પ્રકાશન દાતા,**
**પૂ. શ્રી રવિશંકર મહારાજ (વાનપ્રસ્થી)નાં હરિભક્તો**

સંપાદક :
**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપરૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

શ્રીમોટા-વાણી શ્રેણીનાં પુસ્તક પ્રકાશનનો મૂળભૂત હેતુ **મોટા**ની અપ્રસિદ્ધ વાણીની આવી પ્રાપ્ય કેસેટ્સ કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં તેને ગ્રંથસ્થ કરી લેવાનો.

શ્રીમોટાવાણીના આ પુસ્તક પ્રકાશનનો ખર્ચ પૂ. શ્રી રવિશંકર મહારાજ (વાનપ્રસ્થી)નાં હરિભક્તો તરફથી મળ્યો છે, જેઓ પૂ. શ્રીમોટાના કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવેલ નથી. માત્ર એક સંતનું સાહિત્ય પ્રગટ થાય છે તે હેતુસર જે ઉદારતાથી, ઉમળકાથી સહાય કરી છે, તે બદલ ઘણો ઘણો આભાર માનવામાં આવે છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપવાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. **મોટાનું આ કામ કરવાનો મારો એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ. મોટાનું આ કામ એ સમાજનું કામ છે.** હું પણ સમાજનું એક અંગ છું તેથી સમાજ પ્રત્યેની મારી ફરજ રૂપે આ કાર્ય મેં ઉપાડ્યું છે. **તો મોટાના આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઈચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય, તો તે પોતાનો સાથ-સહકાર વિના સંકોચે આપી શકે છે.**

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના પરમ સખા અને પૂ. ગાંધી બાપુની છત્રછાયા હેઠળ રચનાત્મક સેવાનાં કાર્યોમાં પંકાયેલી ત્રિપુટી (શ્રી ચૂનીલાલ આશારામ ભગત—પૂ. શ્રીમોટા, શ્રી પાંડુરંગ વળામે—પૂ. શ્રીરંગ અવધૂત બાપજી અને શ્રી રવિશંકર—પૂ. શ્રી રવિશંકર મહારાજ, વાનપ્રસ્થી)માંના એક એવા અમારા **પૂ. શ્રી સદ્‌ગુરુદેવ રવિશંકર મહારાજ (વાનપ્રસ્થી)**નાં ચરણકમળમાં આ પુસ્તકરૂપી પુષ્પાંજલિ સમર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**લિ. પૂ. શ્રી રવિશંકર મહારાજ (વાનપ્રસ્થી)નાં હરિભક્તો**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. બીજામાં દોષ જોનારાઓ સત્સંગ માટે નાલાયક ......... ૫૯
૨. ઉત્સવમાં સગવડઅગવડના ખ્યાલ છોડીને આવો ......... ૬૦
૩. દીક્ષા એટલે ........................................ ૬૦
૪. પૂ. ગાંધીબાપુની અનોખી શક્તિ ........................ ૬૧
૫. સાહિત્યનું સર્જન સરળ ભાષામાં કરો.................. ૬૨
૬. સ્ફુરણ થયેલ રચનાઓને મઠારવાની નહિ .............. ૬૪
૭. દીક્ષાદિન—વસંતપંચમીનો Significance ......................... ૬૫
૮. દીક્ષા માટે મા સાથે રકઝક ............................ ૬૬
૯. દીક્ષા : ત્રણ દિવસની બેભાન અવસ્થા ................. ૬૬
૧૦. ગુરુમહારાજના આકરા હુકમોનું પાલન.................. ૬૭
૧૧. ‘કર્મગાથા’ જિજ્ઞાસુઓને માર્ગદર્શન માટે ................ ૬૮
૧૨. **મોટા**ની નમ્રતા : ઉત્સવમાં અગવડ નિભાવી લેનારાંઓની માફી માગી ............................... ૬૯
૧૩. સરળ ગુજરાતીમાં ગીતાજી લખવાનું કારણ ............. ૬૯
૧૪. અનુભવી કાળને વશ વર્તે નહિ ........................ ૭૦
૧૫. વૈભવશાળી આશ્રમો—લક્ષ્મીનો દુરુપયોગ ............... ૭૧
૧૬. વાણી તેવું વર્તન થવું જોઈએ .......................... ૭૧
૧૭. ભગવાનને માર્ગે જનારાનાં લક્ષણો ..................... ૭૨
૧૮. આગ્રહ સમજપૂર્વક છોડો : **મોટા**નો પોતાનો દાખલો..... ૭૨
૧૯. ગઝલો : ‘હુકમ’ પરની ................................ ૭૪
૨૦. નિમિત્ત દ્વારા જ વ્યક્ત થવાય ......................... ૭૫
૨૧. કુદરતમાં બધું વ્યવસ્થિત છે ............................ ૭૫
૨૨. ભયંકર અંધાધૂંધી અને અસલામતીના દિવસો આવે છે ....... ૭૬
૨૩. સ્વાર્થની સાથેસાથે પરમાર્થ પણ કરો ................... ૭૬

૨૪. પરમાર્થ માટે **મોટા**નો પોતાનો દાખલો ................ ૭૭
૨૫. **મોટા**ની બળતરા—
સ્વજનો પુસ્તકો પણ વેચી આપતા નથી ................ ૭૭
૨૬. અવધૂતોની Tradition પ્રમાણે **મોટા** ચાલતા નથી ...... ૭૮
૨૭. **મોટા**ના પ્રેમનો સ્વજનો પ્રતિસાદ આપતા નથી ......... ૭૯
૨૮. પરમાર્થનાં કામો સભાનતા સાથે કરો
તો જ કલ્યાણ છે ................................ ૭૯
૨૯. **મોટા**નાં કામ ભગવાન કરે છે ......................... ૮૦
૩૦. શ્રીમદ્ રાજચંદ્રની મહાનતા .......................... ૮૧
૩૧. વૈભવવિલાસમાં રાચનારાંઓને ચેતવણી ................. ૮૧
૩૨. રશિયા અને ફ્રાંસના જમીનદારોના હાલહવાલ જુઓ..... ૮૨
૩૩. જેમની મહેનતથી કમાવ છો તેમને સાચવો ............ ૮૩
૩૪. સાધુ-સંતોનાં આરસપહાણનાં જાજરૂ-બાથરૂમો
માટે પૈસા આપો તે પરમાર્થ નથી..................... ૮૩
૩૫. **મોટા**નાં off the beat કામો ......................... ૮૩
૩૬. વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રવૃત્તિઓમાં વાળવા
**મોટા**એ શ્રીગણેશ કર્યા ............................... ૮૪
૩૭. પૈસાદારોને પૈસાની લોલુપતા છોડાવવા લૂંટવાની જરૂર ... ૮૫
૩૮. સુરતના લોકો **મોટા**ને મદદ નથી કરતા ................ ૮૫
૩૯. પરદેશમાં જેવાં ફાઉન્ડેશનો છે તેવાં અહીં સ્થાપો ........ ૮૫
૪૦. વૈજ્ઞાનિક સંશોધનો માટે રકમો ફાળવવી જોઈએ ......... ૮૬
૪૧. **મોટા** તો લગને લગને કુંવારા–
બીજા પાસે પરમાર્થ કરાવવા માટે...................... ૮૮
૪૨. બંગાળમાં બને છે, તે ગુજરાતમાં પણ આવશે જ ....... ૮૮
૪૩. વચ્ચેથી એક ભક્ત સ્વજનને.......................... ૮૯
૪૪. દાન વહેવારની રીતે ના કરો ......................... ૮૯
૪૫. ધર્મનાં લક્ષણ : ત્યાગ અને પરમાર્થ .................... ૮૯
૪૬. **મોટા**ની રચનાઓની સાહિત્યકારો દ્વારા અવગણના ...... ૯૦

૪૭. સંબંધમાં આવનારાંઓની મરજી **મોટા** સાચવે છે ......... ૯૦
૪૮. **મોટા**ની વ્યાવહારિકતા :
સૂતરની આંટીનો ઉપયોગ હાર તરીકે .................. ૯૧
૪૯. પરદેશની મદદ સ્વીકારવી શરમ ભરેલી વાત છે ........ ૯૨
૫૦. પૈસા મેળવવા તપ કરવું પડે........................... ૯૩
૫૧. શરીરમાં ચક્કરનું કારણ ................................ ૯૩
૫૨. શ્રેયસ હાઈસ્કૂલના ખાતમુહૂર્ત માટે દોડાદોડ ............. ૯૪
૫૩. સમાજનાં કામ માટે સમાજ મદદ કરે
તો જ પધરામણીમાં જવું .............................. ૯૪
૫૪. અનિયમિતતાનું કારણ : પારકાં સાધનોનો આધાર ....... ૯૫
૫૫. **મોટા**ની હાર્દિક અપીલ ................................ ૯૫

॥ હરિઃૐ ॥

# વલ્લભવિદ્યાનગર (જિ. ખેડા) મુકામે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ યોજેલ દીક્ષાદિન ઉત્સવ પ્રસંગ વેળાની પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

**પૂ. શ્રીમોટા :** ગઈ કાલનું (માથું પકડી રાખ ભાઈ) શરીર બરાબર નથી. આ તો ગુરુમહારાજની કૃપાથી આટલું બોલાય છે. અને અત્યારે પણ એવું કામ આવે તો શરીર ભગવાનની કૃપાથી લથડતું લથડતું પણ કામ આપે. એ બધી ભગવાનની કૃપા છે.

## બીજામાં દોષ જોનારાઓ સત્સંગ માટે નાલાયક

આજે ઘણા માણસોએ મને સવાલ પૂછ્યો કે **મોટા**, આ ઉત્સવ કોનો છે ? કોણ ઊજવે છે ? મેં કહ્યું વિદ્યાર્થીઓ ઊજવે છે. તો કોઈ છે તો નહિ. અલ્યા ભઈ ના હોય તેનું આપણે શું કામ. જેટલું થયું એટલું. નાહ્યા એટલું પુણ્ય. હું તો એવું સમજું છું કે જે થાય એમાંથી આપણે સાર ગ્રહણ કરી લો.

**આ તો મારા બેટા આપણે લોકો એવા કે છીંડાં ખોળીએ. અલ્યા તમે હજુ લાયક નથી. ભગવાનને માર્ગે જવાના આ સત્સંગ કરવાને લાયક નથી. બિલકુલ નાલાયક. જેને હજુ દોષ જોવાનું મન થાય તેણે સમજી લેવું કે આ માર્ગને માટે આપણે નાલાયક છીએ. તદ્દન સાચી વાત કહું છું.**

અલ્યા ભઈ, આટલું એણે કર્યું. જેણે મારા માટે આટલું કર્યું. હું તો વિદ્યાર્થીઓ માટે મથું છું. આટલું કર્યું તે મોટી વાત થઈ. ભઈ, આટલાં ભેગાં થયાં. આપણને દર્શન થયાં.

## ઉત્સવમાં સગવડ-અગવડના ખ્યાલ છોડી આવો

બીજી એક વાત માફી માગી લઉં કે જે કોઈ આવ્યા. તેને કોઈ જાતની તકલીફ પડી હોય. ખાવાપીવાનું. હું જાણું છું, પણ જો મનમાં લગાડ્યું તો મૂર્ખા. ફરીથી ના આવશો.

મારો ઉત્સવ થાય ને કંકોત્રી આવે તો ના આવશો ભઈ. **અહીં જેને તકલીફ વેઠવાની તૈયારી હોય તેણે આવવું. આ ફરીથી તમને બધાંને જાહેરમાં કહી દઉં છું. આ ચા ન મળી. આટલું બધું મોડું જમવાનું મળ્યું. કંઈ ઠેકાણું નથી. અલ્યા તમારું કંઈ ઠેકાણું છે ? કઈ બાબતમાં તમારું ઠેકાણું છે ? મને બતાવો તો ખરા. આ બધાંયને કહું છું. આ પ્લૅટફૉર્મ (મંચ) પર બેઠેલાનેય કહું છું. કોઈનું કશું ઠેકાણું નથી. જ્યારે આપણું જ ઠેકાણું ન હોય તો પછી ઠેકાણાની વાત પૂછવી નકામી છે.**

અને આ વિદ્યાર્થીઓ નથી આવ્યા તેનો કોઈ જાતનો વાંધો નથી. અરે ભાઈ! વિદ્યાર્થીઓ આટલું કરે છે, તે બહુ મોટી વાત છે.

## દીક્ષા એટલે...

હવે આ દીક્ષા દિવસની થોડી વાત કરી લઉં ને પછી બીજી વાત કરું.

ત્યારે આમાં લાંબું કશું કરવા જેવું નથી. આ દીક્ષા દિવસ. દીક્ષાનો અર્થ તો બધાં સમજે છે કે જે એક દિશામાં આપણું વહેણ ચાલતું હોય જીવદશાનું. (રામ★ માથું પકડી રાખ યાર) ભાઈ, માથું બરોબર સજ્જડ રાખજો. (સારું, મુક્તાબહેન તમે દાક્તર છો. કંઈ કશી દવા કરો. આ કાંતાબહેનને આ રાતનો કહું છું, તો કહે આ તો ફલાણું છે, ઢીંકણું છે. હમણાં અડધા કલાકમાં મટી જશે પણ હજુ તો મટ્યું નથી.)

દીક્ષા એટલે એક બાજુમાં જતા હોઈએ તેનાથી બીજી બાજુએ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે ને નદીનું એક બાજુ વહેણ

★શ્રી રામભાઈ પટેલ (રેલવેના રિટાયર્ડ ઇજનેર) હાલ સ્વર્ગસ્થ.

ચાલ્યું જતું હોય ત્યારે એ પાણીને બીજી દિશામાં લઈ જઈને ઉપયોગ કરવો. એનું નામ દીક્ષા.

પણ ત્યારે હું સાવ બુડથલ હતો. મને કંઈ ગતાગમ ન હતી, પણ ગુરુમહારાજે કૃપા કરી. અંદર વહેણ છુપાયેલું હશે એની તેમને ખાતરી. પાત્રતા વગર આ માર્ગમાં બનતું નથી સાહેબ. પાત્રતા બહુ જરૂરની છે. ભૂમિકા પણ જરૂરની છે. આજે તો બધાં લઈ મંડેલા છે. ધ્યાન ચલાવે છે. મારા બેટા અમસ્તા લઈ મંડેલા છે.

હું કહું છું કે ભઈ આ માર્ગમાં કોઈ Short Cut નથી. જ્યારે આવવાનું હશે. અને આ સાધના સહજ થઈ જાય. જેમ અત્યારે આપણા સ્વભાવથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્, રાગદ્વેષ, સહજ છે. એવી રીતે આ સાધના પણ સહજ થઈ જાય. એવી પ્રકૃતિ કોઈ બદલાઈ જશે. અનંત કાળે થશે ત્યારે ભગવાનની કૃપા અનંત. હાલ તો છે નહિ ભાઈ.

પણ આ ધ્યાન વગેરેને આજકાલ લોકો લઈ બેઠા છે. એમાં ફસાશો નહિ સાહેબ. હું આ ધર્મનો અનુભવ કરીને કહું છું. એમ નથી કે હું આ હિમાલયના પાંચ હજાર માઈલ દૂરથી કોઈ ગુફામાંથી આવીને કહું છું. હજુ તો મારા જીવનના સાથીઓ અહીં છે. જીવે છે. અને આ સંસારમાં રહીને. એટલું જ નહિ પણ પ્રત્યેક પ્રાપ્ત કર્મને ઉત્તમમાં ઉત્તમ રીતે પ્રભુપ્રીત્યર્થે ધર્મ પાળીને આ મેં કરેલું છે. એ જાણે છે.

અને મારા ગુરુમહારાજ તો એવા હોશિયાર સાહેબ. આ તો આડ-ફંટાઈ જઉં છું. દીક્ષા ઉપર કહેતો હતો.

મારા ગુરુમહારાજ એવા હોશિયાર કે અલ્યા, આ ઠક્કરબાપાની પ્રસ્તાવના લે. મેં કહ્યું. બાપા આમાં શું જાણે ? આ ઠક્કરબાપા—આ કર્મ વિશે મેં લખ્યું છે. તે ભગવાનને પંથે જવું હોય તો આ કર્મ કેવી રીતે કરવાં એના વિશે બહુ, પણ મારી ભાષા.

## પૂ. ગાંધીબાપુની અનોખી શક્તિ

ગુરુમહારાજને જેમ માનનારો તેવી રીતે જેના પરત્વે મને આદર હોય એનું વચન પ્રેમભક્તિથી પાલન કરવાવાળો છું. ગાંધીજીએ

૧૯૨૦માં કહેલું. ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાયેલી. મોટા મોટા પ્રતિષ્ઠિત એવા સાક્ષરો, કવિઓ બેઠેલા અને આપણે ત્યાં કૃપા કરીને ટાગોર સાહેબ પધારેલા. આપણા દેશમાં ત્યારે નરસિંહરાવ ભોળાનાથ અને રમણભાઈ નીલકંઠ, કનૈયાલાલ મુન્શી બીજાં બધાંનાં નામ નહિ કહું. બધાં જાણતા હશે સાહિત્યવાળાઓ બધા બેઠેલા અને ટાગોર સાહેબે એટલું સુંદર પ્રવચન કર્યું. હું ગયેલો ભઈ. હું જાતે. મને આમાં રસ એટલે હું ગયો હતો. મારી ભાષા ત્યારે બી.એ.માં ગુજરાતીમાં મારો વિષય હતો. પણ એમણે ભાષણ પ્રવચન કર્યું એટલે બાપુજી કહે કે ભઈ આનું ગુજરાતી કરો તમે કોઈ. Impossible, Impossible– ગુજરાતી ભાષાના કવિઓ, આપણા સાક્ષરો! આ બધા બોલી ઊઠ્યા. ગાંધીજીથી તો રહેવાયું નહિ. એ તો પોતે ઊઠ્યા ને એણે તો કર્યું. ગાંધીજીએ. એણે કાંઈ નોટ્સ-બોટ્સ રાખેલી નહિ ભઈ. બોલતા હતા ત્યારે. બિલકુલ નહિ. અને એવું સરસ બોલ્યા કે બધાં અચરજ પામ્યા.

## સાહિત્યનું સર્જન સરળ ભાષામાં કરો

ત્યારે એમાં એણે વાત કરી કે ભઈ, તમે એવું લખો કે સામાન્ય માણસ બધાં સમજે, પણ હવે આવા કવિઓના માથામાં ઊતરે ત્યારેને. પણ હું તો શીખી લેનાર માણસ, ગમે તેટલો વિષય અઘરો હોય તોપણ એની ભાષા તો સરળ મૂકો. મેં અત્યાર સુધી એ જ પ્રમાણે પાલન કર્યું છે. ૩૨-૩૩ તો પુસ્તકો લખ્યાં છે. આધ્યાત્મિક વિજ્ઞાન વિશે. અને હાલમાં એક ‘જિજ્ઞાસા’ છપાઈ રહી છે સાહેબ. એમાં ૧૫૦૦-૧૬૦૦ કડીઓ મેં લખી છે. અને બને તેટલા ઊંડાણમાં ગયો છું. આધ્યાત્મિક અનુભવનો વિષય મેં અંદર નથી મૂક્યો. અછડતો— સામાન્ય એનો જરાક—જરાક અડક્યો છું. નહિ જેટલું. બહુ ઊંડાણ છે એમાં. કે જેથી આ શરીર પડવાનું થયું છે, એટલે લોકો સમજી શકે. આ છોકરો—આ સમજતો હતો. એટલા માટે ‘જિજ્ઞાસા’ લખાયું છે.

ગુરુમહારાજે મને સાધનાનો ઈતિહાસ તો લખવાની ના પાડી છે. હવે એમાં મારે ઊતરવાની જરૂર નથી. એ તો એ જાણે. હું શું કરવા

એના વિશે નકામો વિચાર કરું ? પણ આ 'જિજ્ઞાસા' ઉપર મેં લખ્યું છે, પણ સરળ-ભાષા સરળ. અહીં ગુજરાતી જાણનારા પ્રોફેસરો પણ એકબે મારા મિત્ર આવીને બેઠા છે અને એટલું જ નહિ પણ ગીતાજી પણ મારા બહુ સરળ સાહેબ. એટલા બધા સામાન્ય. જેલમાંથી આવીને મારી માને મેં કહ્યું ગીતા. મારા રડ્યા તું શું લખતો હતો! પણ બા તું જરા હાથપગ ધોઈને બેસ તો ખરી મારે તને બારમો અધ્યાય ને પહેલો અધ્યાય વાંચી સંભળાવવો છે, તો વળી ભગવાનની કૃપાથી બેઠી. તે હું એને વાંચી સંભળાવું. તે કહે અલ્યા ચૂનિયા મને સમજણ પડે છે.

હું રાજી થયો કે સામાન્ય માણસને આ સમજાય એવી છે. અને એટલું જ નહિ જેને હજુ પૂછવું હોય તેને પૂછી આવો. ગુલાબરાય મંકોડી છે. પબ્લિક સર્વિસ કમિશનના સભાસદ છે. એ મારી આ ગીતા વાંચીને કહે, **મોટા** બહુ સરળ તેં લખી. આટલું બધું સરળ તો કદી જોયું નથી. હવે મારી પાસે એક્કે ચોપડી નથી અને એમણે પોતે પોતાના એક હજાર આપ્યા. સામાન્ય માણસ છે. બીજા મને પૈસા ઉઘરાવી આપ્યા. મારી મેળે હું કોઈ પુસ્તક છપાવું નહિ. ભઈ, કોઈ પૈસા આપે ત્યારે.

ત્યારે એ ગાંધીજીનો—મને એમના માટે ઘણી ભક્તિ—ભાઈ—એટલે મેં શીખી લીધું, જે લખવું તે સરળ બધાં સમજે. અંદરનું તત્ત્વ ના સમજે. એ તો જુદી વાત છે, પણ આ 'જિજ્ઞાસા' એટલી બધી અંદર ઊંડી લખી છે કે અનુભવની વાત અંદર આવી જાય છે. એટલી બધી ઊંડાણમાં મેં લખી છે પણ ભાષા સરળ અને અહીં બેઠા છે જેને એનો ક્રમ ગોઠવેલો. મેં કહ્યું મેં તો અગડંબગડં લખ્યું છે, પણ જરા તું એનો ક્રમ ગોઠવ. સુધારવાની જરૂર નથી. અને લખ્યું તે સાહેબ, બે—ચાર—પાંચ સુધારવાની વાત નહિ. જે લખાયું તે ખરું. ખલાસ.

હવે એલેમ્બિકવાળા રમણભાઈ સાહેબ બેઠા છે. મને સગવડ આપી. 'જીવનગીતા' મારે લખવી હતી. તે 'જીવનગીતા' એટલે

ગીતાજી લખવા હતા મારે. બે-બે પ્રતો તો થઈ ગઈ. ત્રીજી આવૃત્તિ એની છપાવાની હતી. તે છપાવનાર પણ મળી ગયા. મને તો ભગવાને હુકમ કર્યો, કે લખી જા આ થોડું થોડું. આ બધા શ્લોકો બહુ સંદિગ્ધ છે અંદર.

प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ।
सर्वदुःखानाम हानिउपजायते ॥ (गीता ३/३३)

સાલું, મેં કહ્યું આ તો કેમ ચાલવા દેવાય ? એનું રહસ્ય સમજાવવું જોઈએ.

આ પણ એટલા બધા સરળતાથી લખ્યા કે મેં લખ્યું ખરું પણ 'જીવનગીતા' જુદી જ લખાઈ. આ શરીર પડવાનું છે એની મને ખાતરી છે સાહેબ. અને બહુવાર નહિ લાગે. એટલે કે બે ચાર મહિનાની સાહેબ. પાછા માની ના લેતા હોં વાર છે હજુ.

## સ્ફુરણ થયેલ રચનાઓને મઠારવાની નહિ

ત્યારે એક 'જીવનગીતા' પણ ભગવાને લખાવી. પહેલે જ દિવસ ૨૨મી તારીખે પહોંચ્યો. સાહેબ પધારેલા ત્યાં. પણ તે જ દિવસે જે ઝરણું ફૂટ્યું. તે બધા વીસ–એકવીસ દિવસમાં ચારસો. હું કાંઈ સુધારવા બેસું નહિ. સાહિત્ય મારો વિષય છે ખરો પણ હવે હું ભાષા કે **આનું આમ થાય ને આનું આમ ગોઠવો ને આમ સારું લાગશે. સારું લગાડવાની અમારી પાસે કોઈ વાત નથી. જે નીકળ્યું તે ખરું. નરક નીકળ્યું તો નરક ને સ્વર્ગ નીકળ્યું તો સ્વર્ગ. સુવાસ નીકળી તો સુવાસ. જે નીકળ્યું તે ખરું.** અમારી પાસે બીજી કોઈ વાત નથી પણ લખાઈ સાહેબ. 'જીવનગીતા' ખરી એ લખી. એને માટે ભગવાને મને હુકમ આપેલો. આજે મને પછીથી સમજાયું. તે પણ સાહેબ છાપી આપનાર કોઈક ભગવાનની કૃપાથી નીકળ્યા.

પણ મૂળ વાત હું દીક્ષાની કહેતો હતો મને તો આ ઝનૂન હતું. આ સ્વરાજનું ઝનૂન. તે કેમે કરી નીકળે આ મડાગાંઠો.

આધ્યાત્મિક વિજ્ઞાન જેને મેળવવું છે તે સાહેબ સરળ નથી. છે તો સરળ. બહુ સરળ છે. આ પૈસા કમાવા એના કરતાંય સરળ છે. બહુ સરળ છે. તો કહે શું વાત કરો! કે હા. પણ કોને માટે ? જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના જેને પ્રવર્તતી હોય તેને માટે સરળ છે, બાકીનાંને માટે નહિ ભઈ.

## દીક્ષાદિન વસંતપંચમીનો Significance

મને એવી ધૂન પ્રગટેલી ન હતી. ઝનૂન તો મને હતું. સ્વરાજને માટે બહુ ઝનૂન હતું, પણ ગુરુમહારાજે કૃપા કરી. એણે અંદરનો ભંડાર જોયો હશે ભાઈ, તે મને આમાંથી આમાં વાળવાને પ્રયત્ન કર્યો. દીક્ષા આપી. વસંતપંચમી. આજનો જ દિવસ, પણ બહુ Significant. બહુ જ પ્રતીકરૂપ આ દિવસ છે. વસંત પૂરબહારમાં આંબા આવે. વસંત ઋતુમાં કુદરત નવો સ્વાંગ સજે છે. એટલાં બધાં આંબાને પણ મોર આવે. એ દૃશ્ય નિહાળવું એ તો જેને આંખ હોય ત્યારે એનું સૌંદર્ય. એની શોભા, એ જેની આંખ કેળવાયેલી હોય તે સમજે. પર્વતોમાં જાય તો કહે માળા હાળા આમાં—આ પથરામાં શું જોવું છે ? એમ કહેનારા મેં જાતોજાત સાંભળ્યા છે, પણ એના સૌંદર્યને પારખવાને માટે આંખ કેળવાયેલી જોઈએ. હૃદય કેળવાયેલું જોઈએ. બાકીનાંને એની ગતાગમ નહિ પડે ભાઈ.

ત્યારે એ ગુરુમહારાજે આ વસંત ઋતુમાં ત્યારે હું પણ સમજ્યો ન હતો ભાઈ પણ આજે ઘણાં વર્ષોથી આ જ્યારથી સમજણ મને પડી ત્યારથી સમજ્યો કે બરોબર આ symbolic action છે. પ્રતીકાત્મક હતું આ.

## દીક્ષા માટે મા સાથે રકઝક

પહેલાં તો ગુરુમહારાજ કહે તારી માની રજા લઈ આય. મારી બા પાસે ગયો. બા, એક ગુરુ આવ્યા છે. મારી બા જાણતી હતી, કારણ

કે પહેલવહેલા એમને મારે ઘેર જ લઈ ગયેલો. એ તો નાચે ને કૂદે ને ધમાધમ કરે. માળા હાળા વાંદરાને કંઈથી લાયો ? મારી બા કહે. બા હવે તું બોલીશ કરીશ નહિ પણ હવે એમણે મને કહ્યું છે કે દીક્ષા લેવાની છે. શું કરવાનું ? બા કશું મનેય ખબર નથી. તારે મારા રડ્યા શું ? તો ખબર નથી તે વિના શું આપણે બધું કરવું ? પૂછ એમને. તો મેં તો પૂછ્યું. બાપજી, મારી બા છે મારા બેટા, મારા રડ્યા ખબર વિનાનું તું બધું કરે તે સારું નહિ. પૂછ એમને. તો ભઈ, આ દીક્ષા આપું છું. પછી તારે ભગવાનને રસ્તે જવાનું. બહુ ઝાઝી મને ગતાગમ આ રસ્તાની કશી નહિ. તે પછી મેં તો મારી બાને કહ્યું કે ભગવાન. તો કહે સારું બા. બેટા સારું, ચૂનિયા, ભગવાનને રસ્તે જવાની વાત તો સારી છે, પણ આ તો તને સાધુ બનાવી દેશે તો ? મેં કહ્યું બા બની જઈશ. હોવે.... મારા રડ્યા તને અક્કલ નથીને. આ બધું કોણ ચલાવશે ? તારા નાના ભાઈઓ છે, આ છે બધાંને. મેં તો મહારાજને પૂછ્યું. તો કહે એ હું ના જાણું. તને તારા ગુરુમહારાજ જે કહે તે તારે કરવાનું. બા મેં કહ્યું એ તો એમ કહે છે કે હવે તું કરી લેને. હવે કહે છે તારે ભગવાનને રસ્તે જવાનું છે. એમાં શું ? શું વાંધો ? કશો વાંધો નહિ.

## દીક્ષા : ત્રણ દિવસની બેભાન અવસ્થા

દીક્ષા આપી મને તો. એ તો જે કંઈ કરતા હતા તે કર્યું. પહેલે દિવસે કહે તું ધ્યાન ધર. મેં કહ્યું શેનું ? શેનું ધ્યાન ધરવાનું ? આ તમને કહો તો જોઈ લઉં. તો કહે ધ્યાનની તને કશી ખબર નથી ? મેં કહ્યું ના, મને કશી ખબર નથી. તો કહે ધ્યાનનો અર્થ સમજે છે ? મેં કહ્યું એકીટશે એકાગ્રતાથી એક જ વિચાર આવે તે ધ્યાન કહેવાય. એવું આશરે આશરે કહું છું ભાઈ. તો કહે એમ જ કર તું, પણ એ તો થતું નથી મેં કહ્યું. આ મનમાં તો હજારો સંકલ્પવિકલ્પ આવે છે.

કેટલીકવાર આવો સમૂહ ભરાયો હોય ત્યારે સમૂહના વાતાવરણને લીધે એકાગ્રતા થવા અમારા મહાત્મા ગાંધીજી પ્રાર્થનામાં ઘણા લોકોએ

અનુભવ્યું છે, પણ એ સમૂહના વાતાવરણને લીધે. પછી તો એમણે એક આટલો મોટો ખીલો. બહુ મોટો. આઠનવ ઈંચનો મોટો. લોઢાનો. એનો પાછલો ડટ્ટો હોયને તે જોરથી અહીં માર્યો. મને ખબર નહિ કે આ ખીલો મને મારવાને કાઢ્યો. નહિ તો નાસી જાત ભઈ ત્યારે તો માર્યો ખીલો સાહેબ. તે દયા કરીને નહિ, ધીમે રહીને નહિ, જોરથી મારેલો. તમ્મર આવી જાય એવી જાતનો. તે આ શરીર બેભાન થઈ ગયું. ત્રણ દિવસે શરીર જાગેલું. એટલી મને ખબર છે. તે ત્યારે મને ખબર નહિ. જ્યારે ધીરે ધીરે ભાન આવવા લાગ્યું, ત્યારે હું મારા ગુરુમહારાજને પગે લાગ્યો હતો એટલી મને ખબર છે.

પછી પહેલવહેલું જ મને થયું કે ભઈ, પ્રભુ! ગુરુમહારાજ કેટલો ? કેટલા કલાક થયા ને કેટલા કલાક! હું *કલાકેક બેઠો કે અડધો કલાક બેઠો કે કેટલા કલાક ? કે તને તૈન દી!* ઓ.... ઓ.... મારું કામ બધું રહી ગયું. આ તમે શું કર્યું ? ત્યારે અમને કર્મની આ જાતની ઝંખના હતી સાહેબ. વિચાર કરજો કર્મ કરનારાઓ.

## ગુરુમહારાજના આકરા હુકમોનું પાલન

આ દીક્ષા દિવસ મારો. એ દીક્ષા મળી ત્યારથી જ એમણે મને હુકમ કર્યો કે ભઈ તારે ભગવાનનું નામ લેવાનું. હરિઃૐ બોલવાનું અને અખંડ કરી દેવાનું. અભય, નમ્રતા, મૌન અને એકાંત પાળવાનાં. ઘરમાં સૂવાનું નહિ, બસ. આટલી ખબર પડી. બીજું હું કાંઈ જાણતો નથી. એ તો કરતાં કરતાં સમજણ પડે છે, પણ એટલી વાત એવી કે જે કહ્યું તેનું પાલન કરવાને માટે બહુ મહેનત કરી છે. આજે હું એવી મહેનત કરનારા જોતો નથી.

આ માટે આ માર્ગ માટે કાં તો એને લગની લાગવી જોઈએ. કાં તો ગુરુમહારાજ પરત્વે એવી ભક્તિ લાગી જાય ને કહે તે કરે. કહે તે એટલે શું ? ગમે તે કહે. મેં નરક પણ ખાધેલું છે. ગુરુમહારાજના હુકમથી. નરકમાં સૂઈ રહ્યો છું. નવ દિવસ, આઠ દિવસ. ત્રણ ત્રણ ઈંચની પથારીમાં. સમુદ્રમાં ચાલ્યો ગયો છું. હું કાંઈ હિમાલયની

ગુફામાંથી આવીને વાત નથી કરતો. સાક્ષીઓ છે. મારા ગુરુમહારાજે મને કહેલું કે બેટા, એવી કોઈ વાત ન કરતો કે જે પ્રસંગનો કોઈ સાક્ષી ન હોય, કારણ કે એ કાળ જાણતા હતા.

## 'કર્મગાથા' જિજ્ઞાસુઓને માર્ગદર્શન માટે

અરે એટલું જ નહિ, પણ મને કહ્યું, કે આ બધાં પુસ્તકોની પ્રસ્તાવના—એક **'કર્મગાથા' મેં લખેલી. આ માર્ગે જનારાએ કર્મ કેવી રીતે કરવાં અને કેવો ભાવ રાખવો, કેવો હેતુ રાખવો એના વિશે 'કર્મગાથા' નામનું એક પુસ્તક સ્વતંત્રપણે ત્યારે કાંઈ લખતો નહિ.** કોઈ દહાડો નહિ, પણ આ હેમંતભાઈ, બીજા બધા મિત્રો, નંદુભાઈ બધા મને મળેલા. અને તે પણ મેં મારી મેળે એમને કહ્યું નથી, કે અલ્યા બેટાઓ, આવો. હું તમને આ શિખવાડું. કારણ કે મારી પાસે કશું શીખવાનું છે નહિ ભાઈ. મને આવડતું નથી. એ તો ગુરુમહારાજની કૃપાભગવાનની અનંત કૃપા છે મારા પર. બધાં ઉપર છે, પણ બીજાં દેખતાં નથી. મને દેખાય છે. જેમ આ માથું ફરે છે એમ.

ત્યારે એ લોકોના કાગળો આવે તેમને સમજાવાને માટે **આ માર્ગે જો તમારે આગળ ચાલવું હોય તો આ કર્મ આ રીતે કરવાં પડશે.** 'કર્મગાથા' મેં લખી ત્યારે ગુરુમહારાજ કહે કે ઠક્કરબાપાની પ્રસ્તાવના લે. મેં કહ્યું આ ઠક્કરબાપા આમાં શું જાણે ? રવિશંકર મહારાજની લે. તે જેને વાંચવું હોય તે વાંચી જજો. અને કેવી મસ્તીથી મેં કર્મ કર્યું છે, તે પણ અંદર જણાશે.

ત્યારે આ માર્ગમાં જવાને માટે ધગધગતી તમન્ના તો કર્મ કરતાં કરતાં એ જાતની જે સાધના કહી છે, તે કરવામાં જ જેનું મન લાગી જાય છે. આ તો ભગવાનને માર્ગે જવું છે.

## મોટાની નમ્રતા : ઉત્સવમાં અગવડ નિભાવી લેનારાંઓની માફી માગી

એક વાત કહી લઉં ભઈ, આ વ્યવસ્થા મારી નથી કે આશ્રમની નથી. એટલે કોઈક આડેઅવળે ગમે ત્યાં બેસાડ્યા હોય તો ખોટું લગાડશો નહિ. આજ તો લોકો ઝટઝટમાં ખોટું લગાડી દે છે. એટલે મારી તમને પ્રાર્થના છે. મારે તમારા બધાંની ઘણી જરૂર છે, પણ ખોટું લગાડો ને મારા પર મન ઓછું થઈ જાય તો મને મહદ નુકસાન, બહુ નુકસાન, ખોટ ભારે. અને આજે લોકોને ખોટું લાગતાં વાર નથી લાગતી સાહેબ. આ ખોટું નથી કહેતો. અનુભવથી કહું છું. ત્યારે ફરીથી માફી માગી લઉં છું.

ત્યારે આ માર્ગમાં જવાને માટે એક તો તમન્નાની જરૂર છે. તમન્ના નહિ હોય તો ચાલશે, પણ અભ્યાસને પકડી રાખવો અને **અભ્યાસમાં નિરંતરતા પ્રગટે ત્યારે આપમેળે વૈરાગ્ય જાગે છે અને વૈરાગ્યની ભૂમિકા ઉપરનો અભ્યાસ ઝળકે છે, તેજસ્વી થાય છે.**

ત્યારે આ જે દીક્ષાદિવસ ગુરુમહારાજે મને દીક્ષા આપી ત્યારે એમણે એમ કહ્યું ન હતું કે આ બધું તું છોડી દેજે. કે આ બધું કરતાં કરતાં કરવાનું. પ્રાપ્ત કર્મ—મને ગીતાજી બહુ ઉત્તમ ગમ્યાં. અભ્યાસ કર્યો ત્યારે. મેં કોઈ ધાર્મિક સાહિત્ય વાંચ્યું નથી. કોઈ ઉપનિષદ કંઈ કશું મેં વાંચ્યું નથી સાહેબ. અવકાશ જ ન હતો. વાંચવાની મરજી પણ મને થઈ નથી. આ કૉલેજમાંથી Head-long ઝંપલાવ્યું છે. આમાં. ગાંધીજીનાં રચનાત્મક કાર્યોમાં અને સવારથી પાંચ વાગ્યાથી કે રાતના સાડા-દશ અગિયાર સુધી. હજુ તો સાક્ષીઓ જીવે છે. કોઈ વખત મને વાંચવાનો સમય મળેલો નથી.

## સરળ ગુજરાતીમાં ગીતાજી લખવાનું કારણ

અછડતું વાંચ્યું છે તે પણ વીસાપુર જેલમાં. ખરાબમાં ખરાબ. આપણો મુંબઈ ઇલાકો તે વખતે આપણું ગુજરાત ભેગું મુંબઈ ઇલાકામાં. તે ખરાબમાં ખરાબ જેલ વીસાપુર ગણાય. ત્યાં અમારી બદલી થઈ.

ત્યારે ત્યાં મને હુકમ થયો. હુકમ થયો એવી રીતે, કે વિદ્યાર્થીઓમાં હું હરિજન વિદ્યાર્થીઓનો આશ્રમ ચલાવતો. એમણે મને લખ્યું, કે ચૂનીભાઈ હવે તમને વખત છે ભઈલા. આ વખત છે એટલે તમે અમને સમજણ પડે, પહેલા જ વાંચને એટલી સરળ કવિતામાં ગીતા લખાવો.

મને એમ થયું કે આ તો ભગવાનનો હુકમ થયો. ભક્ત માણસ છે તે સામાન્ય માણસ કહે—સામાન્ય માણસ કહે તોપણ એને ભગવાનના અર્થમાં લે છે. હું તો કહું છું કે મારો ભગવાન હજાર હાથવાળો છે સાહેબ. અને બિલકુલ Figuratively એટલે કે સાહિત્યની ભાષામાં બોલતો નથી. હકીકતની ભાષામાં વાસ્તવિકતામાં કહું છું કે આટલા બધા સંકલ્પ દર વર્ષે લઉં છું અને ભગવાનની કૃપાથી કામ પૂરાં થાય છે. હજાર હાથવાળો ભગવાન હજાર માણસ મદદ કરે છે એટલે કે **ઘણા માણસો મને માનનારા મળે છે ખરા. મારે માટે લાગણી રાખે છે, પણ એ કામમાં એકધારા મંડ્યા રહેવું અને મોટાને માટે ભેખ લેવો એવા માણસો નથી. એ વાત તદ્દન સાચી છે.**

## અનુભવી કાળને વશ વર્તે નહિ

અને ખરી રીતે મારું કામ નથી સાહેબ. હું તો ગુજરાતનું કામ કરું છું. મારા ગુરુમહારાજે કહ્યું કે દીકરા, **અનુભવી માણસ તો કાળ પારખે. ગતાનુગતિક કામ કરે તે અનુભવી નહિ.** સમજી લો આના પરથી. એક વાક્ય પરથી. અનુભવી ગતાનુગતિક ચીલે ચાલે નહિ.

*ચીલે ચીલે તીન ચલે,*
*કાયર, કેર, કપૂત,*
*ચીલા છાંડ તીન હુ ચલે*
*શાયર, શેર, સપૂત.*

આજે આપણા દેશમાં ઘણા બધા સાધુ-સંતો મહાત્માઓ પડેલા છે. આપણે બધાં એમને પગે લાગીએ. એમને નહિ પણ ભગવાનના પ્રતીક ગણીને. અગ્નિ સ્વરૂપ જે ભગવું છે તે. એવા લોકો આજે

કાળને પારખી કાં તો દવાખાનાં ખોલે—પાઠશાળાઓ ખોલે તે કાળને વશ થઈને, પણ અનુભવી પુરુષમાં મૌલિકતા જાગે છે. એ ચીલે ચાલતો નથી સાહેબ, પણ કાળને પારખે છે. એ ભગવાનને માટે જીવતો હોય છે.

## વૈભવશાળી આશ્રમો—લક્ષ્મીનો દુરુપયોગ

ઘણા આશ્રમો મેં જોયા. સાધનકાળમાં બહુ ફર્યો છું. સાધુઓના મઠોમાં. ઓ.... બગાડ કે કહ્યે કસર નહિ. એ મિષ્ટાન્ન ખાય. મેં જાતોજાત જોયા છે. મેં સવાલ પણ કર્યો, અલ્યા પણ તમે બ્રહ્મચર્ય પાળો કેવી રીતે ? આ બધો બગાડ કેમ કરાવો છો ? અને તમારે, બગાડ કરવો હોય તો જાવ, કમાવો બેટાઓ. આરસપહાણના તમે જુઓ મોટા મોટા હૉલ ને અંદર જાજરૂ જુઓ તો. સાહેબ હાલના તમે પૈસાઓ આ કાળમાં તમે શી રીતે ભોગવો છો ? જાવ કમાવ, પણ આ તો સમાજને માટે કાંઈ હું કહેતો નથી. મારે તો મારા દર વર્ષે સંકલ્પ પૂરા. ગઈ સાલ દસ લાખ રૂપિયા મારા જેવાને મળ્યા. મારો ભગવાન હજાર હાથવાળો છે, પણ લોકોના પૈસાએ—એ તો ભઈ લોકોના પણ. *કિધર હૈ—ભગવાન કા હૈ.* ભઈ શી વાત કરવી એમની તો! પણ આપણો સમાજ ઊંધો છે.

## વાણી તેવું વર્તન થવું જોઈએ

આ કાળ એવો છે કે આખો સમાજ બેઠો થાય એમાં આપણે સમજવું જોઈએ. ભગવાનની ભક્તિ રેઢી પડી નથી ભાઈ. તમારું આખું જીવન પલટાઈ જવું જોઈએ. મૌલિકતા જાગવી જોઈએ. ત્યારે કે અમને લખાણમાં જાગે છે. મારા બેટા લખાણમાં જાગે છે. એકદમ સૂક્ષ્મમાંથી સ્થૂળમાં આવો. લખાણમાં તેવાં તમારાં કર્તવ્યોમાં આવવું જોઈએ. *અરે ક્યા ? અનુભવી કા કર્તવ્ય ક્યા હૈ ? કુછ કર્તવ્ય નહીં.* અલ્યા, ખુદ ભગવાન બ્રહ્મ આ સકળ બ્રહ્માંડને ચલાવી રહેલો છે. કર્તવ્ય છે કે નહિ ? **કર્તવ્ય કરતાં કરતાં પણ તમે કર્તા નથી એવો**

**અનુભવ થાય ત્યારે ખરી દશા. અને તે પણ ના હોય. એનાથી પણ પર,** પણ એ બધી વાત કરવી નકામી છે.

## ભગવાનને માર્ગે જનારાનાં લક્ષણો

પણ આ વાત તો ચોક્કસ કે નિષ્કામ. અરે સંપૂર્ણ વાસનાની સ્થિતિમાં પડ્યા હોવ, કોઈ બૈરી સાથે તમે સૂઈ રહ્યા હોવ, તેમ છતાં કામ કે વાસના ન હોય ત્યારે એનું નામ નિષ્કામ છે. નિર્લોભ— લાખ્ખો રૂપિયાના ઢગલામાં તમે હોવ પણ વિચાર સરખો ફરકે નહિ લોભનો. મોહનો એવો વિચાર. મોહમાં સંપૂર્ણપણે એકધારા હોવ પણ તેમ છતાં મોહ જાગે નહિ. એ નિર્મોહ. નિરાસક્ત સંપૂર્ણપણે. આસક્તિ થઈ જાય, જરાકવારમાં કે લાવને આટલું તો કરી લઈએ. હવે કોણ જુએ છે ? એ નહિ ચાલે. તેમ છતાં ત્યાં અનાસક્ત. નિરાગ્રહી. અનેક પ્રકારના આપણામાં આગ્રહો છે. બૈરી, ધણી ઉપર આગ્રહો ચલાવે અને પુરુષ, બૈરી ઉપર આગ્રહો ચલાવે, પણ મારી એક વિનંતી છે, કે આ માર્ગે જેણે જવું છે તેણે

*નિરાગ્રહ, અનાસક્ત પૂરેપૂરાં થયા વિના,*
*કેમેય કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના.*

Axiom છે આ. સાહેબ, ગીતા લખતાં લખતાં મને સૂઝેલું. મેં લખેલું નહિ આ. આ કડી મેં ગીતામાં લખેલી નહિ પણ આ એક કાંટાવાળા★ કરીને એક ભાઈ છે. અમારા– મારા– વડીલ કહું તોયે ચાલે. વડીલ એટલા માટે કે એનો મારા માથે હાથ છે. તે સવારના એક વખત યાદ આવ્યા સાહેબ, તે મને ઊગ્યું તે એમને લખ્યું.

ત્યારે આ સમજી લેજો. જેને ભગવાનને માર્ગે જવું હોય તો.

*નિરાગ્રહ, અનાસક્ત પૂરેપૂરાં થયા વિના,*
*કેમેય કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના.*

---

★સ્વ. શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબ (તે વખતના ચીફ ઈજનેર, ગુ.રાજ્ય)

**આટલું જ જો તમે આચરણ કરો તો જ્ઞાન થાય સાહેબ. સરળ. જ્ઞાન તો બિચારું તૈયાર છે. મારે ક્યાં કે તમારે મારે આમાં ઉપરથી આવવું છે. હું તો તારા હૃદયમાં છતું જ છું.** આ સાહેબ બોલાય છે તે આ શરીર નથી બોલતું. શરીરને B.P. છે. આ દાક્તર કાંતાબહેને★ તપાસેલું છે. બી.પી. સુધ્ધાં. અને અત્યારથી આ ફેર શરીરને આવતા નથી. મારાથી આમતેમ ચાલવું હોય તો અત્યારે નહિ ચલાય, પણ આ ગુરુમહારાજની શક્તિ આજે પ્રત્યક્ષ છે.

## આગ્રહ સમજણપૂર્વક છોડો—*મોટાનો* પોતાનો દાખલો

ત્યારે આ માર્ગે જેને જવું છે, તો સમજી સમજીને આગ્રહો છોડો. તો એ કેમ થાય ? એ તો ફલાણું આમ કરવાનું છે. આચરણ કરીને આ વાત કહું છું. સાબરમતી આશ્રમમાં રહેતો હતો. તે લોટો ભરીને જાજરૂ જવા જઉં. પેલી અમારી કન્યા છાત્રાલયની બહેનો કહે, અરે ચૂનીભાઈ હમણાં ના જશો. આ લોટો મૂક્યો ને કામ કરવા. અમારે નરહરિભાઈ કહે. નરહરિભાઈને મારા પર ઘણી લાગણી. હજુ એમના કુટુંબીઓ જીવે છે. આ જઈને પૂછી જુઓ કે મારા માટે એમને કેવો ભાવ હતો. તે કહે અલ્યા ચૂનીલાલ, મેં કહ્યું જી, આ તું શું કરે છે ? મેં કહ્યું કેમ બાપા મેં શું કર્યું ? અરે કહે કે તારી તબિયત બગડી જાય ભઈ. આવું તે કંઈ થાય ? અરે ભઈ, મેં કહ્યું મને તો ઘણો મોટો પાઠ મળે છે. આમાંથી ઘણું શીખવાનું. કે જે કંઈ કશાથી—અરે મૂર્ખો છે તું ? મેં કહ્યું હા જી. પણ એ મને સમજાય નહિ. શું શીખવાનું મળે છે ? આ તારે પેટમાં આ તું જાજરૂ ના જાય. આ તમે હવે તો મશ્કરીમાં. જરા તું આવો મેલો છે. આવો ઘેલા જેવો લાગે છે, એટલે આ છોકરાઓ તને બનાવે છે એટલી તને સમજણ નથી પડતી ? એટલે જાજરૂ તો આપણે જવું ભલે એ ના કહેતા. મેં કહ્યું ના બને. હું તો એમાં સમજું છું અને સમજીને કરું છું. કે આ તું સમજીને કરે છે ? મેં કહ્યું હા. શું તું આમાં સમજ્યો ? મને સંયમ કેળવાય છે. આ જાજરૂ ઉપર આ રોકી

★સ્વ. ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલ, વલ્લભવિદ્યાનગર.

ના શકાય એવી વસ્તુ હોવા છતાં એના પર મને સંયમ કેળવાય છે. તો કહે તારી વાત ગળે ઊતરી. બીજા ઘણાય રસ્તા સંયમ કેળવવાના છે. મેં કહ્યું જે જે રસ્તે સંયમ કેળવાય તે બધાય કેળવું છું.

ત્યારે એવું અનેક મારી માનું પણ ઘણું હું પાળતો. માત્ર એક સાધના બાબતમાં. સૂઈ જવાનું. કોઈ દિવસ ઘરમાં સૂતો નથી. કોઈ દિવસ ને હજુયે પૂછી જુઓ એક જ સાક્ષી છે મારાં ગંગાસ્વરૂપ ભાભી—કાશીબા એકલાં જ છે. બીજા કોઈ છે નહિ ભાઈ. પછી તમને બધાંને જાણવાનો અવસર નહિ મળે, કારણ કે મેં તો આ સંસારમાં રહીને બધું કર્યું છે. પરીક્ષિતલાલ હોત તોય એ કહેત. મારા મિત્ર હેમંતકુમાર નીલકંઠ★ છે. જેની સાથે મેં ઘણાં વર્ષો કામ કર્યું છે. એ પણ જાણે છે. તે મને તાવ આવે તોય સાહેબ ઘેર ના સૂવું.

## ગઝલો—હુકમ પરની

ગુરુમહારાજના હુકમનું એવું મસ્તીથી પાલન કર્યું છે. અને હુકમ પર આ વખતે થોડીક ગઝલો મેં લખી છે. તે આ કિશનસિંહ સાહેબ આપણી ભાષાના બહુ વિદ્વાન અને આ માર્ગમાં પડેલા છે. તે એક વખત હુકમની વાત થઈ હતી સાહેબ. મારા ગુરુમહારાજની મને રડવું આવી ગયેલું સાહેબ. સાક્ષી અહીં બેઠેલા છે. એમને મેં લખ્યું કે અલ્યા 'હુકમ' ઉપરની ગઝલો સાંભળવી હોય તો તું આવજે. એ 'હુકમ' ઉપરની જે મસ્તીથી ગઝલો લખી છે મારા મનથી. બીજા કોઈને મન નહિ લાગે એમાં. કશું મહત્ત્વ નહિ લાગે ને આ શું કચરા જેવું લખ્યું છે, પણ સાહેબ એના ઉપર જે મસ્તીથી મારાથી લખાયું છે. રોજ સવારમાં બેસતો બે અઢી કલાક વધારે નહિ. મેં ફેર—બેર કર્યું નથી સાહેબ કશું. જે આવ્યું તે સરળતાથી. કોઈ માની ના શકે પણ આ હાજર હતો.

## નિમિત્ત દ્વારા જ વ્યક્ત થવાય

આ મારું માથું પકડીને ઊભો છે તે (શ્રી રામભાઈ પટેલ) હાજર

★શ્રી હેમંતદાદા હાલ સ્વર્ગસ્થ.

હતો. ૨૦ ગઝલ રોજની લખતો. બપોરે 'જીવનગીતા'. આ ગીતાજી વિશે બપોરે હું લખતો. પછી મને થયું કે ભગવાને ગીતાજી લખવાને મને મોકલ્યો. મને તો ખાતરી હતી કે કોઈ ને કોઈ હરિનો લાલ મળી જશે એને છપાવવાને માટે. તેય ગીતાજીને છપાવવાને માટે મળી ગયા ને આ જે 'જીવનગીતા' લખાઈ છે ચારસો ગઝલો, હવે તે બિલકુલ સાહિત્યની દૃષ્ટિએ તો કચરો, પણ મારી દૃષ્ટિએ મારા જીવનની દૃષ્ટિએ—મને એમાં સારું લાગ્યું કે ભગવાને મારા પર કૃપા કરી, કારણ કે મેં કાંઈ કશું અત્યાર સુધી સ્વતંત્રપણે લખ્યું જ નથી. અમારો ધર્મ તો નિમિત્ત. એ મોટી વાત અમારે માટે. એ જ અમારે પ્રાપ્ત કર્મ. એના દ્વારા જ અમારાથી વ્યક્ત થવાય. એ ભગવાનની કૃપા. અનહદ કૃપા સાહેબ.

## કુદરતમાં બધું વ્યવસ્થિત છે

તમને બધાંને એ નહિ સમજાય, પણ એ કૃપાની વાત ઓર છે, પણ હું ભગવાનની વાત જે રીતે સમજું છું, એ વાત બધી રીતે નહિ સમજે. આ ભગવાન બ્રહ્માંડમાં રમી રહ્યો છે, પણ કંઈ કશું બહાર કરતો નથી. એ ગમે તેમ યદ્વાતદ્વા નહિ ચાલી શકે, નથી ચાલતું. આપણી પેઠે ભગવાન છે, એ ભગવાન મનુષ્યરૂપે નહિ પણ આખું બ્રહ્માંડનું તંત્ર ચાલી રહેલું છે. એક પળવાર એમાં ખટકો નથી આવતો સાહેબ. આજે તો મને બહુ લાગ્યું. કોઈ દિવસ હું મોડો થઉં જ નહિ સાહેબ. ક્યારનો કહ્યા કરતો હતો. બધા કહે કે હજુ તૈયાર નથી. અલ્યા, ભઈ એમ ને એમ આવીને હું અહીં બેસીશ. મારી તબિયતેય નરમ હતી તોય હું તો ઊભો થયો કહેણ આવશે કાં તો બોલાવા આવશે ત્યારે આવીશ. એ જરૂર નથી. આપણે ચાલો ત્યાં જઈને ગમે તેમ હશે તો બેસીશું, પણ આપણે એમનો દોષ નથી કાઢવાનો. આ ભાઈઓને અનુભવ નહિ ને એકલો માણસ. બધાંનો સહકાર ન હોય તો શી રીતે કરે ? પણ આટલુંય એમણે ઊજવ્યું. આટલું એમણે કર્યું. ગમે તેની પ્રેરણાથી પણ કર્યું. તે તો ભગવાનની મોટી વાત. મારે તો વિદ્યાર્થીઓનાં દિલમાં પેસવું છે.

## ભયંકર અંધાધૂંધી અને અસલામતીના દિવસો આવે છે

ત્યારે મૂળ વાત એવી કે આ દીક્ષાદિવસથી બીજી બધી મારા જીવનની લાંબી વાત કરવાનો કાંઈ અર્થ નથી, કારણ કહેવું નકામું છે. શું કરવા કહેવું ? હું તો ભાષણમાંય માનતો નથી. આ ભાષણથી લોકો કંટાળી ગયા. જે ને તે આવે તે ભાષણો જ ઠોક્યાં કરે. અને આ કથા-ઉપદેશથી આ સમાજ સુધરે કે ધર્મ એમનામાં જાગે આ વાતેય ખોટી. ઠેકાણે ઠેકાણે આપણા દેશમાં કથાવાર્તાઓ થાય છે. કોઈ સુધર્યા નહિ ભાઈ. એ તો અત્યારે કાળ એવો છે. હજુ તો અંધાધૂંધી આવશે સાહેબ. યાદ રાખો તમે લોકો. આજથી હું નથી કહેતો. ઘણા વખતથી કહું છું. મને હમણાં પૂછ્યું કે આમાં કોણ જીતશે ભઈ ? મેં કહ્યું હું જ્યોતિષી નથી, પણ હું કાળ સામે જોઉં છું કે પ્રજા ઉપર દુઃખનો વરસાદ વરસે અંધાધૂંધી થવાની છે. જેનાથી અંધાધૂંધી થવાની હશે તેય કદાચ જીતી જાય. **મોટા** તમે શું વાત કરો છો ? પણ ભાઈ, મારી તમારી સહીસલામતી એમાં નથી. તમારો મિત્ર હું છું. અને ખરા હૃદયથી છું. કહેવા કરવાથી નહિ. ખાલી બોલવાથી નહિ જેને અનુભવ થયો હશે તે સમજતા હશે. અને કેટલાયે ના સમજે સાહેબ તે છતાં કહું છું. બહુ નજીકના આવેલા. બહુ પ્રેમથી બોલાવું. આજે કોઈને બોલાવ્યા નથી. આ શરીરને કારણે એ સાચવી રાખીને આ પ્રસંગ વડે બોલાય એટલા માટે બોલ્યો ન હતો. બાકી, મારા સ્વભાવથી વિરુદ્ધ જઈને આજે વર્ત્યો છું.

## સ્વાર્થની સાથેસાથે પરમાર્થ પણ કરો

ત્યારે એવો કાળ આવવાનો છે, કોઈની સલામતી નથી. અલ્યા સ્વાર્થ તો બધાંય કરો છો, પણ જોડે પરમાર્થ કરો. નહિ તો મરી જશો. તો હોવે. અમે બધું લૂંટાવી દઈએ! અલ્યા એમ ને એમ લૂંટાઈ જશો ભાઈ! આ કાળ આવ્યો છે. તોયે તમારી આંખો ખૂલતી નથી. એ તો નવાઈની વાત છે. લૂંટાઈ જશો ને એ ચાલ્યું છે આપણા દેશમાં. તોય નજર નથી ખૂલતી. હવે ભગવાન શું કરે બિચારો ? તમને પ્રત્યક્ષ

બતાવું છું. તો હોવે **મોટા!** અમારા પૈસા કેટલા બધા કમાઈને કર્યા છે. તે આ બધા આવું કરી દેવા ? અલ્યા, તારા પૈસાય જતા રહેશે. નજર સામે જુઓ છો કલમને ગોદે ગયા. હવે ક્યાં અમે ગમે તેમ આમ તેમ કરીને તો સાચવી જ રાખવાના. ભલે ઈન્કમટૅક્સવાળા ને સરકારે કાયદા કર્યા, પણ અમે સાચવી રાખીશું. અલ્યા સાચવ્યું નહિ સચવાય. તમારી આંખો ખોલો. બંગાળમાં જુઓ, કેરાળામાં જુઓ, દક્ષિણ હિંદુસ્તાનમાં જુઓ.

## પરમાર્થ માટે *મોટાનો* પોતાનો દાખલો

પરમાર્થ કરો. હોવે! તમે તો બેઠા બાવા થઈને. અલ્યા બાવા થઈને નથી આચરતો. આ ગપ્પાંની વાત નથી. જાતે આચરીને કહું છું. મારા જેવો ગરીબ માણસ પંચોતેર હજાર મૂડી મારાં અંગત પુસ્તકોની વેચાણની પાઈએ પાઈ આશ્રમને આપી દઈને વાત કરું છું. મારા ગુરુમહારાજે કહ્યું, કે બેટા, કોઈ એવી વાત ન કરતો કે જે તેં આચરણ ન કર્યું હોય. અને હજુય જે પુસ્તકો વેચાય છે, એ પણ બધાં જ આશ્રમને ચોપડે જમા છે. જેને જોવું હોય તેને જોવાની છૂટ છે.

## *મોટાની* બળતરા :
## સ્વજનો પુસ્તકો પણ વેચી આપતાં નથી

એટલે જ મારી બધાંને પ્રાર્થના છે કે ભઈ, **મારાં પુસ્તકો થાય તે વેચવા માટે મદદ કરજો ભાઈ. તો કહે કરીએ છીએને. પણ ભાઈ, એમાંય જેટલો જોઈએ તેટલો મને ઉત્સાહ વરતાતો નથી.** આ ‘જિજ્ઞાસા’ પુસ્તક બહાર પડશે. ‘ગીતા’ પણ બહાર પડશે. તે પછી બીજી ‘જીવનગીતા’ પણ બહાર પડશે. આ ગઝલનું પુસ્તક પણ બહાર પડશે. ત્યારે એવાં બધાં તમે વેચી આપશો નહિ તો કોણ ક્યાં જવું ? અત્યાર સુધી તો કોઈ બુકસેલરને ત્યાં હું આપું નહિ. સાલા એ તો મારા બેટા કમિશન માગે. ત્રીસ ટકા. અલ્યા ભાઈ આ તો ભગવાનની વાત. હું કેવી રીતે ત્રીસ ટકા આપું ? ત્યારે કહે તે વિના તો ના

થાય. તો અત્યાર સુધી તો મારું ગાડું ભગવાને નભાવ્યું છે, **પણ તમે બધાં જો મદદ નહિ કરો તો પછી બુકસેલરને મારે આપવું પડે. શું કરવું મારે ?** કારણ કે આ શરીર છે. આ પડવાનું છે એની મને ખાતરી થયેલી છે. કે દસ-પંદર-વીસ વર્ષ ટકે એમ લાગતું તો નથી. એટલે ત્યાં સુધી તો પરવારી લેવું. તૈયાર થઈને રહેવું. મારા ગુરુમહારાજ કહેતા હતા કે બેટા, તૈયાર થઈને રહેવું. સજ્જ રહેવું. તે મારે સજ્જતા તો કરવી. ઘણા બીજા લોકોને મગજમાં ના ઊતરે. **મોટા,** એક પછી એક છપાયા કરીશું તે. અલ્યા તારી બુદ્ધિ પ્રમાણે હું નથી ચાલતો. મારે તો તૈયાર થઈને જે હોય તે બધું પૂરું કરી દેવું.

## અવધૂતોની Tradition પ્રમાણે *મોટા* ચાલતા નથી

ત્યારે તમને બધાંને પ્રાર્થના છે કે ભાઈ કંટાળ્યા સિવાય આ બધું વેચવામાં મથજો અને વેચાઈ જશે. ગભરાશો નહિ, પણ એ બાબતમાં નજીકના નજીકવાળા પણ બહુ મને મદદ નથી કરતા. મારી એ ફરિયાદ નથી, પણ જો તમે ખરેખરી લાગણી રાખતા હોવ તો એનો તમે પડઘો પાડજો. આ તો હું બોલાવું નહિ તોય મારા બેટા ખોટી થાય. અલ્યા બોલાવવાનો તો તમારે છે. મને હલાવવો ચલાવવો તો તમારે છે, પણ એ વાત નહિ. કોઈને કાંઈ આડુંઅવળું કહી દીધું તો ખલાસ! અલ્યા પણ **અમારા ગુરુમહારાજની તો Tradition એવી તમારા અહંકારના ભાંગીને તો ભૂકા કરી નાખે. એ Tradition પ્રમાણે તો હજુ હું ચાલતો નથી. અરે અહંકાર અભિમાન ને તમારાં અપમાન તો એવાં કરી નાખે કે કહ્યે કસર નહિ. તમારાથી જીરવાય નહિ મારા બેટા. એટલે હું તો ઊલટો બધાં મારી પાસે આવે છે એમની મરજી સાચવું છું એવી બધી કહે કહ્યે કસર નહિ. અને એટલો બધો પ્રેમથી બોલાવું છું, મારી Tradition જેમાં હું ઊછર્યો છું, એ તો કોઈ ન્યારા પ્રકારની છે. એ આજે કોઈ જીરવી શકે એમ નથી. કોઈની તાકાત નથી. એ તો એટલાં બધાં અપમાન કરી નાખે પણ ત્યારે હું રાજી થતો. શરૂઆતમાં નહિ. પણ ત્યારે હું રાજી થતો કે વાહ! ધન્ય.**

**ઓલિયા. આ મારો અહંકાર ઓગાળવાની ગુરુમહારાજે કૃપા કરી, પણ કોણ એવું આજે સમજે ભાઈ ? એ સમજણની વાત નથી. આજે તો એમને બોલાવો. માન આપો.**

**અલ્યા મારી હાહુના શું કરવા ઝખ મારવા અહીંયાં આવે છે. કોણે તારે ઘેર ચોખા મૂક્યા છે ?** પણ હું તો માન આપું છું સાહેબ હોં.

## *મોટાના* પ્રેમનો સ્વજનો પ્રતિસાદ આપતા નથી

એક આજે જ ઘણાં વર્ષોએ આટલા બધા ઉત્સવો થયા. આજે હું કોઈને બોલાવી શક્યો નથી. તેય પણ બધાંને હાથ જોડીને માફી-ક્ષમા માગું છું, કારણ મારું શરીર બગડેલું છે. અને આ પ્રસંગે મારે બોલવું હતું. નહિ તો પણે ડોક્ટર* બેઠા છે એને બોલાવ્યા વગર રહું કોઈ દહાડો ? પણ એ મારો બેટો ડોક્ટરે મદદ નથી કરતો. કે અલ્યા ભઈ આટલામાં આ સભાસદ છે એને તું કરી લાય. આટલું આમ કરી લાય. આટલી ચોપડીઓ વેચી લાય. મારા મનથી બહુ પ્રેમ કરું, પણ એ પ્રેમનો જે પ્રતિ-ઉત્તર Response એ હું ભાળતો નથી.

## પરમાર્થનાં કામો સભાનતા સાથે કરો તો જ કલ્યાણ છે

સાચી વાત કહું છું. આ બધા બેઠેલા છે એમાંથી કોકે આપ્યો છે ભગવાનની કૃપાથી. મને જે ઉત્તર આપે જે જ્ઞાનપૂર્વક, હેતુપૂર્વક, એની સભાનતા સાથે, awareness with complete awareness કે why I am doing this ? શા માટે હું આ કરી રહેલો છું ? ત્યારે મને આનંદ થાય છે કે એમાં એનું કલ્યાણ છે. જો આપણે જડતાથી કરીએ, અજ્ઞાનથી કરીએ એમાં તમને નહિ મળે.

તો સાધુને મદદ કરીએ તો એનું કામ સારું છે. એનું ફળ પણ સારું છે, પણ આત્માનું કલ્યાણ નહિ થાય સાહેબ. તમે જો કોઈ સાધુનું કર્મ કરો એ કર્મ કરતી વખતે અને એ કર્મ પૂરું થાય ત્યાં સુધી એની સભાનતા કે આ શા માટે કરું છું, એના હેતુની સભાનતા જો તમને

---

*સ્વ. નાનાભાઈ ડાહ્યાભાઈ દાક્તર (સુરતના એક સ્વજન)

જીવતીજાગતી ના રહી તો એનું તમને પરિણામ ઉત્તમ પ્રકારનું નહિ થાય. મારું કામ તમે કરો તો હું રાજી થઈશ.

## *મોટાનાં* કામ ભગવાન કરે છે

હું તો કહું છું કે મારો ભગવાન હજાર હાથવાળો છે. તમે નહિ કરો તો બીજા કરશે, પણ હું એવું કદી કહેતો નથી, પણ આજે તો હું રાજાપાઠમાં છું સાહેબ. એટલે ખરી વાત મારે કહેવી જોઈએ, પણ હું એવું કોઈ દિવસ કોઈને કહેતો નથી, પણ અત્યાર સુધીના અનુભવથી જોઉં છું કે કોઈ ને કોઈ હરિનો લાલ મને ભેટાડી દે છે. એવા મને મદદ કરે છે. અને મદદ થાય છે. એટલે હું કહું છું કે મારા હજાર હાથવાળા ભગવાને આ કર્મ ના કર્યું હોય તો મને કેવી રીતે આ અનુભવ થાય ?

અનુભવીને પોતાનાં કે પારકાં એવું કશું પછી રહેતું નથી, પણ અનુભવીને એટલી વાત ચોક્કસ છે. કોઈ અનુભવી આજ આવીને કહે કે પોતાના ઘરનાને અને પોતાના કુટુંબને માટે એ મથ્યા કરતો હોય તો *હમકુ ક્યા હૈ ભાઈ ? હમારે કો સ્વાર્થ-પરમાર્થ કોઈ હૈ નહીં,* તો હું નહિ માની શકું. ખોટી વાત છે.

અનુભવી ભગવાન છે જુઓ આ બ્રહ્માંડ. સકળ બ્રહ્માંડને ચલાવી રહેલો છે. પોતાના કરતાં બહાર બીજાનાં ઋણ વધારે કરતો હોય છે. એ વાત ચોક્કસ છે.

'બીજો એક દાખલો આપીને વાત કરું. એમ ને એમ ગપ્પાં નહિ મારું. આપણા ગુજરાત દેશમાં શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા. બહુ ઓછાઓએ એનું મૂલ્યાંકન આંક્યું છે. આજે તો જેના પર પ્રતિષ્ઠાની છાપ પડે પેલા પતંગ છાપ પડે એને લોક સમજે છે, પણ એવા કેટલાઓ પડી રહેલા છે. હું શ્રીમદ્ રાજચંદ્રની વાત કરું છું. પછી પણ બીજી એક વાત કરી લઉં.

(વચ્ચેથી : ભઈ, કેટલા વાગ્યા છે ?

ભઈ : બરાબર દશ વાગ્યા છે) કે પેલા ભઈ આવ્યા છે ? તો દસ વાગ્યા સુધી કરીને અપીલ આપણે : નથી આવ્યાને ચંદ્રકોવાળા ? આચાર્ય આવ્યા છે.... નથી આવ્યા. તો એકને આ અપાય. બેને સાથે જ અપાય. બરોબર છે કે નહિ મારી વહેવારની વાત ભાઈ. હરિભાઈ સાહેબ આપે કહ્યું હતું કે એક કશુંક ઊજવીને તમને મદદ કરીશ. તો ઠીક પ્રભુ, યાદ દેવડાવુંને ભઈ ત્યારે. નહિતર કહેશે કે મારા ગુરુમહારાજ મને ડંડો ઠોકે.

## શ્રીમદ્ રાજચંદ્રની મહાનતા

શ્રીમદ્ રાજચંદ્રની વાત કરતો હતો. એમાંથી બીજી વાત કરવા જતો હતો પણ વખત બહુ થઈ જશે, પણ મને આ હાથમાંના ઘડિયાળનો ખ્યાલ ના રહ્યો. શ્રીમદ્ રાજચંદ્રની હું વાત કરતો હતો, પણ એની કિંમત આપણે નથી સમજેલાં. આધ્યાત્મિક દૃષ્ટિએ બહુ મોટો માણસ થઈ ગયો. તે એને ખબર પડી એક વખત કે સાલા મારે કોઈ પરભવનું એક લાખનું દેવું છે. આજના ભણેલાંગણેલાં નહિ માને. એમના મગજમાં આ વાત નહિ ઊતરે. એ તો નીકળ્યા ભાઈ. વેપાર કરવા મુંબઈમાં. આ સો ટકાની સાચી વાત. રેવાશંકર જગજીવનની પેઢી હજુ જીવે છે ત્યાં પેઢી છે. ત્યાં વેપાર કરવા બેઠા. (ભઈ શેનો વેપાર ?) ઝવેરાતનો ને આડતનો. તે સાહેબ એક લાખ રૂપિયા કમાવામાં, પણ એક પૈસો ઘરમાં આપ્યો ન હતો. એમને સંસાર હતો. વિચાર કરો તમે. એક પૈસો અંદરથી નથી આપ્યો. એક લાખ રૂપિયા કમાયા. એક પૈસો નથી આપ્યો. એ ખરો પરમાર્થ.

## વૈભવવિલાસમાં રાચનારાંઓને ચેતવણી

એટલે મારી તમને પ્રાર્થના છે કે ભાઈ તમે ચેતો. આ કાળ વિપરીત છે. અને એકલા સ્વાર્થમાં ના પડ્યા રહો. પરમાર્થ કર્યા કરો. સો રૂપિયા તમે સ્વાર્થમાં વાપરો તો પચાસ તો ઓછામાં ઓછા પરમાર્થમાં વાપરો. **મોટા** એટલું અમારું ગજું નહિ. તો સ્વાર્થ ઓછો

કરો, પણ આ વાપરો. નહિ તો મરી જશો. હિંદુસ્તાનની આખી સંસ્કૃતિ આપણે ખલાસ કરી નાખીશું. આ એક ભયંકર કાળ આપણે— આપણા માટે સાચવવાનું છે. એમ ના સમજશો રશિયામાં કોમ્યુનીઝમ થયું છે તે એમ ને એમ થયું છે. Actionનું reaction છે. એટલા બધા સ્વાર્થી લોક થઈ ગયા એટલા બધા મોજશોખ, વૈભવવિલાસમાં પડ્યા અને જેના વડે કર્યા એનું બિલકુલ લક્ષ નહિ. ઊલટું એમના પર જુલમ. એ ખેડૂતો બિચારા મહેનત કરે એમની જમીનમાં અને ગરીબાઈ ભોગવે. પેલા બધા તાગડધિન્ના કરે, મોજશોખ, વૈભવવિલાસ, મોટરોમાં ફરો. મારી ના નથી. તમે ભોગવો. **ભોગવવાને માટે જ આ વિશ્વ તો બનેલું છે, પણ સમજીને ભોગવો. વધારે પડતું ભોગવશો તો પચશે નહિ સાહેબ.**

## રશિયા અને ફ્રાંસના જમીનદારોના હાલહવાલ જુઓ

તમારા બધાંનું અન્ન ખઈને મારા ગુરુમહારાજ કહે, જેનું અન્ન ખાવું તેને સાચી વાત કહેવી. વધારે પડતું ભોગવશો, અતિશયપણે ભોગવશો તો નહિ પચે. છેરી નાખવું પડશે. આ રશિયાના હાલહવાલ જુઓ. પૈસાદારોના થયા તે. આ રશિયા-ફ્રાંસમાં પણ ક્રાંતિ એને માટે જ થઈ. ગરીબોને અત્યંત દુ:ખ પડ્યું. દુકાળ થયો ત્યારે પોતાના જમીનદારને ત્યાં ગયા એ ખેડૂતો કે ભઈશાબ, ખાવાનું નથી. કે સાલાઓ ઘાસ ખાવ. એ જ જમીનદારોને ઘાસના ડૂચા ભરી ભરીને એ લોકોએ મારી નાખ્યા છે સાહેબ. ઈતિહાસની વાત કહું છું. હું ભડકાવવાને કહેતો નથી. Actionનું reaction છે. આ તો આ કાળમાં પણ એવો કોઈ crisis ખરેખર અણીનો વખત છે.

આપણા દેશમાં પણ આ પૈસાદારોને મારી નાખે છે. કલકત્તાનાં છાપાં વાંચો છો પણ કોઈ પૈસાદારનું દિલ હાલતું નથી હજુ. કે અમે અમારી મેતે કરીએ છીએ. શું શકોરું તમારી મેતે કરો છો ? આ કાળ ભયંકર ધસી આવે છે. એવો જોશથી ધસી આવે છે, હું જોઈ રહ્યો છું.

## જેમની મહેનતથી કમાવ છો તેમને સાચવો

તમે પરમાર્થ કરો ભાઈ, મહેરબાની કરીને. બીજું કાંઈ નહિ તો જેના વડે તમે ખાવ છો, કમાવ છો એનું પૂરેપૂરું સાચવો. નહિ તો છકી જશે, પણ કુનેહ વાપરો. એવી રીતે કરો કે એને પણ સારું લાગશે. એ પણ માણસો છે. તમે જો ભાવ રાખશો, દિલનો પ્રેમ રાખશો. એવા માણસોને હું જાણું છું કે પોતાના પ્રેમભાવથી એમનું બધું સાચવ્યું છે. અને એવા લોકો એમને પણ સાચવે છે. આ કાળ એવો આવ્યો છે. સાહેબ, તમે બધાં જ. **તમને બધાંને મારી પ્રાર્થના છે કે સ્વાર્થ કરો પણ પરમાર્થ કરો, કરો ને કરો જ.**

## સાધુ-સંતોના આરસપહાણના જાજરૂ-બાથરૂમો માટે પૈસા આપો તે પરમાર્થ નથી

**પણ પરમાર્થ એવી રીતે કરો કે અમારા જેવા સાધુ-સંતોને મકાનો બાંધવા હોય, મોજશોખમાં રહેવું હોય, આરસપહાણના જાજરૂઓ ને બાથરૂમોને એ ભપકા કરવા હોય એમાં ભૂલેચૂકે આપતા નહિ.**

હું કહું છું આ ધર્મનો હોવા છતાં મારો વેશ ગૃહસ્થાશ્રમી છે, પણ મારો વેશ છે સાધુનો. સાધુને મોજશોખ નહિ પાલવી શકે. એ કહે, *“ક્યા હમ તો સ્વર્ગ મેં રહનેવાલે હૈં.” હમકો તો સ્વર્ગ હૈ.* ભલે હોવા દો એમને પણ તમે પરમાર્થ કરો, તે એવી રીતના કરો કે પ્રજા બેઠી થાય એવાં કામ કરો.

## *મોટાનાં* Off the beat કામો

હું એવાં કામ કરું છું એમ મારી જાતે નથી કહેવા માગતો. આ તો જાણીતા છે. પ્રખ્યાત છે. કોઈ નથી કરતું એવાં કામ કરું છું. ગુજરાતી ભાષામાં વ્યુત્પત્તિ ના મળે. મારી હાહુના આટલા બધા સાક્ષરો પડ્યા છે, કવિઓ પડ્યા છે. ભાષાની અભ્યાસની દૃષ્ટિએ આ જરૂરનો છે. પણ કોને સૂઝે ભાઈ ? પણ તેનો મને અફસોસ નથી. મારો ધર્મ છે. મને સૂઝ્યું તે મારો ધર્મ. કરો આ. વ્યુત્પત્તિશાસ્ત્ર કરો.

ભલે જે પૈસા થાય તે મારે આપવા. વ્યાકરણનું તેવું જ. આપણી ભાષાની સમૃદ્ધિ—આપણા સાહિત્યની પણ સમૃદ્ધિ થવી જોઈએ. એટલા માટે આ 'જ્ઞાનગંગોત્રી' કાઢ્યું. આજે વખણાય છે કે નહિ. આ કામ ઘણું સારું છે.

એવી જ રીતે અંગ્રેજી ભાષામાં 'Children's encylopedia' છે. એ બારાખડી પ્રમાણે છે. મેં વિષયવાર લીધી છે. એ પણ એવી એક સુંદર શ્રેણી નીકળશે. આપણે ત્યાં વિજ્ઞાનીની ખોટ નથી. વિષયોમાં નિષ્ણાત એવા માણસોની ખોટ છે. **આપણા દેશમાં કેટલો મોટો દરિયો સાહેબ! જબરજસ્ત. અલ્યા એને ખૂંદવો જોઈએ. આપણા દેશનું રક્ષણ કેવી રીતે થશે ? આ દરિયો તમે સાચવો. આપણે ત્યાં પૂરતું નેવી નથી.** ગરીબ દેશ એટલો બધો પૈસો ક્યાંથી ખરચી શકે ? તો એની શરતો કાઢી. નદીઓની તરવાની હરીફાઈ. હોડીઓની હરીફાઈ. આટલો મોટો દરિયો આ ખલાસી ખારવા લોકોનું ખમીર જીવંત રહે, તેજ રહે એને માટે આ જરૂરનું બધું. પણ કોને આ બધી પડી છે ? **આ નેતાઓને નથી પડી અને ધર્માચાર્યોને પડી નથી.**

## વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રવૃત્તિઓમાં વાળવા *મોટાએ* શ્રીગણેશ કર્યાં

આ વિદ્યાર્થીઓ મારા ભાઈઓ છે. હું તો જે તે બધું મારા વિદ્યાર્થી ભાઈઓને માટે કરું છું. આ બધા દેશોમાં વિદ્યાર્થીઓ બધાં તોફાન કરતાં મેં દેખ્યા ત્યારે મારું હૈયું હાથ ના રહ્યું. અલ્યા કોઈ ધર્માચાર્યો ના હાલ્યા મારા બેટા, નેતાઓ ના જાગ્યા. કોઈ યુનિવર્સિટીવાળાયે જાગ્યા નહિ. પ્રોફેસરોય જાગ્યા નહિ. વિદ્યાર્થીઓના નેતા જાગ્યા નહિ. મેં કહ્યું આપણે એમને Positive આપી દો. રચનાત્મક જેવાં પગલાં આપી દો. તે કાળમાં મારી કાંઈ પ્રખ્યાતિ નહિ. આજેય નથી, પણ રખડી રખડીને ફરી ફરીને ચાર લાખ રૂપિયા એકઠા કર્યા અને આ વલ્લભ યુનિવર્સિટી (સરદાર

પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર)ને સોંપ્યા. બધા જ આખા ગુજરાતના વિદ્યાર્થીઓને માટે બહુ ઓછી રકમ.

## પૈસાદારોને પૈસાની લોલુપતા છોડાવવા લૂંટવાની જરૂર

ત્યારે આવા કાળને જોઈને આવાં અનોખાં કામ કરવાં જોઈએ. આ જ અનોખાં છે એમ મારું કહેવું મારી નજરમાં તો ઘણાં બધાં આવે છે, પણ મારી પાસે પૈસા નથી. અને **હું તો એમ પણ કહું છું કે કોઈ મને ટોળકી મળતી નથી. નહિ તો સાહેબ લૂંટવાનો ધંધો. મારે આ કરવું. કરી શકું. અને તેમાં જો મરી જવાનું આવે તો મસ્તીથી મરી જવું, કારણ કે તે વિના આ પૈસાદારો પૈસા છોડે એમ નથી. બહુ લોલુપતા લાગેલી છે.**

## સુરતના લોકો *મોટાને* મદદ નથી કરતા

અલ્યા દાક્તર★ કાંઈક આ કરો અમારા આશ્રમને. મરી ગયા. ભીખુકાકો માંદો★★ પડ્યો છે. મારાથી જવાતું નથી. હા, હા. **મોટા** ખરેખર મારા માટે લાગણી ઘણી કરી, પણ મારા બેટા સુરતના લોકો મને મદદ ના કરે. અલ્યા, એમને માટે મારે બાળ સ્નાનાગાર કરવો છે. આ swimming pool સુંદર સ્નાનાગાર કર્યો પણ પૈસા રામ તારી માયા. મેં સવા લાખ આપ્યા. એમાં પચાસ હજાર તો એક ભાઈએ આપેલા. પોણો લાખ આમાં આશ્રમે આપ્યા પણ પોણો લાખ સુરત આશ્રમે આપેલા નથી, પરંતુ આ બરોબર નહિ ભઈ.

## પરદેશમાં જેવાં ફાઉન્ડેશનો છે તેવાં અહીં સ્થાપો

મારી તમને પ્રાર્થના છે કે ભાઈ તમે, હવે હું બંધ કરું છું. દશ જ મિનિટ રહી છે. પછી આ જે મારે પ્રાર્થના છે. બીજી એક વાત કરવાની છે. કે આ સાલ પણ મોટાં કામો લીધાં છે. અત્યાર સુધી ચાર લાખનાં તો થયાં છે. અને બીજું એક કામ મારે કરવું છે, તેની વાત કહી દઉં.

---

★ સ્વ. શ્રી નાનાભાઈ ડાહ્યાભાઈ દાક્તર (સુરતના એક સ્વજન)

★★ સ્વ. શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ (તે વખતના મૅનેજિંગ ટ્રસ્ટી, સુરત આશ્રમના)

આ પરદેશોમાં જુઓ તો એટલા કરોડોનાં ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન ને ફલાણાં ફાઉન્ડેશન ને. એક એક દેશમાં આટલાં બધાં. અને તેની મદદ આપણા દેશમાં પણ આવે, પણ આપણા દેશના લોકોને કોઈને સૂઝતું નથી. પૈસાદાર આપણે ત્યાં નથી એમ નથી. અમેય ટ્રસ્ટો કર્યાં છે, પણ એ તો કુટુંબના ભઈ હોં. એ તો ઈન્કમટૅક્સ બચાવાને માટેના. પછી એમાંથી કંઈ કૉલેજો કાઢે ને ફલાણું કાઢે તે ઠીક છે. સારી વાત છે.

## વૈજ્ઞાનિક સંશોધનો માટે રકમો ફાળવવી જોઈએ

પણ આ કાળ વિજ્ઞાનનો છે સાહેબ. હું તમને સાચી વાત કહું છું. અલ્યા **મોટા** આ તમે ભગવાનનામાં વિજ્ઞાન! અલ્યા પણ જરૂર એ ભગવાન છે. હું આજે તમને સાચી વાત કહું છું કે આ કુદરત પોતાની બક્ષિસ આપવામાં આજે મોકળા હાથે તૈયાર છે. આમ ખુલ્લા હાથ કરેલા છે. આ કુદરત! કુદરત પોતાનું રહસ્ય ખોલવાને માટે તત્પરતાવાળી છે. તૈયારીવાળી છે. આપણી પાસે Receptiveness નથી. આપણી ભૂમિકા જાગેલી નથી. કુદરત આજે એનું રહસ્ય ખોલવાને માટે તૈયાર છે. આ વિજ્ઞાનની શોધખોળો કેટકેટલી થઈ છે ? વિચાર કરો આ વિશ્વવિગ્રહ પછી કેવી એની શોધખોળો થઈ છે ને આ કુદરતનું રહસ્ય આ વિજ્ઞાનીઓ પામતા જાય છે.

તે એકલા વિજ્ઞાનને માટે નહિ પણ આ ભગવાન તો કહે છે કે ભાઈ હું ખુલ્લો થવાને તમારી પાસે આવવાને તૈયાર છું. તમે મને બાથમાં લઈ લો, પણ ક્યાં આપણે હાથ કંઈ પહોળા કર્યા છે ? આપણે તો ધનદોલત, માલમિલકત, પ્રતિષ્ઠા, આબરૂ, કુટુંબ-પરિવાર, જમીનજાગીર, ઘરબાર એમાં જ. એને બાથ ભીડે છે.

પછી કેવી રીતે થાય ભઈ ? કુદરત શું કરે ? કુદરતનો આજે એવો કાળ—કુદરત ખુલ્લી થઈ છે. હું ગપ્પાં નથી મારતો. સાચી વાત. હકીકતની કહું છું કે આ વિજ્ઞાનનાં રહસ્યો ખુલ્લાં થાય છે. એ કાળ છે **એટલે આપણા દેશમાં પણ આ વિજ્ઞાન ખૂલે. એનાં સંશોધનો થાય.**

**એને માટે તો મારે વીસ-પચીસ પચાસ લાખ રૂપિયા સુધી મળે તોય કરું, પણ મને મળે ક્યાંથી ? એટલા માટે હું આ ટોળકીની વાત કરું છું, પણ ટોળકીવાળાય કૈં તૈયાર થાય છે ?**

ઘણા એવા મુદ્દા મને લાગે છે કરવા જેવા પણ મારા ભગવાનને પગે લાગીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું, ''પ્રભુ, આ તારું સાધન તેં બનાવ્યું ખરું મને, પણ હું કમજોર છું. માફ કરજે મને. (એકદમ ગળગળા સાદે) કે હું તારું બધું ચલાવીને કરી શકતો નથી, માણસ છું.''

(હવે જરા ટટ્ટાર અવાજે) એટલે જેટલું થાય છે એટલું લઉં છું. એ આ વિજ્ઞાનનું સંશોધન થાય એટલા માટે આઠ લાખ રૂપિયા મારે. **વિક્રમભાઈ સારાભાઈને મેં કાગળ પણ લખ્યો છે. આ નંદુભાઈ જાણે છે ને ઈંદુભાઈ શૅરદલાલ (કૈં છે મારી હાહુનો એવો એ આવ્યો છે ભાઈ ?)**

**શ્રીનંદુભાઈ : આવ્યો છે.**

**શ્રીમોટા : અલ્યા હાથ ઊંચો કર. સારું. ભાઈ, એની (શ્રી ઈંદુભાઈ શૅરદલાલની) મારફતે. મેં ટપાલમાં નહિ મોકલ્યો, કારણ કે આ વાત મારે તમને બધાંને કહેવી હતી. કે મોટા તો ગપ્પાં ઠોકે, પણ હું ગપ્પાં ઠોકું એવો માણસ. ઘણાંને એવું લાગેલું છે એટલે આ વાત ખુલ્લી કરું છું.**

પણ વિજ્ઞાનનાં આવાં રહસ્યો ખોળાય તે એક બાબતમાં નહિ. Physics, Chemistry, Biology, Botany, Mathematics ......... એવા બધા દસબાર વિષયો લીધા છે. એમાં મૌલિક સંશોધનો થાય. **આવા લોકોને આપણે પોરો ચઢાવવો જોઈએ. તે પોરો ચઢાવાને માટે લાખ લાખ રૂપિયા આપીએ. તો તો સારું, પણ મારી પાસે સાધન નથી. એટલું આઠદસ લાખનું,** પણ કરીશ ખરો એ. પણ બધા પૈસા તો જોઈએને ભાઈ ? એ પૈસાને માટે તમારી પાસે એના માટે જ કરું છું કે એ બહાને મને થોડા ઘણા પૈસા મળે.

## *મોટા* તો લગને લગને કુંવારા— બીજા પાસે પરમાર્થ કરાવવા માટે

ત્યારે પેલો અમારો દાક્તર★ હસે છે મૂછમાં ભઈ. કે **મોટા** તમે તો લગને લગને કુંવારા. અલ્યા પણ લગને લગને કુંવારા રહીએ નહિ તો લગન શી રીતે કરીએ ? કુંવારા વિના લગન થાય ભઈ ? આ વર્ષમાં ત્રણવાર થાય છે. પછી તો કોઈ આવશે નહિ. હવે તો બે છે આ. રામનવમી છે ને ભાદરવા વદ ચોથનું તો કોઈએ આમંત્રણ આપ્યું નથી હજુ. માટે તમે ગભરાશો નહિ ભાઈ. વધારે છે નહિ ને કોઈ બોલાવશે તો અમે જઈએ છીએ. માટે ભલેને લગને લગને કુંવારા. એ બહાને તો પરમાર્થ......

આ દેશને માટે મને ગૌરવ છે. તો આ દેશને સ્વાતંત્ર્ય મળ્યું પણ દેશને માટે આપણામાં ભક્તિ જાગી નથી. દેશને માટે આપણે કંઈ કરી છૂટવું જોઈએ એવી ભક્તિ જાગી નથી. બધાં સ્વાર્થમાં રચ્યાંપચ્યાં રહેલાં છે. માર્યા જઈશું. કાળ વિપરીત છે સાહેબ. એ આપણે ઉઘાડી આંખે બતાવે છે. આ દેશમાં પણ. હિંદુસ્તાન દેશમાં કે આ ખાનાખરાબી થઈ છે, છતે દિવસે.

## બંગાળમાં બને છે તે ગુજરાતમાં પણ આવશે જ

કોણે કાલે મને વાત કરી કલકત્તાથી આવેલા કોકે. મને યાદ નથી આવતું. અમારી જોડે રહેનારાએ આટલા રૂપિયા આપો. તે એટલા બધા મારાથી નહિ અપાય. તે બીજે દિવસે એના ઘરમાંથી બૈરાં ગયાં તેને મારી નાખ્યાં. છરો ઘોંચીને. બધાની આવી સ્થિતિ છે સાહેબ. તે એમ ના જાણશો કે આ કલકત્તા એકલામાં બને છે. ગુજરાતમાં સારું છે. ગુજરાતની સરકાર આપણો સમાજ. સરકાર એટલે આપણે જ. આપણા સમાજની વ્યવસ્થા સમજુ. લોકો ડાહ્યા. ગુજરાતના લોકો શાણા એમ કહેવાય છે. એને લીધે આપણને કૈં લાગતું નથી, પણ એમ ના જાણશો કે એ પ્રવાહ નહિ આવે. એને અટકાવવો હોય ભાઈ.

## વચ્ચેથી એક ભક્ત સ્વજનને

ઓ હો.... રૂસી સાહેબ (એક પારસી ભક્ત સ્વ. શ્રી રૂસી અડાજણિયા જેઓ તે વખતે R.T.O. હતા તેમને) પધારો છો ? ખુરશેદ કૈં છે ?

## દાન વહેવારની રીતે ના કરો

ત્યારે એમ ના સમજશો કે અહીં નહિ આવે. એને અટકાવવો હોય તો એક જ માર્ગ છે. વધારેમાં વધારે પરમાર્થ કરો. મને ભલે ના આપો, પણ એવી રીતે પૈસા ખરચો. **આજે વહેવારની રીતે તમે દાન નહિ કરો. એ ખોટી વાત છે. એનાથી બિલકુલ લાભ નહિ થાય. એ જેવું તમારું સંસારનું કુટુંબનું કામ કરો છો એ જ પ્રમાણે એ કર્મ છે. વહેવારની રીતે દાન આપો છો એ દાન પણ નથી. આ સમાજ બેઠો થાય. એવું કોઈ મૌલિક કામ હોય એને પૈસા આપો. અને સ્વાર્થ તો ઓછો કરો.** કમાવ તમે. કે મહિને દસ હજાર રૂપિયા કમાઈએ છીએ. કે એમાંના પાંચછ હજાર રૂપિયા-સાત હજાર રૂપિયા તો કુટુંબને ખર્ચ જોઈએ જ **મોટા.** હું કહું છું કે ઓછું કરો ભઈ, પણ આ પરમાર્થ કરો, કરો ને કરો.

## ધર્મનાં લક્ષણ—ત્યાગ અને પરમાર્થ

કેટલાંકના દિલ સાંકડાં થાય છે. અમારી પરિસ્થિતિ એવી. મેં કહ્યું માળા હાળા ખાવ છો શું કરવા ? આ ખાવામાં તો કંઈ કમીના નથી આવતી. અને આ ચૂરમા ને ઘી ને કંસાર ને ફલાણા ને ફલાણા ઠોક્યા કરો છો તે! આ પરમાર્થમાં જીવ ક્યાં તમે ટૂંકો કરો છો પણ જે સ્વાર્થવાળાં, બહુ સ્વાર્થવાળાં આપણે છીએ. અને ધર્મનું તો ખોટું નામ લઈએ છીએ. **ધર્મ તો ત્યાગ અને પરમાર્થ બે મોખરે હોય. સ્વાર્થ નહિ. સ્વાર્થ મોખરે નહિ સાહેબ. ત્યાગ અને પરમાર્થ બે મોખરે હોય ત્યારે સમજી લેજો કે આપણે ધર્મ પાળીએ છીએ.**

હું તો આજે આધ્યાત્મિક માર્ગે જનારાને પણ એવું કરતા જોતો નથી. જણાય તો ક્રોધ આવે છે. જણાય છે નહિ ભાઈ તમને ? દયા થાય છે તે. રાવજીકાકા (સ્વ. રાવજીભાઈ આશાભાઈ પટેલ, ડભાણ તા. નડિયાદ, જિ. ખેડાના, તે વખતના હરિઃૐ આશ્રમ, નડિયાદના

પ્રમુખશ્રી) જણાય છે કે નહિ ? હેં ? ત્યારે માળો હાળો આ એક જ એવો છે કે જણાય નહિ ? અને પછી આધ્યાત્મિક માર્ગની વાત કરીએ તે નહિ મનાય સાહેબ. હું તો નહિ માનું.

## *મોટાની* રચનાની સાહિત્યકારો દ્વારા અવગણના

એટલા માટે મેં આ 'જિજ્ઞાસા' ચોપડી લખી છે. તે એક Standard હજુ માપ તો આપવું સમાજને. **ભાગ્યે કોઈ વાંચશે નહિ એને. આ સાહિત્યકારો તો જોશેય નહિ. આ પ્રોફેસરો–ફોફેસરો કોઈ એને નહિ જુએ. પણ મારે એની ક્યાં પડી છે ? મારે તો આ શરીર પડે તે પહેલાં એવું મૂકી જવું કે પછીના લોકો જાણે કે આ છોકરો કંઈ જાણતો હતો ખરો. આપણે એને ઓળખ્યાં નહિ. આ શરીર જશે ત્યારે ઘણા કહેનારા એવું નીકળશે.** આ 'જીવનગીતા' પણ મારા ગુરુમહારાજે એટલા માટે જ મને લખાવી. આ ગપોડું નથી સાહેબ. હું કાંઈ કવિ નથી. અને મઠારવાની વાત તો જાણતો જ નથી. આ 'જિજ્ઞાસા' લખી તે પણ એમ જ. આ સામે બેઠા છે. ગુજરાતીના ભાઈ પ્રોફેસર સાહેબ. ડૉ. રમેશભાઈ ભટ્ટ સામે જ ટોપા પહેરીને બેઠા છે. એમને પૂછો કે પાછળ લખું. એક અને પછી અહીં આવે, પણ આ ગઝલનું તો એમ પણ નહિ. સીધી સડસડાટ બે કલાક. સામાન્ય તો બે કલાકમાં હું વીસ ગઝલો લખી નાખતો. બે કલાકમાં. એક વખત સવા બે-અઢી કલાક ને ત્રણ કલાક તો ભાગ્યે જ.

ત્યારે પણ મેં આ સાહિત્ય સર્જન કર્યું છે, એ મારો દાવો નથી પણ મારા દિલની વાત મેં લખી છે. એનોય દાવા તરીકે નથી કહેતો, પણ લોક જાણે કે આમ છે.

## સંબંધમાં આવનારાંઓની મરજી મોટા સાચવે છે

અમારા જૂના Tradition પ્રમાણે અમારા સાધુ-સંતોના એ Tradition આજે ચાલ્યો ગયો છે. આજે એને કોઈ એ પ્રમાણે વર્તી શકે એવા છે નહિ. જે પ્રમાણે હું ચાલ્યો છું, એ પ્રમાણે મેં કોઈને કહ્યું નથી

સાહેબ. મેં કોઈને કોઈ દિવસ હુકમ કર્યો નથી. હું તો ઊલટો બીજાની મરજી પ્રમાણે એ લોકો હું કોઈની પાસે સંબંધ બાંધવા ગયો નથી. કોઈને ઘરે ચોખા મૂકવા. પણ જે સંબંધ થયો એની મરજી પ્રમાણે ચાલું. એને રાજી રાખવાને મથું છું હું. તોય કોઈક વખતે કૈં કહી દઉં છું તો મગજ હવે આ લોકોનું છટકી જાય છે, પણ એ તો ભગવાનની કૃપા છે.

## *મોટાની* વ્યાવહારિકતા —
## સૂતરની આંટીનો ઉપયોગ હાર તરીકે

હવે તમને બધાંને સમય પૂરો થયો અને ભગવાને ગુરુમહારાજે આજે મને બોલવા દીધો એટલો તે એનો પરમ ઉપકાર. મારે મન તો એ પ્રત્યક્ષ છે. મારો ગુરુ હજાર હાથવાળો છે. તે ભલે કોઈ કહે કે **મોટા** તો લગ્ને લગ્ને કુંવારા, પણ સાહેબ અમારે તો એવા જ રહેવું છે. જેથી આ સારાં કામ થાય. તો આની અંદર આ કથરોટ મૂકી છે. ફૂલવાળી. એની અંદર બધાં વારાફરતી પહેલાં બહેનો આવે અને બધા ભાઈઓ બેસજો. ઊભા થઈ ના જશો. જરા આ સ્વરાજ આવ્યું છે તે શિસ્ત પાળતાં શીખો. અને આટલું તો કહ્યું માનો કે બધાં **મોટા**એ કહ્યું છે કે આપણે બધાં બેસી રહીએ. બહેનો પણ એક પછી એક આવીને આમાં મૂકે. અને હાર પહેરાવાનો તો આપણો રિવાજ છે. બાપદાદાનો. તે હાર તો મારે જોઈએ સાહેબ. પણ ફૂલના હાર નહિ. આંટીના. કે મારે ખપમાં લાગે સાહેબ. હું તો ફૂલના હાર ના કહી દઉં. જ્યારથી આ બહુરૂપીનો વેશ લીધો ત્યારથી હું કહું છું, કે ભઈ ફૂલના હાર ના લાવશો બાપા. એને તો પાછા નદીમાં પધરાવવા પડે. તળાવમાં જઈએ. ગમે તેમ. 'ન ચરણેય અવતાર માની.' (એક સંસ્કૃત શ્લોક).

જે સંસ્કૃત જાણતા હશે તે આનું રહસ્ય. એ એટલા સુંદર કળાના અને સૌંદર્યના પ્રતીક એવાં કુમળાંમાં કુમળાં ફૂલને પગ તળે ચગદાવાય નહિ. ત્યારે મારે ફૂલના હાર નહિ જોઈએ. સૂતરના હાર ત્યાં મળે છે. તે બધા લાવ્યા હોય તે મને પહેરાવવાને મથશો નહિ. આજે મારું

શરીર ઠીક નથી. મને એમ ને એમ સ્થિર કૃપા કરીને પડી રહેવા દેજો અને **આ થાળીમાં બધાં આંટી મૂકજો. ખુલ્લી પણ કરશો નહિ. પાછી નહિ તો અમારે વાળવી પડે. અને પૈસા જરા દિલ ખોલીને મૂકજો. આ સાલ બહુ સારું કામ કર્યું છે.**

## પરદેશની મદદ સ્વીકારવી શરમ ભરેલી વાત છે

આ મારે ફાઉન્ડેશન જેમ ફોર્ડ ફાઉન્ડેશન એ તો કરોડો રૂપિયાના. એવા આ તો ભઈ એકના નામ દીધા પણ ઘણાં છે બધાં અને સ્વીઝર્લૅન્ડમાં પણ ઘણાં છે. અરે સાહેબ, તમે જુઓ અહીંયાં આપણા દેશમાં એ મદદ કરે છે. અમારા જુગતરામકાકાને આ વેડછી (તા. વાલોડ, જિ. સુરત) બાજુ પણ સ્વીઝર્લૅન્ડની મદદ મળી છે. આ અમારે કાંટાવાળા★ સાહેબ આપણે કયે ગામ પેલા જોવા ગયા હતા ? સમોડા. સમોડામાં પણ એને. કેટલે ઠેકાણે એને મળી છે! મને તો શરમ આવે છે સાહેબ. સાચું કહું છું. મને આ તો તમને બધાંને **લાગું પણ કાળો સાલ્લો પહેરું હું સાહેબ. એટલી બધી મને શરમ લાગે છે કે પરદેશો— પરદેશના લોકો આવીને મદદ કરે. આપણે ત્યાં બધું ઘણું હોવા છતાં. એ આપણે માટે શરમની હકીકત છે. ગૌરવની હકીકત નથી કહેતો હું. આપણે ત્યાં બધું ભરપૂર પડ્યું હોય અને આપણે બીજાની મદદ લઈએ. એ બિલકુલ છાજે નહિ. આપણી સંસ્કૃતિને પણ છાજતું નથી સાહેબ, પણ એવું મારે ફાઉન્ડેશન કરવું છે. વીસપચીસ લાખ જોઈએ, પણ ત્યાં સુધી તો આ શરીર જીવે કે ના જીવે,** પણ આ જે સંકલ્પ થયો તેને પૂરો કરવો. કોઈ કોઈ એકાદ વ્યક્તિ કરોડોમાંથી એક કહું તો ચાલે બિંદુ— સમુદ્રનું બિંદુ એવી મને મદદ કરે છે ખરા સાહેબ. દિલથી મદદ કરે છે. એવા મને ભગવાને ભેટવી આપ્યા છે. એટલો બધો મને ત્યારે આનંદ થાય છે કે ભગવાન માથે. એનો હાથ છે કે પૂરું થશે. એ વિશ્વાસે હું કામ કરી રહ્યો છું, પણ તમારાં દિલ ટૂંકાં ના કરશો. મારે મોટા એવા માણસો નથી સાહેબ. બાકી હું જોઉં છું કે એવા સાધુઓ સંન્યાસીઓ જેને કામ સોંપે તે પૂરેપૂરું પાર ઉતારે છે, પણ હું તો સાધુ-સંન્યાસી. હું

તો તમારા બધાનો એક છું. તમારા કુટુંબનું તો છોકરું છું, પણ આ કામમાં તમે દિલ આપજો. હવે વધારે વખત તમને મહેનત નહિ કરાવું. આ જીવ બહુ લાંબો વખત જીવે એમ લાગતું નથી. તો આ છેલ્લા વખતમાં મને લહાવો લેવા દો. તમારી બધાંની મદદનો. તે દિલ મૂકીને આમાં મૂકજો. અને હાર પહેરાવવા આવશો નહિ. આમાં મૂકજો. **અને હું છોકરું છું નાનું સાહેબ તે કોઈક વખત બોલી જઉં તો મને માફ કરજો.**

## પૈસા મેળવવા તપ કરવું પડે

અને ફરીથી કહું કે જે ભાઈઓ પરગામથી આવ્યા એમને તકલીફ પડેલી છે. હું જાણું છું. હું ગાદલામાં સૂઈ રહેલો. ઓરડીમાં સૂઈ રહેલો પણ આખી રાત કેવી રીતે વીતાવી છે. મેં કોઈને સૂવા નહિ દીધા. જાવ ભાઈ અહીં કોઈ નહિ. અહીં નહિ. બધાંને કાઢી મૂક્યા. તે એટલા બધા ચક્કર આવે. અલા ઓ રામ. આ ચક્કર આવે છે. દાક્તરને બોલાય ભઈ. કૈં જરૂર પડી તો. કાંતાબહેનને ના પાડી. દાક્તર હતી તોપણ. મેં કહ્યું ના. તારું અહીં કોઈ નહિ. અહીં મારે જોઈએ જ નહિ. પણ એટલા બધા ચક્કર આવવા લાગ્યા કે હું પથારીમાં સૂતો હતો પણ સહન ના થાય. અરે ભગવાન! જરા સૂવા દઈશ ? તો કહે ના. અમથા કૈં પૈસા એમ ને એમ મળે છે ? તપ કરવું પડે. અમારો રાવજીકાકો આખો દહાડો ખેતરમાં જ પડી રહે છે. ત્યારે તપ કર્યા વિના અલ્યા તને તું જાણે કે મહેરબાનીથી બધા પૈસા મળી જાય. આજે પૈસા મળવાના મને. તે ભગવાને મને તપ કરાવ્યું બાપા.

## શરીરમાં ચક્કરનું કારણ

પછી કાંતાબહેનને બોલાવ્યાં. તેય કહે કે **મોટા** અડધા કલાકમાં. અલ્યા પણ તું દાક્તર તે તને પાંચ સાત નિદાન કરતાં આવડે કે નહિ ? મને તું કારણો કહે તો મને સમજણ પડે કે આ કારણ છે. ત્યારે મેં કહ્યું ત્યારે એમણે કહ્યું અલ્યા પણ તું દાક્તર તે પહેલાં કહે તો ખરી તું. આ શું બધું ? તો કે આટલાં આટલાં કારણો હોય તો આ ચક્કર આવે. પછી એણે મને કહ્યું કે પેટ અપસેટ થાય તો **મોટા** ચક્કર આવે. મેં કહ્યું એ વાત સાચી.

## શ્રેયસ હાઈસ્કૂલના ખાતમુહૂર્ત માટે દોડાદોડ

સવારના છ વાગ્યાનો ઊપડેલો. હું બહુ લોભી માણસ ભઈ હોં. મને મહાત્મા-બાત્મા ગણશો નહિ ભઈ. ફરીથી પ્રાર્થના હું બહુ લોભી માણસ. વડોદરામાં અમારી શ્રેયસ હાઈસ્કૂલનું ખાતમુહૂર્ત મારે કરવાનું હતું. મેં કહ્યું બે પૈસા તો મળશે. અલા, હેંડો હેંડો. છ વાગ્યાનો ઊપડ્યો હતો તે સાડાબારે એકે અહીંયાં આવ્યો. એક વાગ્યા પછી આપણે આવ્યા ભઈ ?

તે ત્યાંય વાર થઈ. ત્યાંય ભાષણો તો પાછાં ઠોકવાં પડ્યાં. આ કાળ બધો બગડી ગયો. ભાષણોથી લોકો કંટાળ્યા તોય લોકો ભાષણો ઠોકે.

મને એમ ને એમ તમે જો આજથી રજા આપો. હવે રામનવમીનો ઉત્સવ છે. તમે કહો તો એક અક્ષરે હું ના બોલું. અને બધાં ભેટ મૂકો. મને એવી રજા આપો તો સારું. આ કોકે કરવાની જરૂર છે. આ સાચી વાત કહું છું. એટલાં બધાં ભાષણો ઠોક્યાં જ કરે છે. એટલે બોલવું તો પડે ભાઈ. એક આવ્યા, બે આવ્યા, ત્રણ આવ્યા. ત્યાં પણ ભાષણો ઠોક્યાં.

## સમાજનાં કામ માટે સમાજ મદદ કરે તો જ પધરામણીમાં જવું

પછી મારે આ શરીરની જ્ઞાતિના સત્તાવીસ ગામના લોક એકઠાં થયેલાં. તે કહે **મોટા** તમને માનપત્ર. મારે નથી જોઈતું. માનપત્ર શું કરવું છે ? મને તો રકમ આપો તો આવું, પણ આપણી નાતને. મેં કહ્યું નાતનાને પગે લાગું કહો તો. પછી એમણે કહ્યું કે **મોટા** અમે ગરીબ માણસો પાંચસો એકાવન. મેં કહ્યું ચાલો. સારું. ત્યાં ગયા. ત્યાં બધું ભાષણો ને બધું ધમાધમ ચાલ્યું. તે ત્યાં પણ મને લોકોએ આપ્યા. ગરીબ માણસો પણ થાળમાં બે રૂપિયા, એક રૂપિયા આ તે બધું આપ્યું, કારણ કે એ નિયમ મુજબ કોઈને ત્યાં પણ જવું નહિ. પહેલાં નટવર કનૈયા (સ્વ. શેઠશ્રી નટવરભાઈ ચિનાઈ, મુંબઈ)ને ત્યાં જતો એમ ને એમ, પણ હવે જઈશ એમનેય નહિ છોડું. મારી હાહુનાને ત્યાં પૈસા લઈશ હવે હું, કારણ કનૈયો થયો છે હજાર લોકનો તો ગમે ત્યાંથી અપાય પણ એ નહિ અપાવે, પણ જેવી ભગવાનની મરજી.

આપણે એનો આગ્રહ નથી, પણ જેને ત્યાં જવું એને ત્યાંથી પૈસા લેવા એ પહેલી વાત. નહિ તો અમે અમારા આશ્રમમાં નિરાંતે પડ્યા છીએ.

## અનિયમિતતાનું કારણ : પારકાં સાધનોનો આધાર

તે પછી ત્યાંથી આવ્યો તે બહુ મોડો આવ્યો હતો ભઈ. ખાધેલું કરેલું નહિ. એટલે મારું પેટ upset થઈ ગયેલું. મારે કાયદેસર ચાલવાનું. કે **મોટા** તમે કાળના ગુલામ છો. એમ કેટલાક મને કહે છે. કે મારી હાહુના તમે સમજણ કર્યા વગર બોલો. આ સૂર્ય, ચંદ્ર જુઓ. એક પળવાર ફરક ? ભરતી ઓટ જુઓ સાહેબ જેને ઘડિયાળ જોવું હોય તે જોઈ લે. એક પળવાર ફરક થાય છે ? આપણે તો યદ્વાતદ્વા ગમે તેમ વર્તવું છે તે નહિ ચાલે. અમે તો મહાત્મા ગાંધીની પાસે ઊછરેલા, તે શીખેલા આ વાત. ઠક્કરબાપા જરાક મોડા ન પડે. મારે તો પારકાંનાં સાધનમાં જવાનું તે કોકવાર મોડું થઈ જાય. એમની મરજી પડે ત્યારે સાધન મળે. એટલે હું સમય સાચવી નથી શકતો, કારણ કે એમાં હું સ્વતંત્ર નથી. આજે પણ ન સાચવી શક્યો તે તમારા બધાંની માફી માગું છું.

## *મોટાની* હાર્દિક અપીલ

પણ આ કાળ એવો છે ભાઈ. ફરીથી કહું છું. કે આ કાળમાં અંધાધૂંધીને અટકાવવી હોય. આ બંગાળમાં, કેરાળામાં દક્ષિણમાં જે બની રહેલું છે, તે અટકાવવું હોય તો વધારે પરમાર્થ કરો. હરિૐ તત્ સત્.

• • •

બધા બેસી જાવ ભાઈ. પગે લાગું છું તમને બધાંને. મારા ભગવાન! તમે જરા બેસી જાવ. હવે એક વિધિ થાય છે. ચંદ્રકની વિધિ. એક એવા છે. જેને હરિઃૐ આશ્રમ સોનાનો ચંદ્રક પહેરાવે છે. એ વિધિ કરી લેવાની છે.

બપોરે મારે વહેલા જવાનું છે. એટલે આ વિધિ પતાવવાની છે. બધા ભાઈઓ કૃપા કરીને બેસી જાવ તો સારું. બધા બેસી જાવ ભાઈ.

• • •

॥ હરિઃૐ ॥

## જીવનમાં ગુણભાવ પ્રગટાવવાની પ્રાર્થના

### (અનુષ્ટુપ)

'આંતરજાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને',
એવા જીવનહેતુનું, જાગજો ભાન જો હૃદે.

આડુંઅવળું જોવાતાં, આડફંટે જવાતાં મન,
તને છે પ્રાર્થના મારીઃ 'રોકાજો તુજ તે પદ'.

કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત, જગાજો ત્યાં સફાળું તે,
પ્રસન્નચિત્ત રે'વાને મથાજો અમથી હૃદે.

ટંટો, ક્લેશ, અશાંતિથી આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર—એવી છે પ્રાર્થના તને.

કોઈને કાંઈ અન્યાય, થજો જીવનમાં નહીં,
સહેવાજો જ અન્યાય, કરેલો કોઈનો ચહી.

સદ્‌ભાવ હો બધાં પ્રત્યે અસૂયા, દ્વેષ, વેર તે,
જીવને મુજને ના હો, પ્રાર્થના એવી છે તને.

આગ્રહો ને મડાગાંઠો, ટેવ, સમજણો બધું,
થવા નિર્મૂળ મારાથી મથાવા પ્રેરજો પ્રભુ!

ખબરદારી, ખુમારી ને ખમીર ગુણ જીવને,
જીવતાં પ્રગટેલાં હો, એવી છે પ્રાર્થના તને.

ધૈર્ય, સાહસ ને હામ જીવનવહેવારમાં,
જીવતાં ટકજો નિત્યે, તને છે મુજ પ્રાર્થના.

ઊંડી એકાગ્રતા હૈયે, ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે, થયા સૌ કરજો ચહી.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા ફળ્યાની કેડી ૨૦01
૭. મોટા - મારી મા ૨૦03

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |


●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट


| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**


| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |


●

॥ હરિઃૐ ॥

ગુણ અને ભાવ સિવાય ભગવાનને માર્ગે કોઈ જઈ શકશે નહિ. અને ધારો કે કોઈ જશે તો એમાં કશું ચેતન, પ્રાણ કશા પ્રગટી શકવાના નથી. ગુણ અને ભાવ અનિવાર્ય છે. ભગવાનને માર્ગે જવાને માટે અભય, નમ્રતા, ધીરજ, સહિષ્ણુતા, તટસ્થતા, ઉદારતા, વિશાળતા, ત્યાગ, સાહસ, હિંમત આ બધા ગુણોની અનિવાર્યતા છે.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૧૧-૧૨', ત્રીજી આ., પૃ. ૪૨*

કિંમત : રૂ. ૧૦/-